ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંક લિ., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા–૩૮૯ ૦૦૧.

ધિરાણ નીતિ

વર્ષ : ૨૦૨૬-૨૭



શ્રી જેઠાભાઈ ઘેલાભાઈ આહિર
ચેરમેનશ્રી
ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો.ઓ.બેંક લી.
ગોધરા

શ્રી પ્રવિણસિંહ ઉદેસિંહ બારીયા
વાઈસ ચેરમેનશ્રી
ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો.ઓ.બેંક લી.
ગોધરા

શ્રી રસેષ પી. શાહ
ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર
ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો.ઓ.બેંક લી.
ગોધરા

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંક લિ., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા–૩૮૯ ૦૦૧.

કિસાન ક્રેડિટ કાર્ડ, ક્રોપ લોન અને
એનીમલ હસબન્ડરી, કેસીસી ધિરાણ

સોના ચાંદીના દાગીના
સામે ધિરાણ

પગારદાર કર્મચારીઓને
ધિરાણ

ખેતી વિષયક ધિરાણ

નાના છુટક વેપારી અને કારીગર વર્ગ
માટે માઈક્રો ફાઈનાન્સ લોન

ટુ વ્હીલર અને
ફોર વ્હીલર લોન

સહકારી બેંકો, ક્રેડિટ સોસાયટીઓ
તથા મંડળીઓ અને વેપારીઓ માટે ધિરાણ

હાઉસિંગ ધિરાણ

ધિરાણ નીતિ
વર્ષ : ૨૦૨૬-૨૭

વેપારીઓ માટે મિલકત મોર્ગેજ
તથા કેશ ક્રેડિટ ધિરાણ

શ્રી જેઠાભાઈ ઘેલાભાઈ આહિર
ચેરમેનશ્રી
ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો.ઓ.બેંક લી.
ગોધરા

શ્રી પ્રવિણસિંહ ઉદેસિંહ બારીયા
વાઈસ ચેરમેનશ્રી
ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો.ઓ.બેંક લી.
ગોધરા

શ્રી રસેષ પી. શાહ
ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર
ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો.ઓ.બેંક લી.
ગોધરા

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા-૩૮૯ ૦૦૧.

મંડળીઓના કમિટિ સભ્યશ્રી, સેક્રેટરીશ્રી અને સભાસદોએ ધ્યાનમાં રાખવાની અગત્યની બાબતો

૧. મંડળીના કમિટિ સભ્યો મુદતવીતી બાકીદાર થવા જોઈએ નહી.

૨. મંડળીઓના કમિટિ સભ્યોએ મંડળીમાંથી પાક ધિરાણ મેળવતાં તમામ સભાસદો દર વર્ષે લીધેલ પાક ધિરાણ મુદત દરમ્યાન ચુકતે કરે અને કેન્દ્ર સરકારશ્રીની ૩% અને રાજ્ય સરકારશ્રીની ૪% વ્યાજ રાહતનો લાભ લે તેમજ એકસીડન્ટ થવાનાં સંજોગોમાં બેંક તરફથી પ્રિમીયમ ભરી રૂા.૧/- લાખનો અકસ્માતનો વિમો ઉતરાવવામાં આવે છે તેનો લાભ મેળવે તે માટે સમજુતી કરવી.

૩. મંડળીઓના હાલના મુદતવીતી બાકીદારો પોતાના કર્જ ખાતા ચુકતે કરી નવુ ધિરાણ ૭%નાં દરે અને ઉપર પ્રમાણે વ્યાજ રાહત મેળવી ફક્ત ૦% વ્યાજે ધિરાણ મેળવે તે માટે તેઓને સમજુત કરી મુદતવીતી વસુલાત કરાવવી.

૪. સભાસદોએ મંડળી અને બેંક સાથે નિયમિત વ્યવહાર રાખી બેંક તરફથી જુદા જુદા પ્રકારનાં આપવામાં આવતા ખેતી વિષયક અને બિન ખેતી વિષયક ધિરાણો મેળવી રાહતનાં વ્યાજના દરનો તેમજ સરકારશ્રીની સબસીડીનો લાભ લેવા વિનંતી છે.

૫. બેંકમાં પ્રાથમિક મંડળીઓનાં વિકાસ માટે પીડીસી સેલની સ્થાપના કરવામાં આવી છે. મંડળીઓએ સભાસદોની જરૂરીયાતનાં ખાતર, બિયારણ, ખેતી માટેનાં સાધનો જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓની વહેંચણી ઈલેકટ્રીક બિલ કલેકશન, માઈક્રો એટીએમ, બેંકનાં બિઝનેશ કોરસ્પોન્ડન્ટ બની મંડળીની આવક વધે તેવી પ્રવૃત્તિઓ હાથ ધરવા કાર્યવાહી કરવી. આ પ્રવૃત્તિઓ હાથ ધરવા, પાત્ર મંડળીઓને બેંક તરફથી જુદા જુદા પ્રકારની કેશ ક્રેડીટ રાહતનાં વ્યાજનાં દરે પુરી પાડવામાં આવશે તેનો લાભ લેવો.

૬. મંડળીઓએ સરકારશ્રીની યોજના પ્રમાણે સબસીડીવાળા ગોડાઉનનું બાંધકામ કરેલ છે તે ગોડાઉનનું એક્રીડીટેશન કરાવી વેર હાઉસ તરીકેની માન્યતા મેળવી સભાસદ તથા બિન સભાસદોનાં ખેત પેદાશનાં માલનાં માર્કેટીંગની પ્રવૃત્તિ કરી સારા ભાવો ઉપજાવી આપવા. આ પ્રવૃત્તિ હાથ ધરવા બેંક મંડળીને જરૂરી કેશ ક્રેડીટ પુરી પાડશે.

૭. દરવર્ષે સરકારશ્રીએ નોટીફાઈડ કરેલ પાક વિમા પાત્ર પાકો માટેનાં પાક વિમા બિન ચુકે ઉતરાવવા જાગૃતિ રાખવી.

૮. સભાસદોએ પાકતી તારીખ પહેલા પાક ધિરાણ તથા મધ્યમ મુદત ધિરાણો ભરપાઈ કરી મુદતવીતી વ્યાજમાં મુકિત મેળવવી.

૯. મંડળીની વ્યવસ્થાપક કમિટિ, સેક્રેટરીએ મંડળીનાં ઓડીટ તથા બેંકનાં ઈન્સ્પેકશનમાં જણાવેલ ખામીઓની વાસ્તવિક દુરસ્તી કરવી અને સુચનોનો અમલ કરવા વિનંતી છે.

૧૦. મંડળીએ પોતાના મકાનનો, આગનો, હાથ પર રહેતી સિલક તથા સિલકનાં હેરફેરનાં, હાજર સ્ટોક માલનો, ચોરી, આગ વિગેરે જોખમો તથા કર્મચારીઓનાં ફાયડેલીટી વીમો બેંક એકાઉન્ટનો બિન ચુકે લેવા.

૧૧. મંડળીઓએ કોમન એકાઉન્ટીંગ સિસ્ટમ પ્રમાણેનાં તમામ હિસાબો, હિસાબી ચોપડા, રજીસ્ટરો નિભાવવા.

૧૨. મંડળીઓએ બેંક તરફથી, સહકારી ખાતા તથા અન્ય ઓફીસો તરફથી માંગવામાં આવતી માહિતી વિગેરે સમયસર પુરી પાડવા ધ્યાન આપવું.

૧૩. જે મંડળીઓ પાસે ગોડાઉન ન હોય તેમને જમીન સંપાદન કરી સરકારશ્રી યોજનાનો લાભ લેવા વિનંતી છે.

૧૪. મંડળીઓનાં વ્યવસ્થાપક કમિટિ સભ્યોએ ખેડુતોની આ જિલ્લા બેંકમાં તેમનાં વિસ્તારનાં બધાજ ખેડુતોનાં સેવિંગ્સ ખાતા ખોલાવી બચત કરતા થાય તેમજ સરકારશ્રીની સબસીડી યોજના વિગેરે રકમો સીધી તેમના ખાતામાં જમા થાય તેવી તેમજ પ્રધાનમંત્રી અકસ્માત વિમા યોજના તથા જીવન સુરક્ષા વિમા યોજનાનો લાભ મેળવે તે માટે વ્યાપક પ્રચાર અને પ્રસાર કરી ઘટતી કાર્યવાહી કરવી.

૧૫. મંડળીઓનાં કમિટિ સભ્યોએ તેમના વિસ્તારની દુધ મંડળીઓનાં સભાસદોનાં દૂધ વેચાણનાં નાણાં જમા થાય અને તેમાંથી સરળતાથી ઉપાડ મેળવી શકે તે માટે આ બેંક સાથે તેમના સેવિંગ્સ ખાતા ખોલાવવા ઝુંબેશ કરવી.

૧૬. મંડળીઓ પોતાનાં નિયમિત વ્યવહાર રાખનાર સભાસદો જે દૂધ મંડળીઓમાં નિયમિત રીતે દૂધ ભરતા હોય તેવા સભાસદોને દુધાળાં ઢોર માટેનાં ધિરાણો મેળવી તેમની આવકમાં વધારો કરે તે માટે સમજુત કરવા વિનંતી છે.

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા-૩૮૯ ૦૦૧.

સને ૨૦૨૬-૨૭ ના વર્ષની ધિરાણનીતિ

પંચમહાલ, દાહોદ અને મહીસાગર જીલ્લાના (લુણાવાડા, સંતરામપુર, ખાનપુર અને કડાણા તાલુકા) માટે નાબાર્ડની ગાઈડ લાઈન્સ પ્રમાણે ૨૦૨૬-૨૭ ના વર્ષ માટે પાક ધિરાણ દરો તા.૨૫.૧૧.૨૦૨૫ ની ટેકનીકલ સમિતિની ભલામણ અનુસાર નક્કી કરવામાં આવેલ પાક ધિરાણના દરોને બેંકની તા.૩૦.૧૧.૨૦૨૫ ના રોજ મળેલ બોર્ડ ઓફ ડિરેકટર્સમાં ઠરાવ નં.૨૨ થી મંજુર કરવામાં આવેલ છે.

૧. નાબાર્ડની ગાઈડ લાઈન્સ અનુસાર શાખપત્રક દર પાંચ વર્ષ માટે બનાવવાનાં હોય છે. જે મુજબ સને ૨૦૨૨-૨૩ થી ૨૦૨૬-૨૭ સુધીના કેસીસી પાક ધિરાણનાં અને પશુ કેસીસીના નવીન શાખપત્રક બનાવવામાં આવેલ છે. મંડળીઓના સભાસદો તથા બેંકના નામધારી સભાસદોની ૨૦૨૬-૨૦૨૭ ના વર્ષ માટેના બેંકની બોર્ડ ઓફ ડિરેકટર્સની મીટીંગમાં પાકવાર તથા પશુ કેસીસી માટેનાં સ્કેલ ઓફ ફાઈનાન્સના દરો નક્કી કરવામાં આવ્યા છે. જેની વિગતો નીચે મુજબ છે. તે અનુસાર મંડળીઓના સભાસદો અને બેંકના નામધારી સભાસદોની ૨૦૨૬-૨૭ ના વર્ષ માટે વ્યકિતગત શાખ મંજુર કરવામાં આવશે અને તેની કુલ એકંદર રકમ પરથી મંડળીની ભલામણ પરથી બેંક તરફથી વ્યકિતગત શાખ તેમજ મંડળીની પરમાવિધી શાખ કેસીસી ખરીફ અને કેસીસી રવિ-ઉનાળુ-કેસીસી પાક ધિરાણ મંજુર કરવામાં આવશે.

અ. નં.	પાકનું નામ	પાક ધિરાણ હેક્ટર દીઠ રકમ
૧	ડાંગર પિયત	૯૯૧૦૦
૨	ડાંગર બિનપિયત	૫૪૩૦૦
૩	મકાઈ પિયત	૭૭૭૦૦
૪	મકાઈ બિનપિયત	૭૦૬૦૦
૫	ચોમાસુ મગફળી	૫૬૧૦૦
૬	કપાસ બિનપિયત	૪૦૦૦૦
૭	હાઈબ્રીડ કપાસ પિયત	૧૨૦૮૦૦
૮	તમાકુ	૮૩૮૦૦
૯	હા.બાજરી ચોમાસુ	૩૨૮૦૦
૧૦	બાવટો (રાગી)	૧૬૨૦૦
૧૧	હા.જુવાર	૧૮૧૦૦
૧૨	અડદ	૩૫૪૦૦
૧૩	તુવેર	૪૭૧૦૦
૧૪	આદુ	૧૦૭૯૦૦
૧૫	રાયડો	૪૪૮૦૦
૧૬	શેરડી	૧૮૭૨૦૦
૧૭	કેળા	૯૯૧૦૦
૧૮	કેળા (ટીસ્યુ)	૨૦૯૩૦૦
૧૯	દિવેલા	૭૭૧૦૦
૨૦	સુર્યમુખી	૫૬૫૦૦
૨૧	સોયાબીન	૫૬૫૦૦
૨૨	હાઈ.ઈલ્ડીંગ ઘંઉ	૭૭૧૦૦
૨૩	ચણા	૪૬૩૦૦
૨૪	ઉનાળું મગફળી	૭૫૭૦૦
૨૫	હા.બાજરી ઉનાળુ	૪૪૯૦૦
૨૬	મરચાં	૪૯૪૦૦
૨૭	લસણ	૧૧૩૬૦૦
૨૮	બટાકા	૧૧૩૬૦૦
૨૯	ડુંગરી	૮૯૬૦૦
30	ધાણા	૨૮૬૦૦
૩૧	શાકભાજી	૪૦૪૦૦
૩૨	રજકા	૩૦૮૦૦
૩૩	જીરૂ	૪૪૮૦૦
૩૪	વલીયારી	૩૫૭૦૦
૩૫	હા.ટામેટા	૧૧૩૬૦૦
૩૬	હા.મરચાં	૧૧૩૬૦૦
૩૭	મગ	૩૫૪૦૦
૩૮	તલ	૧૯૪૦૦
૩૯	ગવાર	૧૯૪૦૦
૪૦	મકાઈ રવિ (દેશી)	૫૯૦૦૦
૪૧	મકાઈ રવિ (હાઈ)	૭૦૬૦૦

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા-૩૮૯ ૦૦૧.

સને ૨૦૨૬-૨૦૨૭ ના પશુપાલન તથા મત્સ્યપાલનના વ્યવસાય માટે વર્કીંગ કેપીટલના દર

અ. નં.	પ્રવૃત્તિની વિગત	એક યુનીટની વિગત	૨૦૨૬-૨૭ ના વર્ષ માટે નક્કી કરેલ ધિરાણના દર (યુનિટ દીઠ)
૧	પશુપાલન માટે	તમામ પ્રકારના દુધાળા ઢોર ગાય/ભેંસ (પશુદીઠ)	૩૦૦૦૦
		એક યુનિટ-બકરી - ૧૦ ફીમેલ તથા ૧ મેલ	૧૫૦૦૦
		એક યુનિટ-ઘેટાં - ૧૦ ફીમેલ તથા ૧ મેલ	૧૫૦૦૦
૨	પોલ્ટ્રી માટે	એક યુનીટ-૧૦૦ મરઘી	૨૦૦૦૦
૩	ફિશરી માટે (મત્સ્ય ઉદ્યોગ)	એક યુનીટ-૧ હેકટર જમીન	૨૪૨૦૦૦
		રીજરવોયર વોટર-૧ હેકટર દીઠ	૧૩૨૦૦૦
		બિનયાંત્રીક હોડી-૧ યુનિટ	૨૭૫૦૦
		યાંત્રીક હોડી-૧ યુનિટ	૬૦૫૦૦
		મત્સ્ય વેચાણ	૯૦૦૦૦-૧૧૦૦૦૦
		પગડીયા માછીમારો	૨૦૦૦૦-૨૫૦૦૦

સને ૨૦૨૬-૨૦૨૭ ના લાખની, સેતુરની, રેશમના કીડા અને મધમાખી ઉછેરનાં વ્યવસાય માટે વર્કીંગ કેપીટલનાં દર

અ.નં.	પ્રવૃત્તિની વિગત	૨૦૨૬-૨૭ ના વર્ષ માટે નક્કી કરેલ ધિરાણના દર
૧	લાખની ખેતી	સ્ટેટ લેવલ ટેકનીકલ કમિટિ (SLTC) માં નક્કી કરેલ દર મુજબ દર નક્કી કરવા ઠરાવેલ.
૨	સેતુરની ખેતી (પ્રતિ એકર)	૧૫૦૦૦૦-૧૬૦૦૦૦
૩	રેશમનાં કીડા ઉછેર ૧૫૦ કેપેસીટી	૫૦૦૦૦૦-૫૨૫૦૦૦
૪	મધમાખી ઉછેર (૫૦ બોક્ષનાં યુનિટ માટે)	૧૭૫૦૦૦-૩૦૦૦૦૦

તા.ક.: કેસીસી ભાગ-૧ નાના ખેડુત અને કેસીસી ભાગ-૨ તમામ પ્રકારની દુધાળા ઢોર માટે પશુ દિઠ રૂા.૩૦૦૦૦/- શાખ મળવાપાત્ર થશે અને પશુપાલન સભાસદ પાસે ઓછામાં ઓછા ૭ પશુ હોય તો વધુમાં વધુ રૂા.૨૦૦૦૦૦/- સુધી મળવા પાત્ર રહેશે પરંતુ પાક ધિરાણની પાત્રતા માટે નીકળતી શાખ કે પશુ દિઠ આપવાની રકમ પૈકી બે માંથી જે ઓછી રકમ હોય તે રકમ પશુ કેસીસી માટેની શાખ મળવાપાત્ર થશે

૨. બેંક સાથે સંયોજીત ખેતિ વિષયક મંડળીના સભાસદ મુદતવીતી NPA બાકી તા.૩૧.૦૩.૨૦૨૬ ના રોજ કે જે તે મંડળીના શાખપત્રક મંજુર કરાવતા અગાઉ તે મંડળીની બેંક લોન મુદતવીતી NPA ન હોય અને જે મંડળીનુ બેંક લોન અને સભાસદ કર્જ વચ્ચે અસમતુલા (ઈમબેલેન્સ) ન હોય તેવી જ મંડળીઓના પ્રગતિશીલ ખેડુત સભાસદોની સ્કેલ ઓફ ફાઈનાન્સ મુજબ જે શાખ નીકળે તે ઉપરાંતનાં ૧૦% લેખે વધારાની શાખ મળી બન્નેનો કુલ સરવાળો અથવા ખેડુતની ભરપાઈ કરવાની ક્ષમતા બે માંથી જે ઓછી રકમ હોય તે રકમ એજન્ટ-ઈન્સ્પેકટરની સભાસદવાર અલગથી ભલામણ કરી મંજુર કરાવવાની રહેશે.

૩. બેંક સાથે સંયોજીત તથા શાખ મેળવતી તમામ ખેતિ વિષયક મંડળીઓના અન્ય બેંકમાં ચાલુ, બચત કે બાંધી મુદત થાપણ ખાતાઓ જો હાલમાં ચાલુ હોઈ તો તાત્કાલિક અસરથી આ ખાતાઓ બંધ કરીને લગત શાખામાં ટ્રાન્સફર કરવા અને સંપુર્ણ બેંકીગ વ્યવહાર આ બેંકની શાખાઓ સાથે ફરજીયાત કાયમી કરવા

સુચના છે.અન્યથા જો ખાતા બંધ કરવામાં આવેલ નહી હોય તો તે મંડળીની શાખ મંજુર કરવામાં નહી આવે. શાખપત્રકમાં શાખ મંજુરી સમયે શાખાનાં એજન્ટ-ઈન્સ્પેકટરે ધિરાણનીતિમાં આપેલ પ્રમાણપત્રની સંપુર્ણ વાસ્તવિક ચકાસણી કરીને શાખપત્રક ભલામણ મંજુરી સાથે પ્રમાણપત્ર સહિત મોકલવાનું રહેશે.

૪. મંડળીઓએ પાક ધિરાણ લેનાર તમામ સભાસદોના વ્યકિતગત KCC સેગમેન્ટમાં સેવિગ્સ બેંક એકાઉન્ટ બેંકની શાખાઓના સ્તરે ખોલાવવાનુ ફરજીયાત છે. તે માટે મંડળીઓએ સભાસદોના ફોટા, આધાર કાર્ડ, મોબાઈલ નંબર અને બેંકના હાલમાં ખાતાના નંબરની માહિતી બેંકની શાખાને તુરત જ પુરી પાડવાની રહે છે.

૫. મંડળીનાં નિયમીત ચોખ્ખા સભાસદોને RuPay KCC Card આપવાનું તથા મુદ્દા નં.૪ માં જણાવેલ દસ્તાવેજો માહિતી આપવાનું ફરજીયાત છે તે વિના સભાસદોને નવુ ધિરાણ મળી શકશે નહિ અને અગાઉના વર્ષમાં જે મંડળીઓના ખેડુત સભાસદોને RuPay KCC Card ઈશ્યુ કરવામાં આવેલા છે તેને કોઈપણ ATM કે માઈક્રો ATM બેલેન્સ ઈન્કવાયરી કે કોઈપણ ટ્રાન્ઝેકશન કરી કરાવીને RuPay KCC Card ને એકટીવેઈટ ફરજીયાત સત્વરે કરાવવા સુચના છે.

૬. બેંકના વ્યકિત નામધારી સભાસદોની વ્યકિતગત અરજીઓ નવીન જમીનની નકલો, કેવાયસી દસ્તાવેજ, ફોટા તથા તમામ સાધનીક કાગળો / દસ્તાવેજો સહિત મેળવી ભલામણ સહિત હેડ ઓફિસે મોકલી મંજુરી મેળવવાની છે.

૭. ૨૦૨૫-૨૬ ના વર્ષમાં મંજુર મંડળીઓનાં સભાસદોની ૨૦૨૬-૨૭ ના વર્ષ માટેની વ્યકિતગત શાખની મંજુરી માટેના શાખપત્રકો તથા શાખ મંજુર થઈ નથી તેવા હાલના બિનકર્જદાર સભાસદોની શાખ મંજુર થઈ નથી તેવા મુદતવીતી બાકીદાર સભાસદોની શાખ અને મંડળીની કેસીસી કેશ ક્રેડિટ મંજુર કરાવવા માટે પુરવણી શાખપત્રકો નાના-સિમાંત અને મોટા ખેડુત એમ બે વિભાગમાં અને તેમા દરેક વિભાગમાં નીચે પ્રમાણેનો એક જ ક્રમ રાખી દરેકના પાનવાર અને એકદંરી કરી કુલ શાખ દરેક વિભાગની ભલામણ કરવી.

અનુસુચિત જાતિ	અનુસુચિત જનજાતિ	અન્ય
(અ) પુરૂષ	(અ) પુરૂષ	(અ) પુરૂષ
(બ) સ્ત્રી	(બ) સ્ત્રી	(બ) સ્ત્રી
કુલ	કુલ	કુલ

૮. (અ) મંડળીએ જેમની વ્યક્તિગત શાખ મંજુર ન થઈ હોય તેવા ચાલુ બિનકર્જદાર સભાસદો, શાખ મંજુર થઈ નથી તેવા મુદતવિતિ બાકીદાર સભાસદો તથા નવા સભાસદોની નિયત ધોરણે શાખ મંજુર કરવા માટેની અરજી, કેવાયસી દસ્તાવેજ, ફોટા, નવીન જમીનની ૭/૧૨, ૮-અ, નમુના નં.૬ ની નવી નકલો, જામીનોની સંમતિપત્ર જામીનોની નવી નકલો વિગેરે મેળવી મિલકત પત્રક બનાવી તપાસાવી, તે પરથી ૨૦૨૬-૨૭ ના સ્કેલની મર્યાદામાં ભલામણ સાથેના નવીન શાખપત્રક બનાવી ઠરાવ સાથે બેંકની શાખા મારફતે હેડ ઓફીસની મંજુરી માટે મોકલવાના છે. ભલામણ કરવામાં આવતી શાખના પ્રમાણમાં એકરારના બોજો નોંધાવવા તથા એકરાર રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(બ) ૧૦- અ માં જણાવેલ સભાસદો તથા મંડળી અને બેંકમાંથી ''નો ડ્યુ'' સર્ટીફીકેટ લઈ ગયા હોય તેવા સભાસદો તથા જેમની જમીન પર બીજી સંસ્થાના બોજા બોલતા હોય તેવા તમામ સભાસદોના જે તે વિસ્તારની અન્ય ધિરાણ સંસ્થા / બેંકોના ''નો ડ્યુ'' સર્ટીફીકેટ મેળવી શાખાએ તેઓની વ્યક્તિગત શાખની ભલામણ કરવાની છે.

(ક) સભાસદોના વાસ્તવિક પાકો તથા વ્યવહાર, ભરપાઈ કરવાની શક્તિ વિગેરે ધ્યાને લઈ શાખની ભલામણ કરવી.

(ડ) સભાસદોના ચકાસણી કરેલ મિલ્કત પત્રક પરથી પુરતી જમીનના એકરાર નોંધાવડાવી તપાસી રેકર્ડ પર રાખવા.

૯. **એક જ શાખ પત્રકમાં સભાસદોની ખરીફની વ્યક્તિગત શાખ અને કેસીસી એનીમલ હસ્બનડરી (AH) મંજુર કરાવવાની છે.**

૧૦.(અ) ગુજરી ગયેલા સભાસદોના નોમીનીને અગર નોમીની ન નીમેલ હોય તેવા સભાસદોના કાયદેસરના વારસદારોને સભાસદ બનાવી કેવાયસી દસ્તાવેજો, ફોટા, નવી જમીનની નકલો મેળવી તેમના દરેકના ભાગે આવતી જમીન નકકી કરી મિલ્કત પત્રક બનાવી તપાસાવી તેમની દરેકની વ્યક્તિગત શાખની ભલામણ કરવી.

(બ) કોઈ સભાસદની જમીન વેચાણ થઈ હોય / ગીરો આપી હોય અગર બીજી રીતે ઓછી થઈ હોય તો તેટલી જમીનના પાકની મળવાપાત્ર શાખ મુકવાની રહેશે.

૧૧. ૨૦૨૬-૨૭ ના વર્ષ માટે નવા સભાસદોની ખરીફ પાક ઉપરાંત કેસીસી એનીમલ હસ્બનડરી (AH) કેસીસી શાખ એકજ શાખપત્રકમાં ફરજીયાત બનાવી શાખ મંજુર કરાવવાની રહેશે. જેથી સભાસદને સિઝનના પાક માટેનું ધિરાણ મળી રહે અને સરકારશ્રીની યોજના પ્રમાણે વ્યાજ રાહતનો લાભ મળી રહે.

૧૨. મંડળીએ ૨૦૨૬-૨૭ ના વર્ષ માટે નવા સભાસદોની કેસીસી પાક ધિરાણની વ્યક્તિગત શાખ મંજુર કરાવવા તથા મંડળીની કેસીસી કેશ ક્રેડિટ મંજુર કરાવવા માટેની દરખાસ્ત તૈયાર કરવાની રહેશે. અગાઉ અલગ પરિપત્રમાં ચેક લીસ્ટ સાથે પત્રકોના નમુના અને માર્ગદર્શન આપવામાં આવેલ છે તેનો અભ્યાસ કરી તમામ સાચી માહિતી પુરી દરેક પત્રકો એક સરખા ક્રમમાં ગોઠવણી કરી તારીજ, વેપાર પત્રક, નફા-નુકશાન પત્રક અને સરવૈયા સાથે નિયત નમુનાના ઠરાવ વિગેરે સાથેની દરખાસ્ત શાખા મારફતે મોકલી આપવી.

૧૩. ઉપરાંત દરખાસ્ત સાથે નીચેના પત્રકો, માહિતી મોકલવાની રહેશે.

(૧) ઓડીટ દુરસ્તી રીપોર્ટ (૨) ઈન્સ્પેકશન દુરસ્તી રીપોર્ટ (૩) વેપારી લેણા-દેવા, પરચુરણ લેણા-દેવા, ઉચાપતની યાદીઓ (૪) સભાસદોને આપવાના કર્જની પેટા નિયમની મર્યાદા તથા મંડળીએ બહારથી કરવાના કર્જની પેટા નિયમની પ્રમાણિત નકલ, મંડળીની થાપણો, બેંક લોન બાકી, સરકારી દેવા, વેપારી દેવા, પરચુરણ દેવાની રકમ અને **બેંકમાંથી લેવાની કેસીસી કેશ કેડીટની થતી કુલ રકમ પેટા નિયમ પ્રમાણે બહારથી કરવાના કર્જની મર્યાદા કરતાં વધતી હોય તો જિલ્લા રજીસ્ટ્રારશ્રી પાસે ચત્તા મંજુર કરાવવાની દરખાસ્ત બેંક મારફતે લગત જિલ્લા રજીસ્ટ્રારશ્રીને અચુક મોકલવા સામેલ કરી ચત્તાની મંજુરી મેળવી લેવાની રહેશે.** (૫) કોમર્શીયલ પાકો કપાસ, દિવેલા, કેળ ટીસ્યુકલ્ચરના વાવેતર માટેની વ્યક્તિગત શાખ મંજુર કરવા ભલામણ કરવાના શાખપત્રક સાથે મંડળીના ચેરમેન-સેક્રેટરી મારફતે ચોકસાઈ કરી નિયત નમુનાનું મંડળીના ચેરમેન-સેક્રેટરી અને તે વિભાગના કમિટિ સભ્યોનું પ્રમાણપત્ર સામેલ કરવાનું રહેશે.

૧૪. સભાસદોના શાખપત્રકોની મંજુરી તથા સભાસદોના ડીમાન્ડ પત્રકોના અનુસંધાને બેંક તરફથી માંગવામાં આવતી માહિતી તથા પ્રમાણપત્રો મંડળીના હોદ્દેદારોએ આપવાનાં રહેશે.

૧૫. (૧) અ,બ,ક વર્ગની મંડળીઓના જ શાખપત્રકો મંજુર કરવામાં આવશે તે સિવાયનાં શાખપત્રકો મંજુર કરવા કે નહિ તે અંગે બેંકની બોર્ડ વિચારણા કરશે.

<u>(૧) નીચેના સંજોગોમાં શાખપત્રકો બેંક સ્વીકારશે નહિ.</u>

૧. જે સભાસદોએ રાષ્ટ્રીયકૃત બેંકો અગર બીજી બેંકોમાંથી ધિરાણ મેળવ્યું હશે તેમ છતાં નિશ્ચિત મંડળીઓએ આવા સભાસદોનું શાખપત્રક બનાવ્યુ હશે.

૨. નિયત ધોરણે વસુલાત નહિ આવી હોય તો.
૩. બેંકની સુચનાનું પાલન નહિ કરેલ હોય તો.
૪. મંડળી સ્થગિત અને ''ડ'' વર્ગની હશે તો.
૫. મંડળીને ફડચાનો આદેશ મળ્યો હશે તો.
૬. તા.૧૫-૪-૨૦૨૦ અગર તે પહેલાનાં બાકીદારો સામે ૧૦૬ અગર ૯૬ મુજબના કેસો નહિ કર્યા હોય તો.
૭. અગાઉના વર્ષોમાં ચુકવણી પત્રક નિયમિત આપેલ નહિ હોય તો કે અન્ય બેંકોમાં ખાતા બંધ નહી કરેલ હોય તો.
૮. શાખ મંજુરી વિના કે શાખ ઉપરાંત ધિરાણ કરેલ હશે તો.
૯. મુદતવિતિ કમિટિ સભ્યને મેનેજીંગ કમિટિમાંથી છુટા કર્યા નહિ હોય તો.
૧૦. ઓડિટ ઇન્સ્પેકશન માટેના યોગ્ય દુરસ્તી રીપોર્ટ સમયસર નહિ મળ્યા હોય તો.
૧૧. મંડળીમાં આવેલ તમામ વસુલાતની રકમ તુરંત બેંકમાં ભરપાઇ કરેલ હશે નહિ તો. તેમ છતાં મંડળીની ગુણવત્તા જોઇને યોગ્ય કિસ્સામાં ધિરાણ કરવા બેંક વિચારશે.

(૨) સુખસર અને નાની ભુગેડી લેમ્પ્સ મંડળીઓના તેમજ આ મંડળીઓના વિભાજનથી નવી રચાયેલ મંડળીઓના નાના અને સિમાંત સભાસદોના દેવા માફીના કલેઇમ મંજુર થયા બાદ તેવા સભાસદો પાસે બાકી પડતા લેણાં અને મોટા ખેડુત સભાસદોના લેણાં જે તે મંડળીઓ વસુલ કરી બેંકમાં જમા કરાવે અને બેંકના નિયમ પ્રમાણે નવી નકલો મેળવી મિલ્કત પત્રક બનાવી તપાસાવી શાખ પત્રક બનાવી મંજુરી માટે મોકલે તે બાદ જ આ બંને મંડળીઓના સભાસદોનું શાખપત્રક મંજુર કરી ધિરાણ આપવા નિર્ણય બેંકની બોર્ડ દ્વારા કરવામાં આવશે.

(૩) બેંક સાથે અનિયમિત નાણાંકીય વ્યવહાર રાખી વસુલાતનું કાર્ય ન કરનાર મંડળીઓ, મોટા સભાસદો પાસેના ઓછામાં ઓછા ૫૦% લેણા વસુલ કરે અને બેંકમાં જમા કરાવે તેમજ ઉપર જણાવ્યા પ્રમાણે કાર્યવાહી કરી શાખ પત્રક બનાવે તે બાદ જ શાખપત્રક મંજુર કરી ધિરાણ આપવા નિર્ણય કરવામાં આવશે.

૧૬. પ્રધાનમંત્રી ફસલ વિમા યોજના (PMFBY) અંગેની જાણ સરકારશ્રી તરફથી થશે ત્યારે અત્રેથી જાણ કરવામાં આવે તે મુજબ જરૂરી અમલ કરવાનો રહેશે.

૧૭. <u>કિશાન ક્રેડિટ કાર્ડ યોજના :</u>

(૧) Rupay KCC Card યોજનાની રીવાઇઝ્ડ ગાઇડ લાઇન્સ પ્રમાણે બેંક સાથે સંયોજીત મંડળીના કે સીધા વ્યક્તિ ખેડુત સભાસદને રીવાઇઝ્ડ ગાઇડ લાઇન્સ મુજબ Rupay KCC Card બેંકે મંડળીનાં સભાસદોને ઇસ્યુ કરેલ છે. નવા ધિરાણ લેતા સભાસદોને ફરજીયાત Rupay KCC Card આપવાનાં રહેશે.

(૨) Rupay KCC Card યોજનાનો અમલ દરેક મંડળીએ ફરજીયાત કરવાનો રહેશે. મંડળીનાં કેસીસી પાક ધિરાણની શાખ મંજુરીવાળા તમામ સભાસદોને રૂપે કિશાન ક્રેડીટ કાર્ડ ઇસ્યુ કરવાનાં રહેશે તથા <u>આ યોજના હેઠળ આવરી લેવાયેલ તમામ સભાસદોએ વ્યક્તિગત અકસ્માત વીમા યોજનામાં જોડાવાનું ફરજીયાત છે.</u>

(૩) કિશાન ક્રેડિટ કાર્ડ હેઠળ કરવામાં આવેલ ધિરાણ પાકતી તારીખના રોજ બાકી રહે તો તેના ઉપર નિયત દર પ્રમાણે થતું વ્યાજ કરજ ખાતે ઉધારી વ્યાજ આવક ખાતે જમા કરવાનું રહેશે.

(૪) કિશાન ક્રેડિટ કાર્ડ ખાતામાં વધુમાં વધુ કરેલ ઉપાડ જેટલી રકમનું વર્ષ દરમ્યાન તેની પાકતી મુદતના સમયગાળામાં કે.સી.સી. ખાતામાં ટર્નઓવર (ઉપાડ અને જમા કરાવેલ) થયેથી વર્ષ આખરે નિયમિત ગણાશે પરંતુ પાકતી તારીખ સુધીમાં ચઢત વ્યાજ સહિત ચુકતે રકમ જમા કરાવવાની રહેશે.

(૫) મંડળી કક્ષાએ આવેલ વસુલાત બેંકમાં કેસીસી લોન ખાતે જમા કરાવવાની રહેશે.

૧૮. (૧) **સને ૨૦૨૪-૨૫ થી મંડળીઓ મારફતે આપવામાં આવેલ KCC પાક ધિરાણ અને KCC - એનિમલ હસબન્ડરી (AH) ધિરાણોમાં મંડળીના સભાસદોનો બેંકના CBS સોફ્ટવેરમાં Digital Member Registor (DMR) શેડો એકાઉન્ટ ફરજીયાત ખોલવાના રહેશે અને તે ખાતામાં ધિરાણ જમા કરાવવાનું રહેશે.**

- સૌ પ્રથમ મંડળીના સભાસદોના શેડો એકાઉન્ટ (DMR) ખાતા બેંકનાં CBS સોફ્ટવેરમાં ખોલવાનાં રહેશે.
- મંડળીના ચાલુ વર્ષના તમામ કેસીસી પાક ધિરાણ અને કેસીસી એનિમલ હસબન્ડરીનાં ખાતા CBS સોફ્ટવેરમાં ખોલવાનાં રહેશે.
- મંડળીના સભાસદોના ખોલેલ શેડો એકાઉન્ટ (DMR) ખાતાને મંડળીના ચાલુ વર્ષના ખોલેલ કેસીસી પાક ધિરાણ અને કેસીસી એનિમલ હસબન્ડરીનાં ખાતા સાથે લીંક કરવાનું રહેશે.
- ત્યારબાદ મંડળીના શેડો એકાઉન્ટ (DMR) ખાતામાંથી ઉપાડ માટેની વિડ્રોલ સ્લીપ મારફતે ઉધાર કરી મંડળીના સભાસદના બેંક સાથેના બચત ખાતામાં લોનની રકમ જમા કરવાની રહેશે.
- સભાસદના બેંક સાથેના બચત ખાતામાંથી સભાસદને ઉપાડ આપવો તેમજ જ્યારે સભાસદ વસુલાત આપે ત્યારે સભાસદના બેંક સાથેના તેના શેડો એકાઉન્ટ (DMR) ખાતામાં જ વસુલાત જમા કરીને વસુલાત લેવાની રહેશે.
- મંડળીનાં ખેડૂત સભાસદોના શેડો એકાઉન્ટ (DMR) ખાતામાંથી ઉપાડ માટે ટ્રીપલીકેટ ઉપાડની વિડ્રોલ સ્લીપ ધ્વારા જ કરવાની રહેશે.
- મંડળીના ખેડૂત સભાસદોની વસુલાત શેડો એકાઉન્ટ (DMR) ખાતાની ટ્રીપલીકેટ જમા સ્લીપ ધ્વારા જ કરવાની રહેશે.

(૨) **દરેક સભાસદે બેંકની લગત શાખામાં કેસીસી સેગ્મેન્ટમાં સેવિગ્સ ખાતુ ખોલાવવાનું રહેશે, સને ૨૦૨૬-૨૭ નાં વર્ષમાં નવા સભાસદોને આપવાનાં કેસીસી ધિરાણ** તમામ ખેડુત સભાસદોના શાખાએ ખોલેલ બચત ખાતાના CBS સોફ્ટવેરના કેસીસી સેગ્મેન્ટમાં બચત ખાતા ફરજીયાત લીધેલા હોવા જોઈશે કે કેસીસી સેગ્મેન્ટમાં બચત ખાતા લઈ લેવાના રહેશે. મંડળીએ ધિરાણનીતિ અન્વયે સભાસદની વ્યકિતગત શાખની મર્યાદામાં પાક ધિરાણનાં ડીમાન્ડ પત્રક બે નકલમાં બનાવી બેંક પાસે મંજુર કરાવવાના રહેશે.

(૩) **મંજુર માંગણા પ્રમાણે કર્જના બધા દસ્તાવેજો લઈ સભાસદોના સેવિગ્સ ખાતા નંબર સાથેનાં પહોંચ પત્રક બે નકલમાં બનાવી કર્જની રકમ, શેર કપાત અને ચોખ્ખી ચુકવવાની થતી રકમની સાચી માહીતી તૈયાર કરી લગત સભાસદોની સહી તથા મંડળીના હોદેદારોની સહિ સાથે તેઓના બેંક સાથેના સેવિગ્સ ખાતે જમા લેવા અલગ યાદી સાથે શાખાને આપવુ.**

યાદી પહોંચ પત્રક સાથે તપાસી તે પરથી શાખા જે તે સભાસદના સેવિંગ્સ ખાતે ચોખ્ખી રકમ જમા કરશે અને સભાસદ જરૂર પ્રમાણે સેવિંગ્સ ખાતા માંથી ઉપાડ કરશે. શાખા સભાસદ ખાતે જમા કરવાની યાદી જમા વાઉચર સાથે જોડશે અને પહોંચ પત્રક ડીમાન્ડની નકલ સાથે ફાઈલ કરશે.

(૪) દરેક મંડળીઓએ તેમના તમામ સભાસદોને શેર બચત અને કરજ ખાતાની પાસબુક પુરી પાડી દરેક વ્યવહાર નિયમિત નોધવાના રહેશે. પાસબુકની કિંમત સભાસદ પાસેથી વસુલ લઈ શકાશે.

(૫) મંડળીએ સભાસદની વ્યકિતગત શાખ મંજુર કરાવતાં અગાઉ પુરતી રકમના એકરારનો બોજો તલાટીનાં રેકર્ડ ઉપર નોંધાવી એક નકલ મેળવી રેકર્ડ ઉપર રાખવાનાં રહેશે. દરેક મંડળીએ એકરાર રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૬) સભાસદોને ધિરાણ આપતી વખતે નિયત ધોરણે શેર કપાત કરવાની રહેશે.

(૭) સભાસદોને દર વર્ષે આપવાના ધિરાણની વચનચીઠ્ઠી, કર્જખત, કરારખત લેવાનાં રહેશે. તેમજ મંડળીએ બેંકને દર વર્ષે કેસીસી કેશ ક્રેડિટના નવા દસ્તાવેજો આપવાનાં રહેશે.

૧૯. **<u>શેર ધારણ કરવાની મર્યાદા :</u>**

(અ) **સભાસદો માટે :**

૧. (અ) નાના સિમાંત અને મોટા ખેડૂતો માટે ધિરાણની રકમના ઓછામાં ઓછા ૨.૫% લેખે શેર કપાત કરવાના રહેશે.

(બ) નવા સભાસદોની ૧૦% શેર કપાત કરવી.

(ક) મુદતવીતી બાકીદારોની ૫% શેર કપાત કરવી.

(બ) **મંડળીઓ માટે :**

૨. તમામ પ્રકારની ખેતી વિષયક લોનોના ૨.૫% લેખે શેર ખરીદવાના રહેશે.

૨૦. **કેસીસી પાક ધિરાણ અને કેસીસી એનીમલ હસબન્ડરી ધિરાણની ભરપાઇ કરવાની મુદત :**

અ.નં.	વિગત	મંડળીએ સભાસદ પાસેથી ધિરાણ વસુલ મેળવવાની તારીખ	મંડળીએ બેંક લોન ભરપાઇ કરવાની તારીખ
૧	ખરીફ-કેસીસી	તા.૦૧.૦૪.૨૦૨૬ થી તા.૩૦.૦૯.૨૦૨૬	૩૦.૦૬.૨૦૨૭
૨	રવિ-કેસીસી	તા.૦૧.૧૦.૨૦૨૬ થી તા.૩૧.૧૨.૨૦૨૬	૩૧.૧૨.૨૦૨૭
૩	ઉનાળુ-કેસીસી પાક ધિરાણ	તા.૦૧.૦૧.૨૦૨૭ થી તા.૩૧.૦૩.૨૦૨૭	૩૧.૦૩.૨૦૨૮
૪	કેસીસી એનીમલ હસબન્ડરી	તા.૦૧.૦૪.૨૦૨૬ થી તા.૩૦.૦૯.૨૦૨૬	૩૦.૦૬.૨૦૨૭
		તા.૦૧.૧૦.૨૦૨૬ થી તા.૩૧.૧૨.૨૦૨૬	૩૧.૧૨.૨૦૨૭
		તા.૦૧.૦૧.૨૦૨૭ થી તા.૩૧.૦૩.૨૦૨૭	૩૧.૦૩.૨૦૨૮

મંડળીએ બેંક લોન અને સભાસદોએ કેસીસી ધિરાણની તારીખથી ૩૬૪ દિવસ અથવા ઉપર મુજબની પાકતી તારીખ બન્ને પૈકી પ્રથમ આવતી તારીખ પહેલા ધિરાણ ખાતુ વ્યાજ સહિત ચુકતે કરવાનું રહેશે તેને કેન્દ્ર સરકારશ્રીનાં ૩% તથા ગુજરાત સરકારશ્રીનાં ૪% વ્યાજ સબવેન્શનનો લાભ મળવાપાત્ર થશે.

ખેતી વિષયક સેવા સહકારી મંડળીઓ મારફતે પશુપાલનનો વ્યવસાય કરતાં ખેડૂતો માટે કેસીસી એનીમલ હસબન્ડરી (AH) ની ધિરાણ નીતિ.

નાબાર્ડના પરિપત્ર નં.NB.DoR/ST/2871/KCC-1/2018-19 તારીખ ૧૩.૦૨.૨૦૧૯ ના અનુસંધાનમાં પશુપાલકોને કેસીસી એનીમલ હસબન્ડરી (AH) ધિરાણ આપવા અંગેની યોજનાનો અમલ કરવાની સુચનાઓ નીચે મુજબ છે.

(એ) યોજનાનો હેતુ :-

પશુપાલનના વ્યવસાય કરતા પશુપાલકોના પશુઓના નિભાવવા માટેના ખર્ચને પહોંચી વળવા માટે ટુંકી મુદતનું ખેતી વિષયક મંડળી દ્વારા કેસીસી ધિરાણ આપવામાં આવશે.

(બી) પાત્રતા :-

(૧) પશુપાલન :- પોતાની માલિકીનો/ભાડાનો/લીઝથી કેટલશેડ ધરાવતા ખેડુત અને પશુપાલક વ્યક્તિગત રીતે ધિરાણ મેળવી શકશે.

- અરજદાર તથા તેની પશુપાલનની પ્રવૃત્તિ પંચમહાલ, મહિસાગર તથા દાહોદ જિલ્લાના હોવી જોઇએ.
- અરજદાર જે તે દૂધ મંડળીમાં છેલ્લાં ૨ વર્ષથી સભાસદ અને દૂધ ભરતો હોવો જોઇએ.
- અરજદારનું પ્રતિ માસિક ઓછામાં ઓછુ ૭૫ લીટર દૂધ, દૂધ મંડળીમાં ભરાતું હોવું જોઇએ.
- અરજદાર છેલ્લાં ૧ વર્ષમાં ઓછામાં ઓછા ૨૫૦ દિવસનું લગત દૂધ મંડળીમાં દૂધ ભરાયેલ હોવું જોઇએ.
- અરજદારની શાખ સારી હોવી જોઇએ તથા મુદતવીતી બાકીદાર ન હોવા જોઇએ.
- અરજદાર પશુપાલક સ્થાનિક દૂધ મંડળીનો સભ્ય હોવો જોઇએ તથા દૂધ મંડળી મારફતે નિયમિત દૂધ ભરતો હોવો જોઇએ તથા તેનું દૂધનું પેમેન્ટ બેંકમાં તેના બચત ખાતે જમા થતું હોવું જોઇએ.
- અરજદાર પશુપાલકે પોતે પશુપાલનના વ્યવસાથ સાથે સંકળાયેલ છે અને પશુપાલનનો અનુભવ ધરાવે છે તે બાબતનું દૂધ મંડળીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
- લાભાર્થી પશુપાલકના દૂધ બીલમાંથી માસિક રૂા.૫૦૦/- ની કપાત કરવાની રહેશે.

(૨) જે પશુપાલકે ખેતી વિષયક મંડળી દ્વારા કેસીસી પાક ધિરાણ લીધેલ હોય તે રકમ રૂ.૩/- લાખ (ત્રણ લાખ) કરતા ઓછી રકમનું કેસીસી પાક ધિરાણ કોઈપણ બેંક કે સહકારી મંડળી માંથી લીધેલ હોય તેને જ આ પ્રકારનું કેસીસી (એનીમલ હસબન્ડરી (AH) ધિરાણ મળવાપાત્ર થશે એટલે કે તમામ પ્રકારની દુધાળા ઢોર ગાય અને ભેસ એક પશુ માટે રૂ.૩૦,૦૦૦/- નું કેસીસી (AH) ધિરાણ મેળવવા KCC પાક ધિરાણ રૂ.૨,૭૦,૦૦૦/- કે તેથી ઓછુ લીધેલ હોવું જોઈએ અને ૭ પશુ માટે રૂ.૨,૦૦,૦૦૦/- નું કેસીસી(AH) ધિરાણ મળવાપાત્ર રહેશે. કેસીસી પાક ધિરાણ રૂ.૧,૦૦,૦૦૦/- કે તેથી ઓછુ લીધેલ હોવું જોઈએ અને તેના કરતા વધુ ધિરાણ લીધેલ હોય તો તેને પ્રોરેટા મુજબ મહતમ તમામ પ્રકારની દુધાળા ઢોર ગાય અને ભેસ પશુ દીઠ કેસીસી એનીમલ હસબન્ડરી ધિરાણ મળવાપાત્ર થશે.

(સી) ધિરાણના પ્રોડકટનું નામ : ખેતી વિષયક સેવા સહકારી મંડળી માટે કેસીસી (AH) એનીમલ હસબન્ડરી

(ડી) ધિરાણની રકમ, વ્યાજનો દર તથા ધિરાણની મુદત તથા પાકતી તારીખ

ઉપરોક્ત ધિરાણનો પ્રકાર રીવોલ્વીંગ કેશ ક્રેડીટનો હોઇ ખેડૂત તેની મંજુર થયેલ શાખની મર્યાદામાં નાણા ઉપાડી શકે છે તેમજ જમા પણ કરાવી શકે છે.

પ્રવૃત્તિ	KCC (AH) ધિરાણનો દર	ધિરાણની મહત્તમ મર્યાદા	વ્યાજનો દર મંડળી	ધિરાણ ની મુદત
પશુપાલન	તમામ પ્રકારના દુધાળા ઢોર ગાય/ભેંસ (પશુદીઠ)	૩૦૦૦૦	૫.૫૦%	૧ વર્ષ

ખાસ નોંધ :-

૧. ધિરાણનો દર જે તે વર્ષ માટે ટેકનીકલ કમીટી DLTC દ્વારા નક્કી થયેલ દર મુજબનો રહેશે.

૨. ઉપરોક્ત કેસીસી ધિરાણના અન્ય નિયમો પાક ધિરાણની કેસીસી યોજના મુજબની રહેશે.

(ઈ) સિક્યુરીટી તથા વસુલાત :-

- ➢ પ્રવૃત્તિના વેચાણની રકમો આ બેંકના બચત ખાતે જમા કરાવવાની રહેશે અને બચત ખાતું બેંકનું ધિરાણ ચાલુ હોય ત્યાં સુધી બેંકની પરવાનગી વગર બદલી શકાશે નહી.
- ➢ મંડળીએ બેંક લોન અને સભાસદોએ કેસીસી એનીમલ હસબન્ડરી (AH) ધિરાણની તારીખથી ૩૬૫ દિવસ અથવા પાકતી તારીખ બન્ને પૈકી પ્રથમ આવતી તારીખ પહેલા ધિરાણ ખાતુ વ્યાજ સહિત ચુકતે કરવાનું રહેશે અન્યથા ખાતું મુદતવીતી ગણાશે.
- ➢ મુદતવીતી બાકી ઉપર મંડળી માટે ૩% લેખે દંડનીય વ્યાજ આકારવામાં આવશે.

(એફ) ધિરાણના ડોક્યુમેન્ટ અને ઉપાડ :-

- ➢ સદર યોજનામાં કેસીસીના ડોક્યુમેન્ટસ અને ઉપાડની પધ્ધતિ વ્યક્તિ કેસીસી (AH) મુજબ નવા સેગમેન્ટમાં કરવાનું રહેશે.
- ➢ દર વર્ષે શાખ નવીન મંજુર / રીન્યુ કરાવવાની રહેશે અને ધિરાણ તારીખથી ૧ વર્ષ સુધીમાં વ્યાજ સહિત ભરપાઇ કરવાની રહેશે ત્યારબાદ નવીન ઉપાડ મળવાપાત્ર થશે.

(જી) ધિરાણની અન્ય સામાન્ય શરતો :-

- ➢ સદર ધિરાણ ખેતી વિષયક સેવા મંડળીઓ મારફતે કરવાનું રહેશે.
- ➢ સગીર અરજદારને ધિરાણ થઇ શકશે નહી.
- ➢ અન્ય બેંક/સંસ્થામાંથી આ પ્રકારનું ધિરાણ મેળવતા અરજદારને મંડળીમાંથી/બેંકમાંથી ધિરાણ મેળવી શકશે નહી.
- ➢ પાક ધિરાણ માટેની કેસીસી યોજનાના નિયમો/શરતો મુજબ મંડળી તથા તેના અરજદાર સભાસદને ધિરાણ મળી શકશે.
- ➢ પાત્રતા ધરાવતા અરજદારને PMJJBY તથા PMSBY નો વિમો લેવા માટે પ્રેરિત કરવાના રહેશે.

(એચ) <u>લોન મંજુર કરાવવા રજુ કરવાના ડોક્યુમેન્ટ :-</u>

<u>અરજદાર સભાસદ માટે :</u>

- અરજદારનું ડેકલેરેશન/અરજી અને અરજદાર અને બંને જામીનોને બેંકના નામધારી સભાસદ બનાવવાના રહેશે.
- અન્ય મંડળી/બેંકમાંથી પશુપાલનના વ્યવસાય માટે કેસીસી ધિરાણ મેળવેલ નથી તેવું સેલ્ફ ડેકલેરેશન. (સાદા કાગળ ઉપર)
- કેવાયસી (KYC) ના પુરાવા માટે - <u>આધારકાર્ડ તથા ચુંટણી કાર્ડ</u>

<u>ખેતી વિષયક સેવા સહકારી મંડળી માટે</u>

- મંડળીનું અરજી ફોર્મ
- ઇન્સ્પેક્ટરનું ભલામણ ફોર્મ
- મંડળીના લેટરપેડ ઉપર ઠરાવ
- મંડળીનું સરવૈયું
- શાખપત્રક

વ્યક્તિગત કે.સી.સી.પશુપાલન (AH) ધિરાણનીતિ

બેંકના કાર્યવિસ્તારના ત્રણેય જિલ્લાઓની દૂધ મંડળીઓમાં દૂધ ભરતા પશુપાલકોને પશુઓના નિભાવ ખર્ચ જેવા કે દૂધાળા ઉછેર, ઘાસચારો, પશુ આહાર, પશુ ચિકિત્સા, પશુનો વીમો, પાણી, વીજળી પુરવઠો વગેરેની જરૂરિયાતોને પહોંચી વળવા ટૂંકી મુદતનું વ્યક્તિ સીધું કે.સી.સી. એનિમલ હસબન્ડરી (AH) ધિરાણ આપવા માટેની ધિરાણનીતિ.

ધિરાણનો પ્રકાર	**વ્યક્તિગત કે.સી.સી. પશુપાલન (AH) ધિરાણ**
ધિરાણનો હેતુ	પશુપાલનના વ્યવસાય કરતા પશુપાલકોના પશુઓના નિભાવ ખર્ચ જેવા કે દૂધાળા ઉછેર, ઘાસચારો, પશુ આહાર, પશુ ચિકિત્સા, પશુનો વીમો, પાણી, વીજળી પુરવઠો વગેરેની જરૂરિયાતોને પહોંચી વળવા ટૂંકી મુદતની કે.સી.સી. એનિમલ હસબન્ડરી(AH) ધિરાણ આપવામાં આવે છે.
ધિરાણની મર્યાદા	• અરજદાર પોતાની માલિકીનો / ભાડાનો / લીઝથી કેટલશેડ ધરાવતા ખેડૂત અને પશુપાલક વ્યક્તિગત રીતે ધિરાણ મેળવી શકશે. • અરજદાર પોતે પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલો અને પશુપાલનનો અનુભવ ધરાવતો પશુપાલક હોવો જોઈએ. અરજદારની પશુપાલનની પ્રવૃત્તિ પંચમહાલ, મહિસાગર અને દાહોદ જિલ્લામાં કરતા હોવા જોઈએ. • અરજદાર સ્થાનિક દૂધ મંડળીના સભ્ય હોવા જોઈએ અને તેના દૂધ બીલના રકમની ચૂકવણી તેના બેંક ખાતામાં જમા કરાવવી જોઈએ. • અરજદારની શાખ સારી હોવી જોઈએ તથા મુદતવીતી બાકીદાર ન હોવા જોઈએ.

ધિરાણની રકમ	ધિરાણની રકમ જે તે વર્ષ માટે ટેકનીકલ કમિટી દ્વારા નક્કી થયેલ DLTC દર મુજબનો રહેશે.
વ્યાજનો દર	૭% (૩% કેન્દ્ર સરકાર + ૪% રાજ્ય સરકાર વ્યાજ સબવેન્શન મળવાપાત્ર રહેશે. જેઓએ KCC ધિરાણની વસુલાત ૩૬૪ દિવસ અથવા પાકતી તારીખ બંને પૈકી પ્રથમ આવતી તારીખ પહેલા ધિરાણ ખાતુ વ્યાજ સહીત ચુકતે કરેલ હોય તેવા સભાસદોને લાભ મળવાપાત્ર રહેશે.)
ધિરાણની મુદ્દત	૩૬૪ દિવસ
સીક્યુરીટી (તારણમાં)	દૂધ મંડળી દ્વારા ચુકવવામાં આવતા દૂધના બીલની રકમમાંથી કપાત કરવાનો દૂધ મંડળીનો બાંહેધરી પત્રક.
મુદતવીતી દંડનીય વ્યાજ	૧૩%
ધિરાણ મેળવવા રજુ કરવાના ડોક્યુમેન્ટસ	• અરજદારનું ડેકલેરેશન / અરજી અને અરજદાર અને બંને જામીનોને બેંકના નામધારી સભાસદ બનાવવાના રહેશે. • અન્ય મંડળી/બેંક માંથી પશુપાલનના વ્યવસાય માટે કેસીસી ધિરાણ મેળવેલ નથી તેવું સેલ્ફ ડેકલેરેશન. (સાદા કાગળ ઉપર) • અરજદાર અને જામીનોના ફોટા, આધાર કાર્ડ (ફરજીયાત) અને ચુંટણી કાર્ડ. • મંડળીનો સભાસદ હોવાનો દાખલો અને હાલમાં સભાસદ પાસે કેટલા દુધાળા પશુ છે તેની વિગતનો દૂધ મંડળીનો દાખલો રજુ કરવાનો રહેશે. • અરજદારના છેલ્લા ત્રણ માસમાં દૂધ મંડળીમાં ભરેલ દૂધ લીટરમાં અને દૂધ બીલની રકમનો લાગત દુધ મંડળીનો દાખલો મંડળીના ચેરમેન અને સેક્રેટરીના સહી સિક્કા સાથે રજુ કરવાનું રહેશે. • અરજદારના લોન ભરપાઈ બાબતે દૂધ મંડળીની વસુલાતની બાહેધરી રજુ કરવાનું રહેશે.

૨૧. **"Rupay KCC Card" ધિરાણ અંગે વધારાની શરતો :-**

(૧) મંડળીએ તેમના સભાસદો પાસેથી પેટા નિયમોની જોગવાઇ પ્રમાણે શેર કપાત કરવાના રહેશે. શેર અને થાપણ કપાત માટે પેટા નિયમોની જોગવાઇ તથા બેંકના આ અંગેનાં વખતોવખતના પરિપત્રો મુજબ અમલ કરવાનો રહેશે. આ અંગે ગુણવત્તાના ધોરણે બેંક છુટછાટ આપી શકશે. કોઇપણ સભાસદને શેરની રકમ તેઓનું કર્જ ભરપાઇ થયા સિવાય તેમજ તેઓ બીજા સભાસદોના જામીન હોય તો તેઓનું કર્જ ભરપાઇ થયા/કરાવ્યા સિવાય પરત કરી શકશે નહી. આ બંને નિયમોનું પાલન કરનાર સભાસદની શેરની રકમ બેંકની પુર્વ મંજુરી મેળવ્યા બાદ પરત કરવાની રહેશે. આ શરતનું પાલન ન કરનાર મંડળીના ચેરમેન, કમીટી સભ્યો અને સેક્રેટરી અંગત રીતે જવાબદાર ગણવામાં આવશે.

(૨) મંડળી મુદત વિતેલ બાકીદાર સભાસદોને ધિરાણ કરી શકશે નહી અને ચુકતે થયે બેંક પાસેથી કો.ઓપ. "Rupay KCC Card" અનુસંધાને શાખ મંજુર કરાવી શકશે તથા આવેલ વસુલાત બેંકના લેણાંમાં ભરપાઇ કરવાની રહેશે. આ રીવોલ્વીંગ રોકડ શાખનો ઉપયોગ કેસીસી યોજના અંતર્ગત ધિરાણ આપવા સિવાય અન્ય રીતે કરી શકશે નહી.

(૩) મંડળીએ ટુંકી મુદત ધિરાણના તથા કન્વર્ઝન, રીફેઇઝમેન્ટ, રીશીડયુલ અને રી-રીશીડયુલ ખેતી વિષયક મધ્યમ મુદત ધિરાણના બધા મુદત વિતેલ બાકીદાર સભાસદો સામે કલમ ૧૦૬ (૧) મુજબ તથા બિન ખેતી વિષયક મધ્યમ મુદત અને ઉભડ મુદત વિતેલ બાકીદારો સામે કલમ-૯૬ મુજબની લવાદી દરખાસ્ત શ્રી જિલ્લા રજીસ્ટ્રાર સાહેબની કચેરીએ સુપ્રત કરેલી હોવી જોઇશે તથા જુના મુદત વિતી બાકીદારો સામે કલમ-૧૦૬(૧) કે ૧૦૩(બ) મુજબના પ્રમાણપત્રો મેળવેલ હોવા જોઇશે તેની વિગતો દર્શાવતુ પત્રક રજુ કરવાનું રહેશે. તેમજ વખતો વખત કેસીસી ધિરાણના મુદતવીતી થનાર બાકીદારો સામે કાયદેસર કાર્યવાહી તરત જ કરી લેવા અંગેની ઠરાવથી ખાત્રી આપવાની રહેશે.

(૪) મુદત વિતેલ બાકીદાર સભાસદો તથા પેટા નિયમ મુજબ શેર નહી ધરાવનાર સભાસદો મંડળીની વ્યવસ્થાપક કમિટિના સભ્ય તરીકે ચુટાઇ શકશે નહિ અગર ચાલુ રહી શકશે નહી તેમને તુરત જ જરૂરી કાર્યવાહી કરીને છુટા કરવાના રહેશે. ત્યારબાદ જ લોન ઉપાડ કરી શકશે.

(૫) "Rupay KCC Card" ઇસ્યુ થાય તેની દૈનિક માહિતી આપવાની રહેશે અને તેને લગતા પત્રકો તથા પાકવાર થયેલ ધિરાણનું મેળવણું બેંક સાથે દર માસે કરી લેવાનું રહેશે.

(૬) સહકારી ખાતા તરફથી થયેલ મંડળીના ઓડીટનો દુરસ્તી અહેવાલ તથા બેંકના અધિકારીઓની મુલાકાત કે તપાસણી નોંધનો વાસ્તવિક દુરસ્તી અહેવાલ બેંકની શાખામાં નિયત સમયમર્યાદામાં રજુ કરેલા હોવા જોઇએ.

(૭) મંડળીના દરેક કર્મચારીઓના જામીનખતો અને જામીનોની સધ્ધરતાના આધારોની ખરી નકલ બેંકમાં રજુ કરવાની રહેશે અને મંત્રીની નિમણુંકમાં બેંકની સંમતિ મેળવેલી હોવી જોઇએ. મંત્રી બીજી મંડળીમાં કામ કરતા ન હોવા જોઇએ તેમજ મંડળીના દરેક કર્મચારીઓને ખેતી વિષયક સિવાયના ધિરાણ આપતા પહેલા મુખ્ય કચેરીની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે. કર્મચારીની નિવૃત્ત વય મર્યાદા ૫૮ વર્ષની રાખવાનો નિયમનો અમલ કરવાનો રહેશે અને ૫૮ વર્ષ ઉપરના કર્મચારી બેંકની પૂર્વ મંજુરી વગર ચાલુ રાખી શકશે નહી બેંકનો હિત સંબંધ હશે ત્યાં સુધી મંડળીના મંત્રીની નિમણુંક અંગે બેંકની સુચનાનો અમલ મંડળીએ કરવાનો રહેશે.

(૮) મંડળીએ તમામ પ્રકારની મિલકતો જેવી કે ઓફિસ, ગોડાઉન, ફર્નિચર, માલ સ્ટોક, કેશ તથા કેશ ઇન ટ્રાન્ઝીસ્ટ, કર્મચારીઓની ફીડાલીટી ગેરંટી, શોપ કિપર પોલીસી વગેરેના જરૂરી રકમના માન્ય વિમા કંપનીમાં બેંક એકાઉન્ટના વિમા ઉતરાવી વખતોવખત રીન્યુ કરાવી પોલીસી બેંકને સુપ્રત કરવાની રહેશે અને નકલ મંડળીના રેકર્ડ પર રાખવાની રહેશે.

(૯) મંડળીની હાથ પરની સિલકની જવાબદારી તથા તેની મર્યાદાની અને માલ સ્ટોક રાખવાની અને ચોપડાઓની જવાબદારી કોની રહેશે તે મંડળીની કમીટીએ ઠરાવથી નક્કી કરવું જોઇશે અને ઠરાવ મુજબ તેઓએ જવાબદારી કબુલ રાખ્યા બદલની સહી સાથેના કાગળો તથા ઠરાવની નકલ શાખાને સોંપવી જોઇશે. પગારદાર કર્મચારી સિવાયના કોઇને પણ સિલક માલ કે ચોપડા રાખવા દઇ શકશે નહી. હાથ પર રાખવાની સિલકની મર્યાદા પેટા નિયમની જોગવાઇ મુજબ વીમા પોલીસીમાં નિર્દેશ કરેલ સ્થળે રાખવાની રહેશે.

(૧૦) મંડળીનું દફતર વિગેરે વ્યવસ્થિત હોવા અંગેની બેંકના અધિકૃત અધિકારી પાસે ખાત્રી કરાવી લીધેલ હોવી જોઇશે. બેંક ગમે ત્યારે રેકર્ડ ચકાસી શકશે.

(૧૧) મંડળીએ ખાતર તથા દવાના વેચાણના તથા જરૂર હોય તે વેપારી કામકાજ માટે તથા પ્રવર્તમાન અન્ય નિયમો અનુસાર લાયસન્સ મેળવેલા હોવા જોઇશે અને નિયમ મુજબ દરેક લાયસન્સ રીન્યુ કરાવી લેવાના રહેશે તથા તે પ્રમાણે ચોપડા અને વ્યવહાર રાખવાનો રહેશે.

(૧૨) મંડળીએ મંજુર થયેલ પુરી રકમની મુદત પ્રમાણની વચન ચીઠ્ઠી રજુ કરવાની રહેશે.

(૧૩) વિમા પોલીસીમાં નિર્દિષ્ઠ કર્યા પ્રમાણે કેશ લોખંડના કબાટમાં કે તિજોરીમાં નિયત સ્થળે રાખવાની રહેશે અને રોજમેળ રોજે રોજ લખેલ હોવા જોઇએ તથા સિલકનું મેળવણુ કરેલુ હોવુ જોઇશે તે અંગે ઠરાવથી ખાત્રી આપવાની રહેશે.

(૧૪) મંડળીના પેટા નિયમમાં મંડળીની વ્યવસ્થાપક કમિટિમાં બેંકના પ્રતિનિધિની જોગવાઇ કરવાની રહેશે અને બેંકે નિયુક્તિ કરેલ પ્રતિનિધિને મીટીંગમાં હાજર રહેવા દર વખતે અગાઉથી લેખિત ખબર આપવાની ઠરાવથી ખાત્રી આપવાની રહેશે. તેમજ કાર્યવાહી નોંધ સમયસર બેંકની શાખામાં રજુ કરવાની રહેશે.

(૧૫) **મંડળીએ કોમન એકાઉન્ટીંગ સિસ્ટમ પ્રમાણે હિસાબો લખવાના રહેશે, રજીસ્ટરો નિભાવવાના રહેશે અને મંડળીના તારીજ, વેપાર પત્રક, નફા તોટા પત્રક અને સરવૈયા કોમન એકાઉન્ટીંગ સિસ્ટમ પ્રમાણેના તૈયાર કરવાના રહેશે.** મંડળીએ બેંકને મોકલવાના તમામ વિભાગના માસિક પત્રકો (તારીજ, સરવૈયું અને સ્ટોક પત્રક) પછીના મહીનાની ૫ મી તારીખે મળી જ જવા જોઇએ. જો ૫ તારીખ સુધીમાં પત્રકો નહી મળે તો શાખા અધિકારી તમામ ઉપાડ બંધ કરી શકશે. આવા પત્રકો બેંકમાં રજુ કર્યા બાદ જ મંડળીના મંત્રી અને બીજા કર્મચારીઓને આ બેંક સાથેના ચાલુ/બચત ખાતાના ઓર્ડર ચેકથી જ પગાર ચુકવવા ઠરાવથી ખાત્રી આપવાની રહેશે.

(૧૬) બેંક આ રીવોલ્વીંગ રોકડ શાખ ખાતા પર વ્યાજ ૩૧ મી માર્ચનાં અંતે આકારશે. મંડળીનું ચઢત વ્યાજ કે મુદત વિતેલ કોઇ લ્હેણુ કે નિયત માર્જીનની તુટની રકમ મંડળીના થાપણ ખાતેથી ગમે ત્યારે વાળી લેવાનો બેંકનો અધિકાર રહેશે. તેજ પ્રમાણે મંડળીઓએ પણ વાર્ષિક ધોરણે વ્યાજ ઉધારવાનું રહેશે.

(૧૭) મંડળી પોતાના થાપણ તથા લોન ખાતા આ બેંક સિવાય બીજે આ બેંકની પૂર્વ મંજુરી સિવાય રાખી શકશે નહી.

(૧૮) મંડળીમાંથી ધિરાણ મેળવતા સભાસદોએ બેંકે અમલમાં મુકેલ અને મંડળી મારફત થતા તમામ પ્રકારની સુવિધા મંડળીમાંથી જ મેળવવાની રહેશે. મંડળીને બોજામાં લખી આપેલ જમીન મંડળીની પૂર્વ પરવાનગી વીના તબદિલ કરનારને તેમજ તેવી જમીન રાખનારને પણ મંડળી ધિરાણ આપી શકશે નહી અને બાકી લ્હેણુ તુરત જ વસુલ કરી લેવાનું રહેશે.

(૧૯) મંજુરી પત્રમાં કોઇપણ શરત ઉમેરવાનો કે ફેરફાર કરવાનો બેંકને અધિકાર રહેશે અને તે મંડળી/વ્યક્તિને બંધનકર્તા રહેશે. તેમાં મુદત અને વ્યાજના દરમાં ફેરફાર કરવાના બેંકના અધિકારનો પણ સમાવેશ થશે. બેંકના વખતોવખતના જે તે પરિપત્રો પણ મંડળી/વ્યક્તિને બંધનકર્તા રહેશે.

(૨૦) મંડળીએ રાસાયણીક ખાતર તથા જંતુનાશક દવા જિલ્લા-તાલુકા ખરીદ વેચાણ સંઘ કે ગુજરાત સ્ટેટ કો.ઓ.માર્કેટીંગ ફેડરેશન પાસેથી જો મળતા હોય તો ત્યાંથી જ ખરીદવાના રહેશે.

(૨૧) દરેક ધિરાણ લેનાર સભ્યને કરેલ ધિરાણની ખરાઇ માટે તથા તેની પાસેની વસુલાતપાત્ર બાકી રકમની વસુલાત માટે તથા તેના ઉત્પન્ન માલ તથા તેના વેચાણની વિગત જાણવા માટે બેંકના અધિકારીઓને તેમને બોલાવવાનો અને તેમના નિવેદન લેવાનો હકક રહેશે. તે મતલબના સભ્યો સાથે ધિરાણના કરાર કરેલા હોવા જોઇશે તેમજ દરેક સભ્યના ધિરાણ અને બેંકના લ્હેણા પેટે ખેડુત સભાસદોનો ઉત્પન્ન માલ બેંકને એસાઇન કરેલા હોવા જોઇશે. દર છ માસે તમામ બાકી લ્હેણાના વ્યક્તિવાર પત્રક સરવૈયા સાથે મેળવીને બેંકને રજુ કરવાના રહેશે. વસુલાત બેંકના લ્હેણાંમાં જ ભરવાની રહેશે.

(૨૨) **(અ) મંડળીએ ૨૦૨૬-૨૭ ના વર્ષમાં બીજા ડીમાન્ડ સાથે તા.૩૧-૩-૨૦૨૬ ના તારીજ, વેપાર પત્રક, નફા તોટા પત્રક, સરવૈયા સામેલ કરવાની બાંહેધરી મેળવી લેવાની રહેશે.**

(બ) મંડળીએ તા.૩૧-૩-૨૦૨૬ ના તારીજ, વેપાર પત્રક નફા તોટા પત્રક અને સરવૈયા તથા જરૂરી પત્રકો સાથેનું મંડળીનું ઇન્સ્પેકશન બેંકના અધિકારી પાસે તા.૩૦-૬-૨૦૨૬ સુધીમાં કરાવી લેવાની બાંહેધરી ચેરમેન/સેક્રેટરીએ આપવાની રહેશે અને શાખાના ફિલ્ડ વિભાગના અધિકારીએ મંડળીઓના ઇન્સ્પેકશન તા.૩૦-૯-૨૦૨૬ સુધીમાં પુરા કરી જેના મેમા હેડ ઓફીસ મોકલી આપવા ખાત્રી આપવાની રહેશે.

(૨૩) **(અ) ઇમબેલેન્સ વાળી મંડળીએ અને શાખા અધિકારીએ મંડળીનું બેંક લોનનું ઇમબેલેન્સ ગયા વર્ષ કરતાં વધ્યુ/ઘટ્યું હોવાનું વધ/ઘટ ની રકમ અને કારણો સહિતનું સર્ટીફીકેટ આપવાનું રહેશે. ઇમબેલેન્સ ફરજીયાત ઘટાડવાનું રહેશે.**

(બ) ઇમબેલેન્સવાળી મંડળીએ મંડળીનું ઇમબેલેન્સ ઘટાડવા માટે નાના ખેડુત સભાસદોના ઓછામાં ઓછા રૂા.૩૦૦/- અને મોટા ખેડુત સભાસદોના ઓછામાં ઓછા રૂા.૫૦૦/- ના શેર કપાત કરવાનાં રહેશે અને તે રકમના બેંકના વધારાના શેર ન લેતાં કપાતની બધી રકમની લોન લઇ બેંક લોન ખાતામાં જમા કરાવીને ક્રમશઃ ઇમબેલેન્સ ઘટાડવા કાર્યવાહી કરવી અને ત્યાર પછીના સમયમાં ઇમબેલેન્સ વધે નહી તેવો વ્યવહાર રાખવા અને વહીવટ કરવા ખાસ ધ્યાન આપવાનું રહેશે.

૨૨. **નામધારી સભાસદોને બેંકમાંથી સીધુ ધિરાણ આપવા બાબત :-**

(૧) જયાં સહકારી મંડળીઓ સ્થગિત છે યા ફડચામાં ગયેલી છે અગર મંડળી ધિરાણ ન કરતી હોય તેમજ તેમની મંડળીને કોઇ સંજોગોમાં બેંક ધિરાણ કરી શકે તેમ ન હોય તેવા પ્રસંગે આવી લગત મંડળીઓના નિયમિત વ્યવહારવાળા સભાસદ પાક ધિરાણથી વંચિત ન રહે તે બાબત ધ્યાને લઇ તેઓને બેંકના નામધારી સભાસદ બનાવી બેંકમાંથી સીધુ ધિરાણ આપવામાં આવશે.

(૨) બેંકમાંથી સીધુ ધિરાણ લેવા ઇચ્છુકે બેંકનાં નામધારી સભાસદ બનવાનું રહેશે.

(૩) નામધારી સભાસદે કર્જની રકમનાં ૫% રકમનું બેંકની બાંધી મુદત થાપણમાં ધિરાણ લેવાનું ચાલુ હોય તે સમયગાળા માટે રોકાણ કરવાનું રહેશે.

(૪) મંડળીઓના સભાસદોને જે શરતો અને બોલીઓ અનુસાર કેસીસી પાક ધિરાણ અને મધ્યમ મુદત ધિરાણ આપવામાં આવે છે તે બધી શરતો અને બોલીઓ અનુસાર બેંકનાં નામધારી સભાસદોને કેસીસી પાક ધિરાણ અને મધ્યમ મુદત ધિરાણ આપવામાં આવશે.

૨૩. **મધ્યમ મુદત ધિરાણો :-**

(અ) મંડળીઓની મધ્યમ મુદત ધિરાણ મેળવવાની પાત્રતા

(૧) નાબાર્ડની વખતોવખતની ગાઇડ લાઇન્સ પ્રમાણે પાત્ર મંડળીઓના પાત્ર સભાસદો અને બેંકના પાત્ર નામધારી વ્યક્તિ સભાસદોને જુદા જુદા હેતુઓ માટે બેંક વખતોવખત નક્કી કરે તે ધોરણે અને શરતોએ મધ્યમ મુદત ધિરાણ આપવામાં આવશે.

(૨) મધ્યમ મુદત ધિરાણના હેતુ માટે નક્કી કરેલ યુનીટ કોસ્ટની મર્યાદામાં સભાસદની કરજ ભરપાઇ કરવાની શક્તિ, તેઓનો મંડળી/બેંક સાથેનો વ્યવહાર, કાર્યક્ષમતાને બીજી કોઇ નાણાં ધિરનારી સંસ્થામાંથી કર્જ ન લીધું હોવાના સર્ટીફીકેટ વિગેરે બાબતો ધ્યાને લઇ આવુ ધિરાણ આપવામાં આવશે. દરેક પ્રકારના હેતુની યુનીટ કોસ્ટ તથા કર્જ ભરપાઇ કરવાની મુદત બેંકની બોર્ડમાં વખતોવખતમાં નક્કી કરશે.

(૩) ખેતી વિષયક મંડળીઓના સભાસદો અને બેંકના નામધારી સભાસદે ટ્રેકટર, ટ્રોલી, ઓઇલ એન્જીન, ઓરડી, દ્રીચક્રી વાહન, ઇલે.મોટર, ખેત ઓજારો, ગોડાઉન બાંધકામ, ગ્રીન હાઉસ, ડેરી ઉદ્યોગ, દૂધાળા ઢોર ખરીદવા, નવીન કુવો બનાવવા, કુવો ઉંડો કરવા, સુર્યશક્તિ સોલાર યોજના, તારની વાડ, પશુપાલકોને પશુના નિભાવ માટે કેસીસી ધિરાણ વિગેરે માટે મધ્યમ મુદત લોન આપવામાં આવશે. સભાસદે કુલ એસ્ટીમેટના યુનીટ કોસ્ટનાં બેંકની નિતી મુજબ નક્કી કરેલ રકમનું પોતાનું રોકાણ કરવાનું રહેશે.

(૪) સભાસદોની કર્જ ભરપાઇ કરવાની શક્તિ માટે બેંક તરફથી કેસીસી પાક ધિરાણનાં જે દર નક્કી કર્યા છે તેના ૫૦% ગણાશે.

૨૪. **(અ) મધ્યમ મુદત ધિરાણ મેળવવા મંડળીની પાત્રતા :**

(૧) મંડળીનો ઓડીટ વર્ગ ''અ'', ''બ'' કે ''ક'' હોવો જોઇએ.

(૨) મંડળી નફામાં કામ કરતી હોવી જોઇએ.

(૩) મંડળીમાં બેંકનું ઇમબેલેન્સ ન હોવુ જોઇએ પરંતુ તેમાં મંડળીના વ્યવહાર ધ્યાને લઇ બેંક છુટછાટ આપશે.

(૪) મંડળીમાં મુદતવીતી બાકી ૪૦% થી વધારે ન હોવી જોઇએ તેમ છતાં મંડળીના કમિટિ સભ્યો અને કર્મચારીઓ તરફથી મંડળીની ૬૦% મુદતવીતીની વસુલાતનો વાસ્તવિક એકશન પ્લાન આપી તેનો અમલ કરવા ખાત્રી આપવામાં આવશે તો તેવી મંડળીના ખેડુત સભાસદોના હિતમાં ધિરાણ મંજુર કરવા વિચારણા કરવામાં આવશે.

(૫) મંડળીના પેટા નિયમ પ્રમાણે બહારથી કર્જ કરવાની મર્યાદા પુરતી હોવી જોઇએ. જો યત્તાની તુટ હોય તો યત્તાની દરખાસ્ત જિલ્લા રજીસ્ટ્રારશ્રીને મોકલી યત્તા મંજુર કરાવવાની રહેશે.

(૬) મંડળી બેંકનાં સુચનો/નિયમોનું પાલન કરતી તેમજ બેંક તરફથી માંગવામાં આવતી માહિતી સાચી અને સમયસર પુરી પાડતી હોવી જોઇએ.

(૭) મંડળીએ મુ.વી. બાકીદારો સામે કાયદેસરના પગલા ભરેલા હોવા જોઇએ.

(૮) મંડળી સમયસર ઓડિટ અને ઇન્સ્પેકશનાં વાસ્તવિક દુરસ્તી રીપોર્ટ સમયમર્યાદામાં મોકલતી હોવી જોઇએ.

(બ) મધ્યમ મુદત ધિરાણ મેળવવા મંડળીનાં સભાસદો અને બેંકનાં નામધારી સભાસદોની પાત્રતા

(૧) છેલ્લા પાંચ વર્ષમાં સભાસદનો મંડળી/બેંક સાથેનો વ્યવહાર ઓછામાં ઓછો ત્રણ વર્ષમાં નિયમિત હોવો જોઇએ.

(૨) સભાસદ કોઇપણ અન્ય નાણાં ધિરનારી સંસ્થામાંથી કર્જ ન લેતો હોવો જોઇએ. આવુ કર્જ લીધેલ નથી/બાકી નથી તેવુ કાર્ય વિસ્તારની બેંકનું સર્ટી મેળવી રજુ કરવાનું રહેશે.

૨૫. તા.૩૧-૩-૨૦૨૨ નાં અંતનાં નાબાર્ડ ઇન્સ્પેકશનમાં બેંકનો ઇન્સ્પેકશન રેટીંગ "A" મળેલ હોવાથી નોનફાર્મ સેકટરમાં વ્યક્તિગત અને ભાગીદારીપેઢીને ધિરાણ કરવાની એકસપોઝર લીમીટ રૂા.૪૦/- લાખના બદલે રૂા.૬૦/- લાખ સુધીની વધેલ છે. જેનો બેંકે તા.૦૮-૦૫-૨૦૨૩ ની બોર્ડ મીટીંગમાં ઠરાવ નં.૬ થી અમલ કરેલ છે. તેમજ યુનીટ વાઇઝ ધિરાણ કરવાની એકસપોઝર લીમીટ કેપીટલ ફંડનાં ૫૦% ના બદલે ૬૦% સુધીની તથા સેકટર વાઇઝ એકસપોઝર લીમીટ લેન્ડેબલ રીસોસીસ ૪૦% નાં બદલે ૫૦% સુધીની વધેલ છે.

૨૬. બેંકની બોર્ડ ઓફ ડિરેકટર્સની તા.૩૧.૧૨.૨૦૨૨ની મીટીંગના ઠરાવ નં.૪૬ તથા તા.૨૪.૦૩.૨૦૨૪ ની મીટીંગના ઠરાવ નં.૨૮ (૫) થી બેંક ધ્વારા પુરા પાડવામાં આવતા તમામ પ્રકારના ખેતિ વિષયક / બિન ખેતિ વિષયક ધિરાણો મંજુર કરવાની સત્તાઓ નીચે મુજબ આપવામાં આવેલ છે.

૧. બેંકનાં તમામ પ્રકારનાં રૂા.૬૦/-લાખ સુધીના ખેતિ વિષયક / બિન ખેતિ વિષયક ધિરાણો તથા રૂા.૭૫/-લાખ સુધીની હાઉસીંગ લોન મંજુર કરવાની સત્તા બેંકનાં ચીફ એકઝીક્યુટીવ ઓફિસરશ્રીને.

૨. બેંકનાં રૂા.૩/-લાખ સુધીના નોન ફાર્મ રીટેલ ધિરાણ મંજુર કરવાની સત્તા જનરલ મેનેજરશ્રીને.

૩. રૂા.૫૦,૦૦૦/-થી ઉપરના માઇક્રો ફાયનાન્સ ધિરાણ મંજુર કરવાની સત્તા હેડ ઓફિસ ના આંકડા વિભાગ / એકાઉન્ટ વિભાગના અધિકારીશ્રીઓને.

૪. રૂા.૫૦,૦૦૦/-સુધીના માઇક્રો ફાયનાન્સ ધિરાણ મંજુર કરવાની સત્તા લોન વિભાગના અધિકારીશ્રીઓને.

૫. ફીક્સ ડિપોઝીટ સામે ઓવર ડ્રાફ્ટ અને સોના-ચાંદી દાગીના સામે ધિરાણ કરી ઉપાડ આપવાની સત્તા શાખાના એજન્ટ-ઈન્સ્પેકટરશ્રીને.

૬. મંડળીઓના મંજુર શાખપત્રકોની કુલ પરમાવીધી શાખ અને તે શાખપત્રકમાં સમાવિષ્ટ મંડળીના ખેડુત સભાસદોની વ્યક્તિગત આખરી શાખ મંજુર કરવાની તેને નવા સ્કેલ મુજબ રીન્યુઅલ કરવાની અને મંડળીઓનાં કે વ્યક્તિઓના પરમાવધી શાખ મંજુરી પત્રો ઈશ્યુ કરવાની અને આ મંજુર કરેલ શાખની હદમાં અગાઉ લીધેલ ધિરાણની ૧૦૦% ચુક્તે વસુલાત આપતા ચોખ્ખા ખેડુત સભાસદોની વ્યક્તિગત મંજુર શાખની હદ અને બેંકની ધિરાણનીતિમાં નકકી થયેલ નીતિનિયમોનો અમલ કરી ડીમાન્ડ મંજુર કરવાની સત્તા શાખના એજન્ટ-ઈન્સ્પેકટરશ્રીને.

૨૭. બેંકની ધિરાણનીતિમાં બેંકના કાર્યવિસ્તારના ત્રણેય જિલ્લા પંચમહાલ, મહીસાગર, દાહોદમાં આવેલ સીમાંત/નાના ભાડુઆત અથવા મૌખિક ભાડાપટ્ટો તરીકે રહેતા સભાસદોને ધિરાણ આપવા તેવા સભાસદ જોડેથી ભાડાની જગ્યામાં રહેતા હોય તો ઘર માલિક પાસેથી રૂા.૩૦૦ ના સ્ટેમ્પ ઉપર ભાડા કરારની નકલ, ઘરની છેલ્લા માસની ભાડા પહોંચ, ભાડાની જગ્યાનો પુરાવો તથા ભાડે આપનારના એડ્રેસપ્રુફ તથા ઓળખપત્ર લઈ ધિરાણ આપવામાં આવશે.

૨૮. બેંકમાંથી આપવામાં આવતા તમામ પ્રકારનાં બિન ખેતી વિષયક ધિરાણોમાં ધિરાણની સલામતી તરીકે અરજદાર પાસેથી ચેક લેવાના રહેશે.

૨૯. બેંકમાંથી આપવામાં આવતા તમામ પ્રકારનાં બિન ખેતી વિષયક ધિરાણો પર પ્રોસેસિંગ ચાર્જ બેંકના નીતિ નિયમ મુજબ લેવાનાં રહેશે.

૩૦. બેંકના કાર્યવિસ્તારમાં આવતા પંચમહાલ, મહીસાગર અને દાહોદ જીલ્લાના અરજદારોને બેંકના નામધારી સભાસદો બનાવી તેમની નાણાની જરૂરિયાત મુજબ બેંક દ્વારા તમામ પ્રકારનાં ખેતિ વિષયક/ બિન ખેતિ વિષયક ધિરાણો પુરા પાડવામાં આવે છે આ તમામ ધિરાણોમાં અરજદારોની ધિરાણ લેવા માટેની વયમર્યાદામાં ફેરફાર કરી ડોક્ટરો, વકીલો, એન્જીનીયરો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જેવા પ્રોફેશનલ્સ વ્યક્તિઓને ધિરાણ માટેની વયમર્યાદા ૬૦ વર્ષ અને બાકીના તમામ અરજદારોને ધિરાણ માટે ૫૫ વર્ષની વયમર્યાદા યથાવત રહેશે તેમજ તમામ ખેતિ વિષયક/ બિન ખેતિ વિષયક ધિરાણો માટે તથા બેંકની તમામ ધિરાણ પોલીસીઓમાં અરજદારોની વયમર્યાદામાં હવે પછીથી ઉપર મુજબ રહેશે.

❖ **માઈક્રો ફાઈનાન્સની નીતિ :-**

બેંક કાર્ય વિસ્તારમાં આવતા કોઈપણ વ્યક્તિને વેપાર/ધંધો કરવા માટેની કાર્યશીલ મૂડી માટે બેંક દ્વારા નાના પાયે રેકડી ચલાવીને સભાસદોને રોજીંદી આવક મેળવતા દુકાનદાર, લારી ગલ્લા અને ફેરીયાને રોજીંદો ધંધો કરવા માટે, માલની ખરીદી કરવા માટે, દૂધ મંડળીઓમાં નિયમિત દૂધ ભરતા પશુપાલકો, ખેડૂતોને તેઓના સામાજીક અને ભૌતિક ખર્ચાઓને પહોંચી વળવા માટેની કાર્યશીલ મૂડી માટે વ્યક્તિ સીધું રૂા.૨૦,૦૦૦/- નું લઘુ (માઈક્રો ફાઈનાન્સ) ધિરાણ આપવામાં આવે છે અને ધિરાણ લીધેલ સભાસદો પૈકી નિયમિત સમયસર ભરપાઈ કરેલ સભાસદોને હાલમાં રૂા.૫૦,૦૦૦/- ની મર્યાદામાં ધિરાણ આપવામાં આવે છે. જેમાં વધારો કરી નિયમિત સમયસર ભરપાઈ કરેલ સભાસદોને મહત્તમ રૂા.૭૫,૦૦૦/- સુધીની મર્યાદામાં માઈક્રો ફાઈનાન્સ ધિરાણ (લઘુ ધિરાણ) આપવા માટેની ધિરાણનીતિ.

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા-૩૮૯ ૦૦૧.

ધિરાણનો પ્રકાર :-	માઇક્રો ફાઇનાન્સ (લઘુ ધિરાણ)
ધિરાણની પાત્રતા :-	બેંકના કાર્ય વિસ્તારમાં આવતા કોઇપણ વ્યક્તિ વેપાર/ધંધો કરવા માટેની કાર્યશીલ મૂડી માટે બેંક દ્વારા બેંકના કાર્યવિસ્તારમાં નાના પાયે રેકડી ચલાવીને સભાસદોને રોજીંદી આવક મેળવતા દુકાનદાર, લારી ગલ્લા અને ફેરીયાને રોજીંદો ધંધો કરવા માટે, માલની ખરીદી કરવા માટે, દૂધ મંડળીઓમાં નિયમિત દૂધ ભરતા પશુપાલકો, ખેડૂતોને તેઓના સામાજીક અને ભૌતિક ખર્ચાઓને પહોંચી વળવા માટે વ્યક્તિઓ ધિરાણને પાત્ર રહેશે.
ધિરાણની મર્યાદા :-	રૂા.૨૦,૦૦૦/- થી મહત્તમ રૂા.૭૫,૦૦૦/- ની મર્યાદામાં
ધિરાણની મુદત :-	૨ વર્ષ
વ્યાજનો દર :-	હાલમાં ૧૪% (બેંકના પ્રવર્તમાન ધોરણો મુજબ વ્યાજનો દર લાગુ પડશે.)
મુદતવીતી દંડનીય વ્યાજ :-	૨% (ખાતુ મુદતવીતી થયેથી નોટીસ ચાર્જ, વકીલ ફી અને અન્ય કાનૂની ચાર્જ તેઓના ખાતે ઉધારી શકાશે.)
સીક્યુરીટી :-	એડવાન્સ ચેક તથા જાત જામીન અને જામીનદારોની અરજદાર ધિરાણ ન ભરે તો તેઓએ ભરપાઇ કરવાની બાંહેધરી.
જામીનદાર :-	બે સક્ષમ જામીન આપવાના રહેશે.
અરજદારે સામેલ કરવાના પત્રકો :-	(૧) અરજદાર તેમજ જામીનોના કેવાયસી તથા તેમના પાસપોર્ટ સાઇઝના ફોટા, ઘરના સરનામા માટે અરજદારનું આધારકાર્ડ અને લાઇટબીલ ફરજીયાત જોઇશે. (૨) અરજદાર તથા બંને જામીનો બેંકના નામધારી સભાસદ બનેલા હોવા જોઇએ. (૩) સભાસદનો આપણી બેંક સાથેનો વ્યવહાર જોઇને ધિરાણ આપવામાં આવે છે. (૪) સભાસદ કયા પ્રકારનો કેટલા સમયથી ધંધો કરે છે અને તેના ધંધાનું પુરૂં સરનામું જણાવવાનું રહેશે. ધિરાણની જરૂરીયાતનું કારણ જણાવવાનું રહેશે. (૫) સભાસદના આપણી બેંકના ચેકો સામા આ પ્રકારનું ધિરાણ આપવામાં આવે છે. (૬) સભાસદ નોકરીયાત હોય તો તે સંસ્થા કે કચેરીનું નામ અને સરનામું, નોકરીનો હોદ્દો, પગાર સ્લીપમાં કુલ પગાર અને હાથ પર આવતો પગાર, કાયમી છે કે કરાર આધારિત છે, કેટલા સમયથી નોકરી કરે છે અને કેટલી નોકરી બાકી છે. (૭) અરજદારના બંને જામીનો સધ્ધર હોવા જોઇએ. (૮) અરજદારની ઉંમર ૫૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ. (૯) અરજદાર અક્ષરજ્ઞાન ધરાવતો હોવો જોઇએ. (૧૦) અરજદારની ભરપાઇ કરવાની ક્ષમતા ચકાસીને ધિરાણ કરવામાં આવશે.

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા-૩૮૯ ૦૦૧.

❖ **પગારદાર કર્મચારીને પગાર સામા લોન :-**

બેંકના કાર્યવિસ્તારના પંચમહાલ, મહીસાગર અને દાહોદ જિલ્લાની શાખાઓ દ્વારા પગારદાર કર્મચારીઓને બેંકની શાખા દ્વારા નોમિનલ સભાસદ બનાવીને તેઓના છેલ્લા માસની પગાર સ્લીપ મુજબ કુલ માસિક પગાર તેમાંથી કપાત બાદ કરી તેઓના હાથ પર આવતા પગારના ૧૦ ગણી રકમ અથવા વધુમાં વધુ રૂા.૧૫,૦૦,૦૦૦/- સુધીની લોન વ્યાજ સહિત માસિક હપ્તાથી ભરપાઇ કરવાની શરતે ૭ વર્ષની મુદ્દત માટેની પગારદાર કર્મચારીને પગાર સામા લોન આપવા માટેની ધિરાણ નીતિ.

❖ ૧. લોન લેનાર પગારદાર કર્મચારીનો ક્રેડીટ સ્કોર (સીબીલ) અને નાબાર્ડના નોર્મ્સ મુજબ પાત્ર હોવો જોઇએ.

૨. ગુજરાત કો.ઓ.સો.એકટ ૧૯૬૧ ની સહકારી કાયદાની કલમ નં.૫૦(૧) (૨) (૩) અને (૪) મુજબ મુખત્યારનામું નોકરીએ રાખનાર પાસેથી લેવાનું રહેશે અને આપણી બેંકમાં જે સંસ્થાનો પગાર થતો હોય તેવા કિસ્સામાં અરજદાર કર્મચારીની પગારમાંથી કપાતની બાંહેધરી લઇ તેના થાપણ ખાતામાંથી (પગાર જમા થતો હોય તે) હપ્તાની વસુલાત કરવાની રહેશે.

૩. પગારદાર કર્મચારી સરકારી, અર્ધસરકારી કે સરકારશ્રીના નિગમો (GEB જેવા અન્ય નિગમો) કે ગ્રાન્ટેબલ સ્કુલના શિક્ષકો અને સહકારી સંસ્થાઓના કાયમી કર્મચારીઓ વિગેરે હોવા જોઇએ, અન્ય ખાનગી સંસ્થા, કંપનીના કર્મચારીઓને આ લીમીટ વધારાને પાત્ર થશે નહી. આવા પગારદાર કર્મચારીઓને અગાઉ નક્કી કર્યા મુજબ રૂા.૩ લાખની મર્યાદામાં ધિરાણ મળવાપાત્ર રહેશે.

૪. પગારદાર કર્મચારીનાં માસિક ગ્રોસ પગારમાંથી તેઓની પગાર કપાત બાદ કર્યા પછી હાથમાં આવતા પગારના ૧/૩ રકમ તેઓના જીવનનિર્વાહ માટે બાદ કરી બાકી વધેલ રકમ ૧૦ ગણી રકમ કે વધુમાં વધુ રૂા.૧૫.૦૦ લાખ બેમાંથી જે ઓછી રકમ થાય તે આપી શકાશે.

૫. પગારદાર કર્મચારી આવકવેરો ભરતો હોવો જોઇએ અને તેઓના સિબીલ રીપોર્ટનો ક્રેડીટ સ્કોર અને અન્ય બેંકોમાંથી લીધેલ ધિરાણોની રકમોનો ભરપાઇ કરવાના માસિક હપ્તાની રકમો પણ તેઓના હાથ પર આવતા પગારમાંથી કપાત કરી બાકી ચોખ્ખી હાથ પર આવતી રકમનાં ૧૦ ગણાં કે વધુમાં વધુ રૂા.૧૫.૦૦ લાખ બે માંથી ઓછી રકમ હોય તે રકમ ધિરાણ મેળવવાપાત્ર રકમ ગણાશે.

૬. ધિરાણની મુદત વધુમાં વધુ ૭ વર્ષની રહેશે પરંતુ પગારદાર કર્મચારીની નિવૃત્તિની મુદત તેનાં પહેલી આવતી હોય તે નિવૃત્તિનો વર્ષ સુધીની જ મુદતની લોન મંજુર કરી શકાશે.

૭. અરજદાર કોઇપણ બેંક કે સંસ્થામાં મુદ્દતવીતી બાકીદાર ન હોવા જોઇએ.

૮. અરજદારના બંને જામીનો દાર અને સધ્ધર અને મિલ્કત ધરાવતા હોવા જોઇએ.

૯. અરજદારની ઉંમર ૫૫ વર્ષથી વધારે ન હોવી જોઇએ અને અરજદારની ઉંમર ૫૫ વર્ષથી વધારે હોય તો સંયુક્ત અરજદાર તરીકે વારસદારને કે જેની ઉંમર તેથી વધુ ન હોય અને કામ ધંધો કે નોકરીની આવક ધરાવતો હોય તેઓને સામેલ કરીને ધિરાણ કરવામાં આવશે.

૧૦. અરજદાર તથા બંને જામીનો બેંકના નામધારી સભાસદ હોવા જોઇએ.

૧૧. સભાસદ જે સંસ્થામાં નોકરી કરતાં હોય તો તે સંસ્થાની છેલ્લા ત્રણ માસની પગાર સ્લીપ તથા છેલ્લા ૩ વર્ષના આવકવેરાના ભરેલ રીટર્નની નકલો તથા ફોટા, પાનકાર્ડ, આધારકાર્ડ રજુ કરવાના રહેશે.

૧૨. અરજદારે લીધેલ લોનના માસિક વ્યાજ સહિત હપ્તા ભરવાના રહેશે.

૧૩. હાલનો આ પ્રકારની લોનનો વ્યાજનો દર ૧૨.૫૦% છે જે બેંકની નીતિને આધીન ફેરફારને પાત્ર રહેશે.

૧૪. અરજદારે લીધેલ લોનનો વ્યાજ સહિત માસિક હપ્તો જે બેંકમાં પગાર જમા થતો હોય તે બેંકમાંથી કપાત કરવાની બાંહેધરી આપવાની રહેશે.

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા-૩૮૯ ૦૦૧.

❖ **વ્યક્તિ હાઉસિંગ લોનની ધિરાણનીતિ :-**

બેંક દ્વારા નવીન મકાન, તૈયાર મકાન / ફ્લેટ ખરીદવા, મકાન રીપેરીંગ કરવા માટે બેંકની શાખા દ્વારા નોમિનલ સભાસદ બનાવીને વ્યક્તિ હાઉસિંગ લોન આપવા માટેની ધિરાણનીતિ તથા ઓપરેશનલ ગાઇડલાઇન નીચે મુજબ છે.

ધિરાણનો પ્રકાર :- હાઉસીંગ લોન અને હાઉસીંગ પ્રોજેક્ટ લોન

ધિરાણનો હેતુ :- તૈયાર મકાન ખરીદવા અથવા મકાન બાંધકામ કરવા અથવા એપાર્ટમેન્ટ કે હાઉસીંગ કોલોની બાંધવા અથવા ફ્લેટ ખરીદવા

વ્યાજનો દર :- બેંકની બોર્ડ ઓફ ડીરેક્ટર્સ વખતો વખત નક્કી કરશે.

ધિરાણની મુદત :- ૫ વર્ષ થી ૨૦ વર્ષ

ધિરાણની મર્યાદા :- પ્લાન એસ્ટીમેન્ટનાં ૮૦% અને મહત્તમ ૭૫.૦૦ લાખ

કોર્મશીયલ રીયલ એસ્ટેટ + રેસીડેન્સીયલ હાઉસીંગના પ્રોજેક્ટને બેંકના કુલ એસેટસના ૫% સુધીનું ધિરાણ (નોન રેસીડેન્સીયલ કોર્મસીયલ એસ્ટેટનો સમાવેશ થતો નથી) આમ છતાં રેસીડેન્સીયલ પ્રોજેક્ટમાં જો કોર્મસીયલ જગ્યા જેવી કે શોપીંગ સેન્ટર, શાળા વિગેરેનો સમાવેશ થઇ શકશે. હાઉસીંગ પ્રોજેક્ટમાં FSI ના ૧૦% થી વધુ કોર્મશીયલ જગ્યા હોવી જોઇએ નહીં.

દંડનીય વ્યાજ :- જો આ લોન મુદતવિતી બનશે તો વાર્ષિક ૨% દંડનીય વ્યાજ લેવામાં આવશે. ધિરાણ મુદતવિતી થયાના ૯૦ દિવસ બાદ બેંક મિલ્કતની જપ્તી/હરાજી કરશે. મકાનનો વીમો ઉતારવાનો રહેશે અને પોલીસી બેંકને આપવાની રહેશે.

મંજુરી :- સદર લોનનો તુમાર હેડઓફીસ કક્ષાએથી મંજુર કરવામાં આવશે અને શાખાના એજન્ટ ઇન્સ્પેક્ટરશ્રી/આસિસ્ટન્ટ ઇન્સ્પેક્ટરશ્રીએ ભલામણ કરવાની રહેશે. ત્યારબાદ બેંકના ચીફ એકઝીક્યુટીવ ઓફીસર લોન મંજુર કરશે.

મિલ્કત વેલ્યુએશનના ૭૫% લોન આપવામાં આવશે અને ૨૫% ડાઉનપેમેન્ટ પાર્ટીએ ભરવાનું રહેશે.

અથવા

તૈયાર મકાન ખરીદવાના કિસ્સામાં દસ્તાવેજની રકમના ૭૫% લોન આપવામાં આવશે.

સીક્યોરીટી :- મકાન/કોલોની ઉપર બેંકનો બોજો રહેશે. તદ્ઉપરાંત કર્જદારે અંગત અન્ય સીક્યુરીટી વધારાની આપવાની રહેશે.

જામીનદાર :- બે સક્ષમ જામીન આપવાના રહેશે.જેઓની મિલ્કતના પુરાવા આપવાના રહેશે.

N.P.A. જોગવાઇ :- કુલ હાઉસીંગ ધિરાણ પૈકી સ્ટાન્ડર્ડ એસેટના ૦.૭૫% જોગવાઇ

રીસ્કવેઇટ :- બેંકના C.R.A.R. ની ગણતરીમાં આ ધિરાણના ૭૫% C.R.A.R. ગણવાનો રહેશે.

દસ્તાવેજ :- **ધિરાણ કરતા પહેલા નીચે જણાવેલ દસ્તાવેજો લેવાના રહેશે.**

(૧) અરજદાર તેમજ જામીનોના કેવાયસી તથા તેમના પાસપોર્ટ સાઇઝના ફોટા

(૨) અરજદાર તેમજ જામીનોને બેંકના નોમીનલ સભાસદ બનાવવાના રહેશે.

(૩) અરજદારના ૩ વર્ષના ઇન્કમ ટેક્ષના રિટર્ન. (સંયુક્ત હોય તો બંને અરજદારના)

(૪) અરજદાર પગારદાર કર્મચારી હોય તો પગાર સ્લીપ અને વાર્ષિક પગારની આવક અને દુધની આવક જેવી કે અન્ય કોઈપણ વેપાર - ધંધા કે વ્યવસાય કરનારાઓની આવકના આધારભૂત પુરાવા.

(૫) અન્ય આવકના પુરાવા સંયુક્ત હોય તો બંને અરજદારના, વેપારી હોય તો છેલ્લા ૩ વર્ષના કે ધંધો શરૂ કર્યાના વર્ષથી છેલ્લા નાણાકીય વર્ષનો ઓડીટ રિપોર્ટ કે સર્ટીફાઇડ સરવૈયા અને નફા-નુકશાન પત્રકો.

(૬) મકાન બનાવેલુ તૈયાર લેવાનું હોય અથવા રીસેલમાં લેવાનું હોય ત્યારે અરજદારને નીચે જણાવેલ કાગળો રજુ કરવા.

I મકાનનું બાનાખત

II મકાનનું ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ

III જુના મકાનનો દસ્તાવેજ

IV જરૂર જણાય ત્યાં મકાનનું વેલ્યુએશન સર્ટીફીકેટ લેવાનું રહેશે.

V મકાન ગામડામાં આવેલું હોય તો મિલ્કતનો દાખલો. (ગભાણપત્ર/આકારણી પત્રક)

VI મકાનની ચર્તુદિશા તલાટીના સહી-સિકકા સાથે.

(૭) મકાન પ્લોટ ખરીદીને/પોતાની માલીકી જગ્યામાં બનાવવાનું હોય ત્યારે નીચે મુજબના કાગળો લેવાના રહેશે.

૧. મકાનની જગ્યાની માલીકીના દસ્તાવેજો રજુ કરવા.
પ્લોટ/જગ્યાનો દસ્તાવેજ,ગામડામાં હોય તો તલાટીનો મિલ્કત અંગેનો દાખલો ચર્તુદિશા સાથેનો

૨. મકાન બાંધકામ અંગેની સક્ષમ ઓથોરીટીની પરવાનગી.

૩. મકાનનો પ્લાન આર્કિટેકટે તૈયાર કરેલ અને આ પ્લાનને બાંધકામ પરવાનગી આપતી ઓથોરીટીની સહી- સિકકા સાથેનો પ્લાન રજુ કરવો.

૪. મકાન બાંધકામ અંગેનો ડીટેઇલ એસ્ટીમેટ

૫. જમીનની N.A. પરવાનગી (બિનખેતીનો હુકમ)

૬. બાંધકામ અંગેનો કરાર સ્ટેમ્પ પેપર ઉપર (રૂા.૩૦૦)

૭. મકાન જાતે બનાવવાના હોય તેવા કેસમાં મકાન બાંધકામમાં વપરાતા મટીરીયલ્સ અને મજુરીના બીલો.

૮. મકાનના છેલ્લા વેરાની રસીદ

૯. મકાનની બાંધકામ અંગેની સંલગ્ન નગરપાલિકા/ગ્રામપંચાયતની ઓથોરીટીના સહી-સિક્કા સહિતની પરવાનગી મેળવવાની રહેશે.

(૮) મકાન કો.ઓ.હાઉસીંગ સોસાયટીમાં આવેલ હોય તો.

૧. મકાનનું બાનાખત હાઉસીંગ સોસાયટીનું શેર સર્ટીફીકેટ

૨. એલોટમેન્ટ લેટર

૩. મકાન ટ્રાન્સફરનો ઠરાવ

૪. હાઉસીંગ સોસાયટીનું નો ડ્યુ સર્ટીફીકેટ

૫. બેંક લોનનો બોજો મંડળીના દફતરે નોંધવા બાબતે મંડળીની સંમતિ

(૯) લોન મંજુર થયા પછી લેવાના કાગળો

૧. મંજુરીપત્રમાં જણાવેલ શરતોનું પાલન કરવું.

૨. ભલામણ ઓર્ડરમાં જણાવેલ વધારાની શરતોનું પાલન કરવું.

૩. મકાનનું બેંકની તરફેણમાં રજીસ્ટર્ડ, ઈક્વિટેબલ મોર્ગેજ કરાવવું.

૪. મકાનનો અસલ દસ્તાવેજ/ઇન્ડેક્ષ-૨ મેળવવી.

૫. લોન અંગેનો કરાર.

૬. કન્ટીન્યુઇંગ સીક્યુરીટી.

૭. જામીનોનું વધારાનું ડેકલેરેશન

૮. લેટર ઓફ ગેરંટી

૯. મકાનની વિમા પોલીસી

૧૦. કો.ઓ.લેટર ગેરંટી તરીકે ખેતીની જમીન તારણમાં લેવાની થાય તો જમીનની ૭/૧૨, ૮-અની નકલ બેંકની તરફેણમાં બોજા સહીતની એન્ટ્રી સાથે મેળવવી.

લોનનો ઉપાડ :- નવીન મકાન બાંધકામ માટે અરજદારે પોતાના માર્જીનની રકમથી બાંધકામ શરૂ કરવાનું રહેશે. માર્જીનની રકમ વપરાયા બાદ બેંકનાં કન્સલ્ટન્ટ એન્જીનીયરને તેની જાણ કરી સ્થળ ચકાસણી કરી તેઓ પાસેથી મકાનનું બાંધકામ જેમ જેમ થયેલ હોય તેનુ સર્ટીફિકેટ મેળવી અને સર્ટીફિકેટ પ્રમાણેનુ કામકાજ થાય છે કે નહી તેની શાખા અધિકારીશ્રીએ રૂબરૂ મુલાકાત લઇ તેની સંપૂર્ણ ખરાઈ અને ચકાસણી કરી નીચે જણાવ્યા મુજબની તબકકાવાર મકાનનું બાંધકામ થાય તે પ્રમાણે ઉપાડ આપવાનો રહેશે.

૧.	પ્લીન્થ લેવલ	-	૨૦%
૨.	લીન્ટલ લેવલ	-	૧૫%
૩.	સ્લેબ લેવલ (ધાબુ ભરાયેલ હોય ત્યારે)	-	૩૫%
૪.	મકાનનુ પ્લાસ્ટર ફીનીસીંગ પુર્ણ થયેથી	-	૨૦%
૫.	મકાન પુર્ણ થયેથી	-	૧૦%

❖ **બિન ખેતી વિષયક કેશ ક્રેડિટ ધિરાણ નીતિ :-**

ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. નો વાર્ષિક ટર્નઓવર રૂ. ૫૦૦૦ કરોડનો પુરેપુરો નાણાંકીય વ્યવહાર આપણી બેંક મારફતે કરવામાં આવે છે તદુપરાંત ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.ની રકમ રૂ. ૧૫૦ કરોડની બાંધી મુદત થાપણ પણ આપણી બેંકમાં મુકેલ છે ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા-૩૮૯ ૦૦૧.

ઉત્પાદક સંઘ લી. પ્લાન્ટ એન્ડ મશીનરીના સપ્લાયર, નવીન પ્રોજેક્ટના કોન્ટ્રાકટર, બિલ્ડીંગ બાંધકામના કોન્ટ્રાકટર, લોજીસ્ટીકસ કોન્ટ્રાકટર, એન્જીનીયરીંગ ટુલ્સ અને સ્પેર પાર્ટસ, પશુ આહારજન્ય માટે અનાજ સપ્લાયર કરતા વેન્ડરો અને પશુઓની સારવાર માટે વેક્શીનની દવાઓ સપ્લાય કરતા વેપારી / કંપનીઓને ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. દ્વારા વર્ક ઓર્ડરો મળે તો તેવા સપ્લાયરોને ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.માં સપ્લાય પછીના મળનાર પેમેન્ટ અગાઉ તેઓને વર્ક ઓર્ડર સપ્લાય કરવા માટે આપવાના એડવાન્સ પેમેન્ટ માટે આપણી બેંકમાંથી ટુંકાગાળાની કેશ ક્રેડીટ / લોન આપવા માટેની ધિરાણનીતિ

ધિરાણનો પ્રકાર	બિન ખેતીવિષયક કેશ ક્રેડિટ
ધિરાણની પાત્રતા	(૧) ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ના નવિન પ્રોજેક્ટોના કોન્ટ્રાક્ટ માટે ઉપર જણાવેલ મુજબનાં વર્ક ઓર્ડર મળેલ હોવા જોઈએ. (૨) ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ના મળેલ વર્ક ઓર્ડરની સંઘના લેટરપેડ પર અધિકૃત વ્યક્તિના સહી સિક્કા સહિતની કોપી અરજી સાથે રજુ કરવાની રહેશે.
ધિરાણની મર્યાદા	ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ના આપેલ વર્ક ઓર્ડરના પત્ર મુજબ આપેલ વર્ક ઓર્ડર પૈકી દૂધ ઉ.સંઘે ચુકવવાની બાકી હોય તે રકમના ૭૦% અથવા વધુમાં વધુ રૂ.૪૫ કરોડ બે માંથી જે ઓછી રકમ હોય તે મંજુર કરવા પાત્ર રહેશે.
ધિરાણની મુદત	ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ના વર્ક ઓર્ડર સામા કેશ ક્રેડીટ ધિરાણની મુદ્દત ૧ વર્ષ રહેશે અને ૧ વર્ષ બાદ ખાતામાં નિયમિત વ્યવહાર કર્યો હોય અને વ્યાજની વસુલાત નિયમિત હોય અને નવો વર્ક ઓર્ડર મળેલ હોય તો તે ખાતુ ધિરાણ લેનારની રીન્યુઅલ અરજી મેળવીને કેશ ક્રેડીટ રીન્યુઅલ કરી શકાશે.
વ્યાજનો દર	હાલમાં ૧૩% (બેંકના પ્રવર્તમાન ધોરણો મુજબ વ્યાજનો દર લાગુ પડશે.)
મુદતવીતી દંડનીય વ્યાજ	૨% ખાતુ મુદતવીતી થયેથી નોટીસ ચાર્જ, વકીલ ફી અને અન્ય કાનૂની ચાર્જ તેઓના ખાતે ઉધારી શકાશે.
સીક્યુરીટી	(૧) ટ્રાઈપાર્ટી એગ્રીમેન્ટ લેવાનો રહેશે. (૨) સિક્યોરીટી સ્વરૂપે આપણી બેંકના ચેક લેવાના રહેશે. (૩) નાબાર્ડના નોમ્સ અનુસાર અરજદારનો CREDIT INFORMATION BUREAU (CIBIL) રીપોર્ટ ફરજીયાત લેવાનો રહેશે.અરજદારના CIBIL સ્કોર મુજબ RISK કેટેગરાઈઝેશન ડિફોલ્ટર આવે અને હાઈ રિસ્ક હોય તેઓને ધિરાણ મંજુર કરવામાં આવશે નહી.
ધિરાણનો ઉપાડ	ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. તરફથી મળેલ વર્ક ઓર્ડર ની નકલ રજુ કર્યેથી દૂધ સંઘનું કન્ફર્મેશન મેળવી ઓર્ડર મુજબ સપ્લાઈ કરવા માટે આપવાનાં એડવાન્સ પેમેન્ટ માટે ધિરાણની અરજી લઈ એડવાન્સ પેમેન્ટ જેટલી રકમનો ઉપાડ આપવામાં આવશે.
પ્રોસેસિંગ ફી	બેંકની નીતિ મુજબ
બાંધી મુદ્દત થાપણ	ધિરાણ મંજુર રકમના ૨.૫૦% થી ૫.૦૦% સુધીની, ખાસ કિસ્સામાં બેંકના ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર છૂટ છાટ આપી શકશે.

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા-૩૮૯ ૦૦૧.

અરજદારે સામેલ કરવાના પત્રકો	(૧) વ્યક્તિ / પેઢી / કંપનીનાં ઇન્કમટેક્ષ રીટર્ન. (૨) ટ્રાઈ પાર્ટી એગ્રીમેન્ટ. (૩) મેમોરેન્ડમ સર્ટીફીકેટ. (૪) ધિરાણ લેવા અંગેનો ઠરાવ. (૫) ભાગીદારોનાં કેવાયસી, રહેઠાણના પુરાવા અને ઇન્કમટેક્ષ રીટર્ન. (૬) ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ના વર્ક ઓર્ડરોની ખરી નકલ અને દૂધ ઉ. સંઘનું કન્ફર્મેશન. (૭) ધંધો શરુકર્યાનું પ્રમાણપત્ર, ધંધાનું લાયસન્સ અને ધંધાના અનુભવની વિગત. (૮) અરજદાર તથા જામીનોને બેંકના નામધારી સભાસદો બનાવવા. (૯) અન્ય આવકના પુરાવા સંયુક્ત હોય તો બંને અરજદારોના, વેપારી હોય તો છેલ્લા ૩ વર્ષના કે ધંધો શરૂ કર્યાના વર્ષથી છેલ્લા નાણાંકીય વર્ષનો ઓડીટ રીપોર્ટ કે સર્ટીફાઇડ સરવૈયા અને નફા-નુકશાન પત્રકો.

❖ **વ્ય.બિન ખેતી વિષયક મધ્યમ મુદ્દત લોન (પ્રોપર્ટી મોર્ટગેજ) :-**

બેંકના કાર્યક્ષેત્રના વિસ્તારમાં આવતા ધિરાણ ભરપાઇ કરવાની ક્ષમતા ધરાવતા સભાસદોને તેઓને સામાજિક કે અન્ય કારણોસર ભરપાઇ કરવાની ક્ષમતા મુજબની અથવા રૂા.૩.૦૦ લાખ સુધીની તેઓની મિલકત પર કબ્જા વગરનો ગીરોખત નોંધવાની શરતે બિન ખેતી વિષયક મધ્યમ મુદત લોન વ્યાજ સહિત માસિક હપ્તાથી ભરપાઇ કરવાની શરતે ૭ વર્ષની મુદ્દત માટે મંજુર કરવામાં આવે છે.

૧. અરજદાર પોતાના નામે ગામ/નગર/શહેરમાં મિલકત ધરાવતો હોવો જોઇએ, મિલકત બોજારહિત હોવી જોઇએ.

૨. અરજદાર તથા બંને જામીનો બેંકના નામધારી સભાસદ હોવા જોઇએ.

૩. સભાસદ દૂધ મંડળીના સભાસદ હોય અને સભાસદ દૂધ મંડળીમાં નિયમિત દૂધ ભરતો હોય અને દૂધ મંડળી સભાસદના લોનના વ્યાજ સહિત માસિક હપ્તા કપાત કરી સભાસદના લોન ખાતામાં ભરપાઈ કરવાની બાંહેધરી આપે તેને ધિરાણ કરવામાં આવે છે.

૪. સભાસદની ખેતીની / અન્ય આવક સારી હોય ક્રેડીટ સ્કોર (સીબીલ) નાબાર્ડના નોર્મ્સને પાત્ર હોવો જોઇએ. અરજદાર પાનકાર્ડ ધારણ કરતો હોવો જોઇએ.

૫. અરજદાર કોઇપણ બેંક કે સંસ્થામાં મુદ્દતવીતી બાકીદાર ન હોવો જોઇએ.

૬. અરજદારના બંને જામીનો દાર અને સધ્ધર મિલકત ધરાવતા હોવા જોઇએ.

૭. અરજદારે લીધેલ લોનના માસિક વ્યાજ સહિત હપ્તા ભરવાના રહેશે.

૮. હાલનો આ પ્રકારની લોનનો વ્યાજનો દર ૧૧.૭૫% છે જે બેંકની નીતિને આધીન ફેરફારને પાત્ર રહેશે.

૯. અરજદારની ઉંમર ૫૫ વર્ષથી વધારે ન હોવી જોઇએ જો સભાસદ પોતાના નામે મિલ્કત ધરાવતો હોય અને ઉંમર ૫૫ વર્ષથી વધારે હોય તો સંયુક્ત અરજદાર તરીકે અરજદારના વારસદાર કે જેની ઉંમર તેથી વધુ ન હોય અને કામ ધંધો કે નોકરી કરી આવક ધરાવતો હોય તેવાને સામેલ કરવા.

૧૦. અરજદારનું લોન લેતા પહેલા જે તે વિસ્તારની શાખામાં બચત ખાતું ખોલાવવાનું રહેશે.

૧૧. અરજદારના ૩ વર્ષના ઇન્કમ ટેક્ષના રિટર્ન. (સંયુક્ત હોય તો બંને અરજદારના)

૧૨. અરજદાર પગારદાર કર્મચારી હોય તો પગાર સ્લીપ અને વાર્ષિક પગારની આવક અને દુધની આવક જેવી કે અન્ય કોઈપણ વેપાર - ધંધા કે વ્યવસાય કરનારાઓની આવકના આધારભૂત પુરાવા.

૧૩. અન્ય આવકના પુરાવા સંયુક્ત હોય તો બંને અરજદારના, વેપારી હોય તો છેલ્લા ૩ વર્ષના કે ધંધો શરૂ કર્યાના વર્ષથી છેલ્લા નાણાકીય વર્ષનો ઓડીટ રિપોર્ટ કે સર્ટીફાઇડ સરવૈયા અને નફા-નુકશાન પત્રકો.

❖ **નાબાર્ડની નીતિ અનુસાર સ્થાવર મિલ્કત મોર્ટગેજ ધિરાણની નીતિ :-**

ધિરાણનો પ્રકાર :-

- વ્યક્તિ બિન ખેતી વિષયક મિલ્કત મોર્ટગેજ લોન અને મિલ્કત મોર્ટગેજ કેશ ક્રેડીટ તથા અન્ય બિન ખેતી વિષયક ધિરાણો.

ધિરાણની પાત્રતા :-

- નગરપાલિકા અને નગર પંચાયત કે ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ બિન ખેતી જમીન ઉપરની સ્થાવર મિલ્કત જેને બેંક દ્વારા બજારમાં વેચાણ કરવાની થાય તો સરળતાથી તુરત જ મિલ્કત વેચાણ થાય તેવા માર્કેટેબલ વિસ્તારની બિન ખેતી વિષયક (N.A.) થયેલ મિલ્કત સામા ધિરાણ.
- ગ્રામ પંચાયતમાં કે ગામતળમાં આકારણી પત્રક વાળી તેઓના નામની મિલ્કતને બેંકના તારણમાં લઈ ઈકવિટેબલ મોર્ટગેજ કરાવીને લોન લેનાર અરજદાર પગારદાર કર્મચારી હોવા જોઈએ કે અરજદારની ધિરાણ ભરપાઈ કરવાની ક્ષમતા તેના વેપાર ધંધા કે અન્ય કોઈપણ વ્યવસાયમાંથી નીકળતી હોય તેના તમામ આધાર પુરાવા લઈ તેમજ જામીનો પણ મિલ્કત ધરાવતા હોવા જોઈએ તેવા અરજદારને રૂા.૩.૦૦ લાખથી રૂા.૫.૦૦ લાખ સુધીનું અને ગામતળની આકારણી પત્રક વાળી મિલ્કતને બેંકના તારણમાં લઈ ઈકવિટેબલ મોર્ટગેજ કરાવીને હાઈ ઈન્કમ (ઉંચી આવક) વાળા બિઝનેસમેન હોય કે પ્રોફેશનલ હોય હાઈ-ટેક્ષ પેયર હોય તો વેલ્યુઅર આપેલ મિલ્કતનું વેલ્યુએશન રીપોર્ટના માર્કેટ વેલ્યુના ૬૦% થી ૭૦% કે વધુમાં વધુ રૂા.૬૦.૦૦ લાખ બે માંથી જે ઓછું હોય તે રકમનું ધિરાણ તેઓની ગામતળની આકારણીવાળી મિલ્કતને બેંકના તારણમાં લઈ ઈકવિટેબલ મોર્ટગેજ કરાવી મિલ્કત ઉપર બેંકનો બોજો પડાવી તથા એડવાન્સમાં ચેકો લઈને અને પગારમાંથી ધિરાણની વસુલાત માટેની પગાર કરનાર અધિકારીશ્રી/હોદ્દેદારની બાંહેધરી લઈને.
- મિલ્કતનું ટાઈટલ કિલયરન્સ સર્ટીફીકેટ મિલ્કતના નામ, સરનામા, સર્વે નંબર સહિત બેંકના માન્ય વકીલ દ્વારા પ્રાન્ત રેવન્યુ કચેરીનો સર્ચ રિપોર્ટ અને તારણમાં લેવાની હોય તે મિલ્કતનો ૨૦ થી ૩૦ વર્ષનો રેવન્યુ રેકર્ડ મેળવી તેના ઉપરથી ટાઈટલ કલીયરન્સ રિપોર્ટ અને આ રિપોર્ટમાં મિલ્કત કોઈપણ પ્રકારના બોજા વગરની કિલયર અને ધિરાણ કરવાને પાત્ર છે તેવા ઉલ્લેખ બેંકના માન્ય વકીલશ્રીનો ટાઈટલ કલીયરન્સ રિપોર્ટ મેળવવાનો રહેશે.
- બેંકના તારણ સામા મિલ્કતની માર્કેટેબલ એન્જીનીયર દ્વારા વેલ્યુએશન સર્ટીફીકેટ સાથે અલગ પત્રથી પ્રમાણિત મિલ્કત માર્કેટેબલ છે તે બેંકના માન્ય એન્જીનીયરનો વેલ્યુઅરના વેલ્યુએશન રિપોર્ટમાં એન્જીનીયર દ્વારા મિલ્કતની માર્કેટ વેલ્યુ, ડેસ્પ્રીસીએટલ વેલ્યુ (માર્કેટેબલ) અને ડીસ્ટ્રેટ (માર્કેટેબલ) વેલ્યુ એમ ત્રણ પ્રકારની કિંમત નક્કી કરેલી હોવી જોઈએ અને જે પૈકી માર્કેટ વેલ્યુનો વેલ્યુએશન રિપોર્ટને ધિરાણ માટે આધારભુત ગણવાની રહેશે.

- **ધિરાણની મર્યાદા :-**
- વેલ્યુઅર આપેલ મિલ્કતનાં વેલ્યુએશન રીપોર્ટ મુજબ માર્કેટેબલ કિંમતના ૬૦% થી ૭૦% કે વધુમાં વધુ રૂા.૬૦.૦૦ લાખ બે માંથી જે ઓછી રકમ અને અરજદારની આવકને ધ્યાનમાં રાખીને ભરપાઇ કરવાની ક્ષમતા ત્રણેયમાંથી જે ઓછી રકમ હોય તે મંજુર કરી શકાશે.

ધિરાણની મુદ્દત :-

- મિલ્કત સામા મોર્ગેજ ધિરાણની મુદત ૨૦ વર્ષ સુધીની અને બેંકની ધિરાણનીતિ મુજબ હપ્તાનો પ્રકાર મુદ્દલ તથા વ્યાજ માસિક અને મિલ્કત મોર્ટગેજ સામા કેશ ક્રેડીટ હોય તો ૧ વર્ષ માટે અને ૧ વર્ષ બાદ ખાતામાં નિયમિત વ્યવહાર કર્યો હોય અને વ્યાજની વસુલાત નિયમિત હોય તો તે ખાતું ૧ વર્ષની મુદ્દત પૂર્ણ થયે ધિરાણ લેનારની રિન્યુઅલ અરજી મેળવીને કેશ ક્રેડીટ રિન્યુઅલ કરી શકાશે.

વ્યાજનો દર :-

- વ્યાજ દર હાલમાં ફિક્સ ૧૧.૭૫% તથા ફ્લોટીંગ રેઇટ ૮.૨૫% થી ૧૧.૭૫% (વખતો વખત બોર્ડ વ્યાજના દરમાં ફેરફાર કરે તે મુજબ ફેરફાર કરેલ દર લાગુ પડશે.)
- પેનલ્ટી વ્યાજ ૨% (મુદતવીતી થાય તો)
- ખાતું મુદતવીતી થયેથી બેંકનો નોટીસ ચાર્જ, વકીલ ફી અને અન્ય કાનુની ચાર્જ તેઓના ખાતે ઉધારી શકાશે.

સિક્યુરીટી :-

- જે મિલ્કતનું ટાઇટલ કલીયરન્સ રિપોર્ટ માર્કેટેબલ વેલ્યુએશન અને વેલ્યુઅર દ્વારા વેલ્યુએશન કરાવેલ છે તે મિલ્કત લોન મંજુર થયે સબ રજીસ્ટ્રાર ઓફીસમાં બેંકની તરફેણમાં ઈક્વિટેબલ મોર્ટગેજ કરાવ્યા બાદ આ સબરજીસ્ટ્રાર ઓફીસની ઇન્ડેક્ષની નકલ માટે મોર્ટગેજ દસ્તાવેજ તથા એકરારનામું વિગેરે જોડીને રેવન્યુ વિભાગના ફોર્મ ભરીને લગત સિટીસર્વે કે ઇ-ધરા કેન્દ્રમાં કે પંચાયતમાં બેંકનો બોજો નોંધાવવાનો રહેશે.
- મિલ્કત મોર્ટગેજ ધિરાણ અંગે જરૂરી નીચે મુજબના સાધનિક કાગળો મિલ્કત મોર્ટગેજ અરજી ફોર્મ ધિરાણની જરૂરીયાત સહ સંપુર્ણ ભરેલું શાખાની સ્પષ્ટ ભલામણ સહ બે નકલમાં મોકલવું.
- નાબાર્ડનાં નોર્મ્સ અનુસાર અરજદારનો CREDIT INFORMATION BUREAU (CIBIL) રિપોર્ટ ફરજીયાત છે. અરજદારનો CIBIL સ્કોર મુજબ RISK કેટેગરાઇઝેશનમાં ડિફોલ્ટર આવે અને હાઇ રિસ્ક હોય તેઓને ધિરાણ મંજુર કરવામાં આવશે નહીં.

ધિરાણનો ઉપાડ :-

- મિલ્કત સામા લોન મંજુર થયે મિલ્કતનો બેંકની તરફેણમાં ઇકિવટેબલ મોર્ટગેજ કરાવી બેંકની તરફેણનો ધિરાણની રકમ જેટલો સિટી સર્વે, ઇ-ધરા કેન્દ્રમાં બોજો નોંધાવવા તમામ કાર્યવાહી કર્યા બાદ ઉપાડ આપવામાં આવશે.

પ્રોસેસિંગ ફી :-

- બેંકની નીતિ મુજબ

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા-૩૮૯ ૦૦૧.

બાંધી મુદ્દત થાપણ :-

- ધિરાણ મંજુરીની રકમના ૨.૫૦% થી ૫.૦૦% સુધીની બાંધી મુદ્દત ધિરાણના સમયગાળા સુધીની લેવાની રહેશે. આ બાંધી મુદત થાપણ બેંકના તારણમાં આપવાની રહેશે અને મેરીટવાળા ધિરાણ ખાતેદારોના કિસ્સામાં બાંધી મુદત થાપણ લેવામાંથી મુક્તિ આપવાની સત્તા બેંકના ચીફ એકઝીકયુટીવ ઓફિસરને આપવામાં આવેલ છે.

લોન લેવાની પાત્રતા :-

- મિલકત ધરાવનાર વ્યક્તિની ઉંમર ૫૫ વર્ષથી વધારે ન હોવી જોઇએ. જો વ્યક્તિની ઉંમર ૫૫ વર્ષથી વધારે હોય તો કો-બોરોઅર તરીકે વારસાઇ હક ધરાવતી આવકની પાત્રતા આવે તો સામેલ કરી શકશો.

અરજદારે સામેલ કરવાના પત્રકો :-

- ઓરિજિનલ મિલકતનો દસ્તાવેજ અને ઇન્ડેક્ષની નકલ - પંચાયત વિસ્તાર હોય તો આકારણી પત્રક
- મિલકતનું ટાઇટલ કલીયરન્સ સર્ટિફીકેટ (માન્ય વકીલ દ્વારા)/પંચાયત વિસ્તાર હોય તો ટાઇટલ રિપોર્ટ.
- મિલકતની વેલ્યુએશન જેમાં માર્કેટ વેલ્યુ, ડેપ્રીશીએટેડ અને ડિસ્ટ્રેટ વેલ્યુ સહિતના બેંકના માન્ય વેલ્યુએશન એન્જિનીયરનો વેલ્યુએશન રિપોર્ટ
- મિલકતનો પ્રાન્ત ઓફિસરનો સર્ચ રિપોર્ટ.
- નગરપાલિકા કે ગ્રામ પંચાયતનો મિલકતનો દાખલો હકપત્ર સહિત.
- અરજદારના ૩ વર્ષના ઇન્કમ ટેક્ષના રિટર્ન. (સંયુક્ત હોય તો બંને અરજદારના)
- અરજદાર પગારદાર કર્મચારી હોય તો પગાર સ્લીપ અને વાર્ષિક પગારની આવક અને દુધની આવક જેવી કે અન્ય કોઇપણ વેપાર - ધંધા કે વ્યવસાય કરનારાઓની આવકના આધારભૂત પુરાવા.
- અન્ય આવકના પુરાવા સંયુક્ત હોય તો બંને અરજદારના, વેપારી હોય તો છેલ્લા ૩ વર્ષના કે ધંધો શરૂ કર્યાના વર્ષથી છેલ્લા નાણાકીય વર્ષનો ઓડીટ રિપોર્ટ કે સર્ટીફાઇડ સરવૈયા અને નફા-નુકશાન પત્રકો.
- અરજદારના કેવાયસી (KYC) આધાર કાર્ડ, પાનકાર્ડ, ચુંટણી કાર્ડ, લાઇટબીલની ઝેરોક્ષ.
- મિલકત ધરાવતા કે દાર અને સધ્ધર બે જામીનો તેઓના નિયમોનુસાર કેવાયસી (KYC) અને ફોટા.
- અરજદાર તથા બંને જામીનોને બેંકના નામધારી સભાસદ બનાવવા.
- ધંધો શરૂ કર્યાનું પ્રમાણપત્ર, ધંધાનું લાઇસન્સ અને ધંધાના અનુભવની વિગત

ઉચ્ચ અભ્યાસ માટે શૈક્ષણિક લોનની ધિરાણ નીતિ...

- બેંકના કાર્યવિસ્તારમાં આવતા ઈચ્છુક વિદ્યાર્થીઓને UGC સરકાર / AICTE / AIBMS / ICAR વિગેરે દ્વારા માન્ય કોલેજ / સંસ્થા / યુનિવર્સીટી માં ચાલતા તમામ ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમાં અને ડોકટરેટ કોર્સ જેવા ઉચ્ચ અભ્યાસ અર્થે સ્વદેશમાં અને વિદેશમાં ઉચ્ચ શિક્ષણ માટે એજ્યુકેશન લોન આપવા માટેની ધીરાણનીતી.

હેતુ	સ્વદેશ પરદેશમાં ઉચ્ચ શિક્ષણ માટે
યોગ્યતા	પંચમહાલ, દાહોદ અને મહીસાગર જીલ્લાના લુણાવાડા, કડાણા, ખાનપુર, સંતરામપુર તાલુકાના રહીશો માટે લોન મંજુર કરી શકાશે. અરજદાર ભારતનો નાગરીક હોવો જોઈએ. ધો ૧૨ પાસ માન્ય ગણી શકાશે સામાન્ય રીતે માતા / પિતા, ભાઈ, પતિ / પત્ની સાસુ / સસરા તથા કાયદેસરના વાલીને વિધાર્થીના સહ - અરજદાર તરીકે લઈ શકાશે. સહ અરજદારની ઉંમર લોનના પીરીયડના સમાવેશ સહીત ૬૫ વર્ષથી વધુ ન થવી જોઈએ.
પાત્રતા તથા રીપેઈંગ કેપેસીટી	અરજદારના છેલ્લા ૨ વર્ષના જયારે જામીનના છેલ્લા ૧ વર્ષના ઈન્કમટેક્ષ રીટર્નના આધારે નીચે જણાવેલ ગ્રોસ આવકમાથી મોરેટોરીયમ પીરીયડ માટે આ લોનના વ્યાજ સહીત બધા જ પ્રકારની લોનની કપાત બાદ થતી માસીક આવકની ગણતરી કરી અરજદારની રીપેઈંગ કેપેસીટીની મર્યાદામાં અને બેંક દ્વારા નિર્ધારીત કરવામાં આવેલ મહત્તમ રકમ સુધી લોન મંજુર કરવામાં આવશે. ખાસ કિસ્સામાં, જો અરજદાર ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ ન કરતો હોય તો ફોર્મ-૧૬, સેલરી સર્ટીફીકેટ અથવા સેલરી સ્લીપને આધારે લોન મંજુર કરી શકાશે. જો અરજદાર પેન્શનર હોય અને રીટર્ન ન ભરતા હોય તેવા કિસ્સામાં પેન્શન ખાતાની પાસબુકનો અભ્યાસ કરી આવકની ગણતરી કરવાની રહેશે. ખાસ કિસ્સામાં, અરજદારની છેલ્લા વર્ષની ઈન્કમટેક્ષ રીટર્ન મુજબની આવકને ધ્યાનમાં રાખી મંજુર કરી શકાશે. અરજદારની ખેતીની આવકને ગણતરીમાં લઈ શકાય આ અંગે ગામ નમુના ફોર્મ નં ૮-અ માં દર્શાવેલ જમીનના પ્રતિ ૧ હેકટર માટે રૂા.૧,૬૦,૦૦૦/- મુજબની આવક ગણી શકાય આ સાથે મંડળીના સર્ટીફીકેટ મુજબની દુધની આવક ઉમેરી શકાશે. સ્વરોજગાર ધરાવનાર અરજદારનું ઈન્કમટેક્ષ રીર્ટન ન હોય તો સક્ષમ ઓથોરીટી (તલાટી / મામલતદાર / કલેકટર) નું આવકનું પ્રમાણપત્ર મેળવી શકાશે. અરજદારના રીટર્નની સાથે ધંધાદારીના કિસ્સામાં તેના હિસાબો, નોકરીયાતના કિસ્સામાં ફોર્મ ૧૬ / સેલેરી સર્ટીફીકેટ રજુ કરવાના રહેશે. ધંધાદારી અરજદારના કિસ્સામાં સરકારી કે અર્ધ સરકારી કચેરીમાં તેના ધંધાની નોધણીનું જયારે વ્યવસાયીક અરજદારના કિસ્સામાં તેઓના એસોશીયેશનમાં રજીસ્ટ્રેશનનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. લોનની અરજી સાથે અરજદાર પાસેથી નોકરીયાતના કિસ્સામાં તેનો પગાર જે ખાતામાં જમા થતો હોય તે ખાતાનું જયારે ધંધાદારીના કિસ્સામાં તે જે ખાતામાં ધંધાકીય વ્યવહાર કરતો હોય તે બચત / ચાલુ ખાતાનું સ્ટેટમેન્ટ / પાસબુક લેવાની રહેશે.

	વ્યકિતગત રેટીંગના સ્થાને અરજદારો તથા જામીનોની સધ્ધરતાને લક્ષમાં લઈ લોન આપવાનું વિચારી શકાશે. એજ્યુકેશન લોન યોજના હેઠળ ધિરાણ મંજુરી માટે મોકલતી વખતે કોલેજ / સંસ્થા / યુનિવર્સીટી પાસેથી ઉચ્ચ અભ્યાસ માટે થતા સર્ટીફીકેટ જેવા કે કન્ફર્મિંગ એડ્મીશન સ્ટુડન્ટશીપ, કયા કોર્સમાં એડમીશન લેવાનું છે તે કોર્સની માહિતીનું સર્ટીફીકેટ, કોર્સના સમયગાળાનું સર્ટીફીકેટ, ઉચ્ચ અભ્યાસ માટેનું વર્ષવાર અંદાજીત ટ્યુશન ફી, હોસ્ટેલ ફી ના સર્ટીફીકેટ, કોર્સના એડમીશનનું કન્ફર્મિંગ સર્ટીફીકેટ લેવાના રહેશે. ● અરજદારના ૩ વર્ષના ઈન્કમ ટેક્ષના રિટર્ન. (સંયુક્ત હોય તો બંને અરજદારના) ● અરજદાર પગારદાર કર્મચારી હોય તો પગાર સ્લીપ અને વાર્ષિક પગારની આવક અને દુધની આવક જેવી કે અન્ય કોઈપણ વેપાર - ધંધા કે વ્યવસાય કરનારાઓની આવકના આધારભૂત પુરાવા. ● અન્ય આવકના પુરાવા સંયુક્ત હોય તો બંને અરજદારના, વેપારી હોય તો છેલ્લા ૩ વર્ષના કે ધંધો શરૂ કર્યાના વર્ષથી છેલ્લા નાણાકીય વર્ષનો ઓડીટ રિપોર્ટ કે સર્ટીફાઇડ સરવૈયા અને નફા-નુકશાન પત્રકો.
ટાઇટલ કલીયરન્સ રીપોર્ટ	મિલ્કતનો ટાઈટલ કલીયર રીપોર્ટ- સર્ટીફીકેટ બેંકના માન્ય એડવોકેટ પાસેથી મેળવવાનો રહેશે જે અંગેનો તમામ ખર્ચ લોન લેનારે સીધે-સીધો એડવોકેટને ચુકવી આપવાનો રહેશે.
વેલ્યુએશન રીપોર્ટ	બેંકના માન્ય વેલ્યુઅર પાસેથી વેલ્યુએશન રીપોર્ટ મેળવવાની રહેશે જે અંગેનો તમામ ખર્ચ લોન લેનારે સીધે સીધો વેલ્યુઅરને ચુકવી આપવાનો રહેશે
જામીન	અરજદારે ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કરતા હોય તેવા રીપેઈંગ કેપેસીટી ધરાવતા ૨ વ્યકિતની જામીનગીરી આપવાની રહેશે ઉપરાંત આવો જામીન પોતાની માલીકીની સ્થાવર મિલકત પણ ધરાવતો હોવો જોઈએ. ડોકટર, ચાર્ટડ એકાઉન્ટન્ટ કે સરકારી અધિકારીના કિસ્સામાં તેઓ સ્થાવર મિલ્કત ન ધરાવતા હોય પણ સારી આવક ધરાવતા હોય તો તેઓની જામીનગીરી લઈ શકાશે. જામીનદારના રીટર્નની સાથે ધંધાદારીના કિસ્સામાં તેના હિસાબો, નોકરીયાતના કિસ્સામાં ફોર્મ ૧૬ / સેલેરી સર્ટીફીકેટ રજુ કરવાના રહેશે. ધંધાદારી જામીનના કિસ્સામાં સરકારી કે અર્ધ સરકારી કચેરીમાં તેના ધંધાની નોધણીનું જયારે વ્યવસાયીક જામીનના કિસ્સામાં તેઓના એસોશીયેશનમાં રજીસ્ટ્રેશનનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. ખાસ કિસ્સામાં જ કુટુંબના સભ્યને જામીન તરીકે સ્વીકારી શકાશે. (જે અલગ મિલ્કત ધરાવતા હોય.)
માર્જીન	બેંકે નિર્ધારીત કરેલ ટકાવારી પ્રમાણે લોન મંજુર કરવામાં આવશે.
મુદ્દત	બેંકે નિર્ધારીત કરેલ મહત્તમ મુદત સુધી રીપેઇંગ કેપેસીટીના આધારે લોન આપી શકાશે. (૫ થી ૧૫ વર્ષ સુધી)

વ્યાજનો દર	પુત્રના ઉચ્ચ અભ્યાસ માટે ૧૧% પુત્રીના ઉચ્ચ અભ્યાસ માટે ૧૦.૫૦% વ્યાજના દર લાગુ પડશે તથા ફ્લોટીંગ રેઈટ ૮.૭૫% થી ૧૦.૫૦% (બેંકે નિર્ધારીત કરેલ વ્યાજના દરે લોન મંજુર કરવામાં આવશે.) લોન મંજુરી વખતે વ્યાજના દરમાં ફેરફાર કરવાનો બેંકને સંપૂર્ણ અધિકાર રહેશે. ખાતું મુદતવિતી થયેથી તે નિયમીત થાય ત્યાં સુધીની ખાતાની પ્રોડકટસ ઉપર બેંકે નિર્ધારીત કરેલ દરે નોમીના સભાસદ બેંક ખાતુ વધારાનું વ્યાજ આકારી શકાશે.
લોનની મર્યાદા	રૂા.૪૦/- લાખ સુધી
નોમીનલ સભાસદ	અરજદાર તથા જામીનને બેંકના નોમીનલ સભાસદ બનાવવાના રહેશે.
બેંક ખાતુ	અરજદારે આ બેંકમાં બચત / ચાલુ ખાતુ ખોલાવવાનું રહેશે. લોન લેનારે ૫ એડવાન્સ ચેકો આપવાના રહેશે જેનો ઉપયોગ બેંક વસુલાત માટે અને / અથવા ઈન્સ્યોરેન્સ લેવા માટે કરી શકશે.
દસ્તાવેજ સિક્યોરીટી	બેંકે નિયત કરેલ તમામ અસલ કાગળો તેમજ દસ્તાવેજો ધારા-ધોરણસરની સ્ટેમ્પ ડ્યુટી સાથે પૂરા પાડવાના / કરી આપવાના રહેશે જેનો તમામ ખર્ચ લોન લેનારે ભોગવવાનો રહેશે. અરજદાર અથવા જામીનની મિલ્કત તારણમાં લઈ શકાય. મિલ્કતનું બાંધકામ પાકુ હોવુ જોઈએ અને મિલ્કતની ભવિષ્યની આયુ લોનના સમયગાળા કરતા વધારે હોવી જોઈએ. તારણમાં આપવાની સ્થાયી મિલ્કત બેંકની ફેવરમાં ઈકવીટેબલ મોર્ગેજ બાય ડીપોઝીટ ઓફ ટાઈટલ ડીડસથી મોર્ગેજ કરી તેને સબ-રજીસ્ટ્રાર કચેરીમાં નોંધણી કરાવવાની રહેશે જેનો તમામ ખર્ચ લોન લેનારે ભોગવવાનો રહેશે. ઈકવીટેબલ મોર્ગેજ માત્ર નોટીફાઈડ વિસ્તારમાં જ થાય (જયાં સબરજીસ્ટ્રારની કચેરી આવેલ છે તે નોટીફાઈડ વિસ્તાર ગણવો) જે કિસ્સામાં મિલ્કતના ઓરીજીનલ દસ્તાવેજો ન હોય ત્યાં સાદું ગીરોખત કરાવી સબરજીસ્ટ્રારની કચેરીમાં રજીસ્ટર્ડ કરાવવાનું રહેશે. મિલ્કતના બોજાની નોંધ માટે રજીસ્ટર્ડ એ ડી. પોસ્ટથી સંબંધીત સરકારી કચેરી તથા એસોસીયેશનમાં નોધાવવા માટે જરૂરી પુરાવા / આધારો સાથે અરજી મોકલી આપવાની રહેશે. ધિરાણની લેણી રકમ ચુકતે થયા બાદ ધિરાણ મેળવનારે તેના સ્વખર્ચે તારણમાં આપેલ મિલ્કત બોજા મુકત કરાવી લેવાની રહેશે.
CERSAI	સંપૂર્ણ ધિરાણ રીલીઝ થયા બાદ તારણમાં લીધેલ મિલ્કતનું રજીસ્ટ્રેશન દિવસ-30 ની અંદર CERSAI માં હેડઓફિસ દ્વારા કરાવવાનું રહેશે.

પ્રોસેસીંગ ફી	બેંક નિર્ધારીત કરેલ ફી વસુલ લેવામાં આવશે.
લોનનું ડીસ્બર્સમેન્ટ	લોનની રકમમાં એડમીશન ફી, ટયુશન ફી, એનરોલમેન્ટ ફી,પરીક્ષા ફી કેમ્પસ ફી,લેબોરેટરી ફી,પાઠય-પુસ્તકો, સ્ટેશનરી, એજયુકેશનલ ઈન્સ્ટ્રુમેન્ટ, લોજીંગ એન્ડ બોર્ડીંગ ચાજીર્સ વિ.નો સમાવેશ કરવામાં આવશે. જો લોન લેનારે ઉચ્ચ શિક્ષણ માટેની ફી તથા ખર્ચની ચુકવણી કરેલ હશે તો તે અંગેની રીસીપ્ટ બીલ બેંકમાં રજુ કર્યેથી મંજુર લોનમાંથી તેના આ બેંક સાથેના ખાતામાં રકમ જમા આપવામાં આવશે અન્યથા, શૈક્ષણિક સંસ્થાની ફી તથા ચાજીર્સ/ ખર્ચની ડીમાન્ડ રજુ કર્યેથી તેની તબકકાવાર ચુકવણીની બેંકે નિધારીત કરેલ માજીર્ન જેટલી રકમની રીસીપ્ટ બેંકમાં રજુ કર્યા બાદ બેંક તરફથી શૈક્ષણિક સંસ્થાને સીધી ચુકવણી કરવામાં આવશે.
વીમો	લોન લેનારે લોન ચુકતે ન થાય ત્યાં સુધી લોનની પુરી રકમની મિલ્કતની કોમ્પ્રીહેન્સીવ (ધરતીકંપ, વાવાઝોડુપુર જેવી કુદરતી આફતો, આગ-અકસ્માત, ચોરી, લુટફાટ વિ. જેવા જોખમવાળી) વીમા પોલીસી ઉતરાવી તેમાં ફાયનાન્સીંગ બેંક તરીકે આ બેંકના નામની ચકાસણી કરીને દર વર્ષે અથવા પુરા સમયની પોલીસી બેંકમાં રજુ કરવાની રહેશે. જો લોન લેનાર મિલ્કતનો સમયસર વીમો ન ઉતરાવે/ રીન્યુ ન કરાય તો બેંક તેના લોન ખાતામાં વીમા પ્રીમીયમની રકમ ઉધારી વીમો લઈ શકશે. આમ છતા તે અંગે બેંકની કોઈ જવાબદારી રહેશે નહી.
લોનની રીકવરી	લોન લેનારે લોનની રકમ કોર્ષ પીરીયડના ૬ માસ અથવા સર્વીસ મળ્યેથી (બે માંથી જે ઓછુ હોય હસેથી પરત કરવાની રહેશે. મોરેટોરીયમ પીરીયડ દરમ્યાન માસીક ધોરણે વ્યાજ ૧૦મી તારીખ સુધીમાં ભરવાનું રહેશે ત્યારબાદ મુદલ અને વ્યાજ સાથેનો માસીક હપ્તા (EMI) થી ૧૦મી તારીખ સુધીમાં ભરવાના રહેશે આમ છતા, અરજદારની વિનંતીને ધ્યાનમાં રાખીને લોનની રકમનું પ્રથમ ડિસ્બર્સમેન્ટ થાય ત્યારથી EMI લઈ શકાય. લોનના હપ્તા (EMI) નોકરીયાતના કિસ્સામાં તેનો પગાર જે ખાતામાં જમા થતો હોય તે ખાતાના જયારે ધંધાદારીના કિસ્સામાં તે જે ખાતામાં ધંધાકીય વ્યવહાર કરતો હોય તે બચત / ચાલુ ખાતાના ચેક / ECS / મેન્ડેટથી વસુલ લેવાના રહેશે. વિધાર્થી અભ્યાસ પૂર્ણ કરી જે સંસ્થામાં નોકરી કે વ્યવસાય કરે તે સંસ્થાના પગારમાથી હપ્તાની સીધી કપાત બેંકમાં જમા કરાવવા અંગેનું અંડરટેકીંગ આપવાનું રહેશે.
પ્રિ-કલોઝર ચાર્જીસ	લોન લેનાર જો મુદત પહેલા લોન ભરપાઈ કરે તેવા સંજોગોમાં વહેલી ચુકવણી માટે બેંકે નિર્ધારીત કરેલ પ્રિ-કલોઝર ચાર્જ લેવામાં આવશે.
ડિફોલ્ટ	લોનના ૩ હપ્તા મુદતવીતી થાય અને રકમ ભરપાઈ કરવાની અસમર્થતા જણાય તો લોન લેનારે કાયદાકિય નિયમોને આધિન મિલ્કત બેંકને સોંપી દેવાની રહેશે જેનો બેંક નિકાલ કરી લોનની લેણી રકમ વસુલ કરી શકશે આ અંગેનો તમામ ખર્ચ લોન લેનારે ભોગવવાનો રહેશે. લોન લેનાર લોન ભરપાઈ કરવામાં કસૂર કરે તેવા સંજોગોમાં લોન લેનાર અને / અથવા જામીનદાર પાસેથી પણ બેંક લોન અંગેની લેણી રકમ વસુલ કરી શકશે.

હાઈપોથીકેશન કેશ ક્રેડીટ (સાનગીરો રોકડશાખ) ધિરાણની નીતિ :-

- બેંકના કાર્યવિસ્તારમાં આવતા પંચમહાલ, મહિસાગર અને દાહોદ જિલ્લાના વ્યક્તિ, પેઢી, કંપનીઓને માલના નજર સામા (સ્ટોક સામા) તેમના ધંધાના વિકાસ માટે વર્કિંગ કેપિટલ (કાર્યકારી મૂડી) પુરી પાડવા માટે હાઈપોથીકિશન કેશક્રેડીટની ધિરાણનીતિ.
- **વ્યક્તિ વેપાર હાઈપોથીકેશન કેશકેડીટ**

હેતુ	વ્યાપારિક, ઔદ્યોગિક, સર્વિસ સેકટર સાથે સંકળાયેલા એકમો માટે કાર્યકારી મુડી પુરી પાડવા હેતુ.
યોગ્યતા	(૧) અરજદાર પંચમહાલ, મહિસાગર અને દાહોદ જીલ્લાના રહીશો માટે તે વિસ્તારમાં ધંધો કરતા અને સ્થાયી મિલ્કત ધરાવનારને ધીરાણ મંજુર કરી શકાશે. (૨) વ્યકિતગત / પ્રોપરાઈટર / પાર્ટનરના અરજદારની ઉમર લઘુત્તમ ૧૮ વર્ષ અને ૫૫ વર્ષથી વધુ ના થવી જોઈએ. (આ શરત ફકત વ્યક્તિગત ધિરાણ લેનાર ને જ લાગુ પડશે) (૩) અરજદારની સદ્ધરતાને ધ્યાનમાં રાખીને તેઓના માતા/પિતા, પુત્ર/પુત્રી, ભાઈ/બહેન, પતિ/પત્નીને સહઅરજદાર બનાવીને તેઓની મહત્તમ ઉપરની મર્યાદા સુધી લોન મંજૂર કરી શકાશે.
પાત્રતા, રીપેઇંગ કેપેસીટી	(૧) માલની કિમતના ૭૦% અથવા રૂ.૬૦.૦૦ લાખ બંનેમાંથી જે ઓછુ થતું હોય તે રકમ ધિરાણ પાત્ર રહેશે. (૨) અરજદાર ધંધા-વેપાર બેંકના કાર્યવિસ્તારમાં કરતા હોવા જોઈએ. (૩) વ્યાપાર માટેનો માલ સહેલાઈથી વેચી શકાય તેવો તેમજ મૂલ્યાંકન થઈ શકે તેવો હોવો જોઈએ. (૪) એક વર્ષથી વધુ જુના માલસ્ટોક ઉપર રોકડ શાખ મળી શકશે નહિ. (૫) અરજદાર બેંકમાં તેના ચાલુ ખાતે નિયમિત લેવડ-દેવડ કરતો હોવો જોઈએ. (૬) માલના સ્ટોરેજ માટે યોગ્ય દુકાન / ગોડાઉન હોવું જોઈએ. (૭) ધંધાની નોધણી તેમજ વેપાર માટેના લાયસન્સ મેળવેલ હોવા જોઈએ.
રજુ કરવાના સાધનિક પુરાવા	(૧) બેંકના નિયત નમુનામાં સંપૂર્ણ વિગતે ભરાયેલ અરજી. (૨) ધંધાનું છેલ્લા નાણાંકીય વર્ષનું તેમજ અરજીના અગાઉના માસનું સરવૈયું, નફાનુકશાન અને વેપાર પત્રક, તારીજ સામેલ કરવાના રહેશે. (૩) છેલ્લા માસનું સ્ટોક સ્ટેટમેન્ટ તથા દેવા-લેણાની યાદી (છ માસથી વધુ સમયનો અને છેલ્લા છ માસનો માલસ્ટોક અલગ-અલગ દર્શાવો તેમજ ત્રણ વર્ષથી વધુ સમયના વેપારી દેવા લેણા અલગથી દર્શાવવા). (૪) ધંધાનું નોંધણી પ્રમાણપત્ર, સેલ્સ ટેક્ષ (વેટ) પ્રમાણપત્રની નકલ. (૫) અરજદારના ફોટા, ઓળખપત્ર, એડ્રેસપ્રુફ તથા પાનકાર્ડની નકલ. (૬) ૨(બે) જામીનો લેવાના રહેશે તેઓના ફોટા, ઓળખપત્ર, એડ્રેસપ્રુફ, મિલ્કત તથા આવકના પુરાવા અને જામીન તરીકેની સંમતિ.

	(૭) વ્યકિતગત, પ્રોપરાઈટરશીપ, પાર્ટનરશીપ ફર્મ, લીમીટેડ લાયાબીલીટી પાર્ટનરશીપ (LLP), પ્રાઈવેટ લીમીટેડ કંપની અને પબ્લીક લીમીટેડ કંપની પોતાની માલિકીની હોવી જોઈએ અથવા ભાડાની જગ્યામાં ધંધો હોય તો રૂ.૩૦૦ ના સ્ટેમ્પ ઉપર ભાડા કરાર, છેલ્લા માસની ભાડા પહોંચ, ભાડાની જગ્યાનો પુરાવો તથા ભાડે આપનારના એડ્રેસપ્રુફ તથા ઓળખપત્ર હોવું જોઈએ. (૮) છેલ્લા બે વર્ષના ઈન્કમટેક્ષ રીર્ટન / સેલટેક્ષ એસેસમેન્ટ ઓર્ડર / GST રીર્ટન રજુ કરવાના રહેશે. (૯) ભાગીદારી પેઢી હોય તો રજીસ્ટર્ડ ભાગીદારી કરારની નકલ. (૧૦) ધંધાના સ્થળનો પુરાવો.
માર્જીન	માલના નજરસામા (સ્ટોક સામા) કિંમતના ૩૦%
વ્યાજનો દર	૧૧.૭૫% (બેંકના પ્રવર્તમાન ધોરણો મુજબ વ્યાજનો દર લાગુ પડશે.)
મુદત	૧ વર્ષ
મુદતવીતી દંડનીય વ્યાજ	૨%
સીક્યુરીટી	(૧) પ્રાયમરી સીક્યુરીટી તરીકે જે માલ સામે રોકડશાખ મંજુર કરેલ હોય તે માલ બેંકના હાઈપોથીકિશન તારણમાં રહેશે. (૨) અરજદારના વસુલાત પેટે આપણી બેંકના ૫ કોરા ચેક બેંકની ફેવરમાં લેવાના રહેશે.
હાઈપોથીકિશન કેશક્રેડીટ અંગેની અન્ય શરતો	(૧) અરજદાર, અરજદાર પેઢી / એકમ અને બેંકના નોમીનલ સભાસદ થવાનું રહેશે. (૨) આ સગવડ અન્વયે અરજદારે શાખામાં કરંટ ખાતું ખોલવાનું રહેશે અને ધંધાનો તમામ નાણાંકીય વ્યવહાર આ બેંક મારફતે જ કરવાનો રહેશે. (૩) બેંકે જણાવેલ ડોક્યુમેન્ટસ સ્વખર્ચે તૈયાર કરી બેંકમાં રજુ કરવાના રહેશે. જ્યાં સુધી લોન ચાલુ રહે ત્યાં સુધી ધંધાની તમામ જંગમ મિલ્કત/ માલસ્ટોક / બુકડેન્ટ / મશીનરી ઉપરના બેંકનો હાઈપોથીકિશન ચાર્જ રહેશે. (૪) આ સગવડ કેશક્રેડીટ પ્રકારની સગવડ હોઈ તેમાં ધંધાના તમામ વ્યવહારથી નિયમિત જમા ઉધાર કરી ટર્નઓવર કરવાનું રહેશે. મંજુર થયેલ શાખ મુજબ ઓછામાં ઓછું ત્રણ ગણું ટર્નઓવર થવું જોઈએ.બેંકે મંજુર કરેલ શાખનો અપુરતો ઉપાડ કરવામાં આવશે અથવા બીલકુલ ઉપાડ કરવામાં નહીં આવે તો મજુર શાખ ઉપર પુરી મુદત માટે થતા વ્યાજની રકમના ઓછામાં ઓછા ૧/૪ % મુજબ મીનીમમ વ્યાજ તરીકે બેંક આકારશે. (૫) અરજદારે દર માસ આખરનું સ્ટોક સ્ટેટમેન્ટ તૈયાર કરી બીજા માસની ૫ મી તારીખ સુધીમાં રજુ કરવાનું રહેશે અને બ્રાન્ચ મેનેજરશ્રી દ્વારા ડ્રોઈંગ પાવર લીમીટ નક્કી કરી ડ્રોઈંગ પાવરની મર્યાદામાં જ ઉપાડ મળી શકશે તેમજ ડ્રોઈંગ પાવર અપડેટ કરવા માટે CBSમાં જરૂરી એન્ટ્રીઓ કરવાની રહેશે. સ્ટોકપત્રક આપવામાં વિલંબ થશે અથવા રજુ કરવામાં નહીં આવે તે રોકડ શાખ ખાતામાંથી ઉપાડ આપવામાં આવશે નહી.

(૬) આ સગવડ માલના તારણ સામે વ્યક્તિગત હાઈપોથીકેશન કેશક્રેડીટ/ વર્કીંગ કેપીટલ રહેશે.

(૭) અરજદારે ધંધાનો તમામ માલસ્ટોક/મશીનરીનો તમામ જોખમોને આવરી લેતો પુરી રકમનો વીમો બેંકની ફેવરનો ઉતરાવી, પોલીસી બેંકને એસાઈન કરી આપી સુપત્ર કરવાની રહેશે. વીમો સમયસર રીન્યુ કરવાનો રહેશે.

(૮) ધંધાના વકરાની રકમ આ ખાતામાં જ નિયમિતપણે જમા કરવાની રહેશે, ધંધાના સ્થળે હાઈપોથીકેશન વીથ ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ.કો.ઓ.બેંક.લી.,શાખાએ રીતેના લખાણના બોર્ડ મુકવાના રહેશે.

(૯) આ બેંક અગર કોઈપણ બેંકમાંના અરજદારના ખાતા ઉપર આ બેંકનો અગ્રેસરનો હક્ક રહેશે.

(૧૦) પેઢી/ યુનિટના ધંધામાં તેમજ ભાગીદારોમાં થયેલ ફેરફારની જાણ તુરંત જ બેંકને કરવાની રહેશે.

(૧૧) આ બેંક/ નાબાર્ડ/ જીએસસી બેંકના અધિકારી અગર અધિકૃત પ્રતિનિધિ વિના અડચણે ગમે ત્યારે ધંધા તથા માલસ્ટોક જ્યાં રાખેલ હશે તે જગ્યાની ચકાસણી કરી શકશે.

(૧૨) આ રોકડ શાખ એક વર્ષ સુધીની મુદત માટે મંજુર કરવામાં આવેલ છે. જે માટે બેંકની ધિરાણનીતીનું પાલન તથા ધંધાનો બેંક સાથેનો વ્યવહાર જોઈ રીન્યુ કરી શકાશે પરંતુ રીન્યુ કરવી કે નહીં તે નિર્ણય બેંકની મનસુફી ઉપર રહેશે. રોકડ શાખ રીન્યુઅલ અરજી મુદત પુરી થવાના એક માસ પહેલાં કરવાની રહેશે.

(૧૩) આ રોકડ શાખની લીમીટ તેમજ મુદતમાં વધારો કે ઘટાડો કરવો તે બેંકની મનસુફી ઉપર રહેશે. કેશ ક્રેડીટની મુદતમાં ઘટાડો થવાથી તફાવતની રકમ સત્વરે ભરપાઈ કરવાની રહેશે.

(૧૪) બેંકના અધિકારી ધંધાની તપાસ કરશે અને આવક ખર્ચનું પત્રક તથા સ્ટોક સ્ટેટમેન્ટ તેમજ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા નિયમિત સ્ટોક ઓડીટ કરાવવાનું રહેશે. મુલાકાતનો તમામ ખર્ચ અરજદારે ભોગવવાનો રહેશે. નાણાંકીય વર્ષના અંતે વેપાર ખાતુ, નફા નુકશાન ખાતુ અને સરવૈયુંનું અરજદારે બેંકમાં રજુ કરવાનું રહેશે.

(૧૫) બેંક દ્વારા નોર્મ્સ મુજબ હાઈપોથીકેશન (સ્ટોક સામા) યુનિટવાઈઝ/સેકટરવાઈઝ આપવામાં આવતાં ધિરાણો પૈકી રૂા.૫/- કરોડ કે તેથી વધુ રકમની સ્ટોક સામા આપવામાં આવેલ કેશક્રેડીટ ધિરાણનું બે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા નિયમિત સ્ટોક ઓડીટ કરાવવાનું રહેશે અને જે તે સંસ્થાએ પ્રત્યેક માસનું સ્ટોક ઓડીટ રીપોર્ટ બેંકમાં આપવાનો રહેશે. મુલાકાતનો તમામ ખર્ચ અરજદારે પોતે ભોગવવાનો રહેશે.

(૧૬) મંજુરીપત્રની કોઈપણ શરતનો ભંગ થયેથી બેંક આ સગવડ બંધ કરી વ્યાજ એક સામટુ વસુલ લેવા હક્કદાર રહેશે.

(૧૭) બેંકના હાલના અને હવે પછી વખતોવખત અસ્તિત્વમાં આવનાર નિયમોનું અરજદારે પાલન કરવાનું રહેશે.

(૧૮) આ શરતો જ્યાં સુધી બેંકનું કર્જ અને તેના ઉપરનું વ્યાજ બાકી હશે ત્યાં સુધી કર્જદારના વંશવાલી, વારસો, કાયદેસરના પ્રતિનિધિઓ, એસાઈનીઓને બંધનકર્તા રહેશે.

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા-૩૮૯ ૦૦૧.

બેંક દ્વારા વ્યક્તિઓને બુલેટ રીપેમેન્ટ વગર આપવામાં આવતા સોના-ચાંદીના દાગીના સામા ધિરાણનીતિ :-

રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના તા.૧૬/૦૨/૨૦૧૭ ના પરીપત્ર નં.DBR.RRB.BC. No.53/31.01.001/2016-17 મુજબ બુલેટ રીપેમેન્ટથી સોના-ચાંદીના દાગીના સામા રૂા.૨/- લાખ સુધીનું ધિરાણ તથા બુલેટ રીપેમેન્ટ વગર રૂા.૫/- લાખ સુધીનું ધિરાણ હાલમાં આપણી બેંક ધ્વારા આપવામાં આવે છે પરંતુ ગ્રહકોની વધતી જતી માંગણીને ધ્યાનમાં લેતાં તેમાં ફેરફાર કરીને હવેથી બુલેટ રીપેમેન્ટ વગર સોના-ચાંદીના દાગીના સામા આપવામાં આવતા ધિરાણની રકમમાં રૂા.૫/-લાખથી વધારો કરી રૂા.૧૫/-લાખ સુધીનું સોના-ચાંદીના દાગીના સામા ધિરાણ મંજૂર કરી શકાશે.

(૧) સોના ચાંદીના દાગીના સામા ધિરાણ બેંકના સભાસદ / નામધારી સભાસદોને જ આપવામાં આવશે.

(૨) આવું કર્જ લેનારે નિયત નમુનાની અરજી સાથે પોતાના નોમીની નીમવાના રહેશે.

(૩) આવું કર્જ લેનાર અરજદારની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ.

(૪) આવું કર્જ મેળવવાની ઈચ્છા ધરાવનાર વ્યક્તિને પોતાની માલીકીના અગર તેમના કુટુંબની માલીકીના દાગીના બેંકની કસ્ટડીમાં તારણમાં લઈને કર્જ આપવામાં આવશે.

(૫) આવું કર્જ લેવા માટે અરજદારે તારણમાં આપવાના દાગીનાનું તેમની હાજરીમાં બેંકે માન્ય કરેલ વેલ્યુઅર પાસે બેંકની શાખાના મકાનમાં બેસીને જ વેલ્યુએશન કરાવવાનું રહેશે.

(૬) વેલ્યુઅરે દાગીનાની નકકી કરેલ કિંમતના ૬૫% સુધીનું પરંતુ ધિરાણ લેનારની ભરપાઈ કરવાની ક્ષમતા અને તેની વ્યક્તિગત પ્રતિભા,પ્રતિષ્ઠા જોઈને વધુમાં વધુ ૭૫% સુધીનું ધિરાણ કરી શકાશે.

(૭) (અ) એક વ્યક્તિને બુલેટ રીપેમેન્ટથી રૂા.૨ લાખ(બે લાખ)ની મર્યાદામાં આવું કર્જ આપવામાં આવશે.

(બ) એક વ્યક્તિને બુલેટ રીપેમેન્ટ વગર રૂા.૧૫ લાખ(પંદર લાખ)ની મર્યાદામાં આવું કર્જ આપવામાં આવશે.

(૮) અરજદાર તરફથી તારણમાં આપવાના દાગીનાની ચકાસણી અને કિંમત નકકી કરવા માટે બેંક તરફથી વેલ્યુઅરોની નીમણુક કરવામાં આવેલ છે જેઓનું મહેનતાણું નીચે મુજબ ચુક્વવાનું રહેશે.

<u>બુલેટ રીપેમેન્ટ મુજબ કરેલ ધિરાણ માટે અરજદારે ચુક્વવાના મહેનતાણાની રકમ નીચે મુજબ રહેશે.</u>

- રૂા.૫૦ હજાર સુધીના ધિરાણ ઉપર રૂા.૩૦૦ ચુક્વવાના રહેશે.
- રૂા.૫૦ હજાર થી રૂા.૧ લાખ સુધીના ધિરાણ ઉપર રૂા.૫૦૦ ચુક્વવાના રહેશે.
- રૂા.૧ લાખ થી રૂા.૨ લાખ સુધીના ધિરાણ ઉપર રૂા.૬૦૦ ચુક્વવાના રહેશે.

<u>બુલેટ રીપેમેન્ટ વગર કરેલ ધિરાણ માટે અરજદારે ચુક્વવાના મહેનતાણાની રકમ નીચે મુજબ રહેશે.</u>

- રૂા.૨ લાખ થી રૂા.૩ લાખ સુધીના ધિરાણ ઉપર રૂા.૮૦૦ ચુક્વવાના રહેશે.
- રૂા.૩ લાખ થી રૂા.૪ લાખ સુધીના ધિરાણ ઉપર રૂા.૧૦૦૦ ચુક્વવાના રહેશે.
- રૂા.૪ લાખ થી રૂા.૫ લાખ સુધીના ધિરાણ ઉપર રૂા.૧૨૦૦ ચુક્વવાના રહેશે.
- રૂા.૧૦ લાખ થી રૂા.૧૫ લાખ સુધીના ધિરાણ ઉપર રૂા.૧૪૦૦ ચુક્વવાના રહેશે.

(૯) કર્જ લેનારે રૂા.૩૦૦/- નો ઈ- સ્ટેમ્પ લેવાનો રહેશે.

(અ) કર્જ લેનારે નિયત નમુનામાં એડેહિસીવ સ્ટેમ્પ લગાડેલ થાલખત,વચનચીઠ્ઠી, શરતોનો કરાર, રૂા.૧/- ના રેવન્યુ સ્ટેમ્પ સાથેની પહોંચ / વાઉચર પર સહી કરવાની રહેશે.

(બ) અરજદારે બેંકમાં સેવિંગ્સ ખાતુ ખોલાવવાનું રહેશે અને કર્જની મંજુર રકમ તેમના સેવિંગ્સ ખાતામાં બેંક જમા કરશે અને કર્જ લેનારે તેમાંથી જરૂર પ્રમાણે ઉપાડ કરવાનો રહેશે.

(૧૦) (અ) તારણમાં આપવામાં આવેલ સોના ચાંદી દાગીનાની વિગત સાથેની રસીદ / પહોંચ બેંક ત્રણ નકલમાં તૈયાર કરશે.

(બ) તારણના દાગીના વિગેરે એક થેલીમાં મુકી તેમાં અસલ પાવતી મુકી ટેગ બાંધી તે ઉપર બેંકના નામનું સીલ લાખથી મારવામાં આવશે.ટેગ સાથે બેંકના નામના એક કાર્ડ માં ગ્રાહક તથા વેલ્યુઅર બન્નેની બેંકના જવાબદાર અધિકારીશ્રીની હાજરીમાં થેલી ઉપર સીલ કર્યાનું લખાણ લખી તેમની સહી લેશે અને બેંકના જવાબદાર અધિકારીશ્રી પોતાની સહી કરશે.

(ક) ઉપર જણાવ્યા પ્રમાણે સીલ કરેલ તારણના દાગીનાની થેલી બે ચાવી વાળા સેફ ડીપોઝીટ લોકરમાં મુકવામાં આવશે.

(ડ) કાર્બનવાળી એક પહોંચ કર્જ લેનારને તેમના પાસપોર્ટ સાઇઝના ફોટા લગાડી તેના ઉપર બેંકનું ગોળ સીલ મારીને આપવામાં આવશે. ગ્રાહકે દાગીના પરત લેતી વખતે / ડીલીવરી લેતી વખતે આ પહોંચ બેંકમાં ફરજીયાત આપવાની રહેશે.ત્રીજી કાર્બનવાળી પાવતી જે તે શાખાની પહોંચ બુક માં જ રહેશે.

(૧૧) (અ) શાખાએ કર્જ રજીસ્ટરમાં બધી વિગતોની નોંધ કરી કર્જ લેનારની સહી લેવાની રહેશે.

(બ) શાખાએ નિયત કરેલ કર્જ રજિસ્ટર,લોન લેજર તથા સ્ટેમ્પ રજીસ્ટર વિગેરે સંપુર્ણ વિગત સાથેના નિભાવવાના રહેશે.તારણના દાગીના વિગેરે પરત આપ્યાની /ડીલીવરી નોંધ કરવાની રહેશે. તેમજ ડીલીવરી સ્લીપ પર કર્જદારને દાગીના પરત મળ્યા બદલની સહિ લેવાની રહેશે.

(૧૨) (અ) હાલનો સોના ચાંદીના દાગીના સામા ધિરાણનો વ્યાજનો દર ૧૧.૦૦% છે. જે બેંકની નીતિને આધીન ફેરફારને પાત્ર રહેશે.

(બ) આ કર્જ ૧૨ માસની મુદત માટે આપવામાં આવશે.

(ક) બુલેટ રીપેમેન્ટથી કર્જ લેનારે પાક્તી મુદતે કર્જની મુદલ અને વ્યાજની રકમ ચુક્તે ભરપાઈ કરવાની રહેશે.

(ડ) મુદતવીતી કર્જ પર ૨ % દંડનીય વ્યાજ બેંક દ્વારા લેવામાં આવશે.

(ઈ) બુલેટ રીપેમેન્ટ વગર કર્જ લેનારના ધિરાણખાતામાં વ્યાજની રકમ પ્રત્યેક માસના અંતે ઉધારવામાં આવશે અને આ વ્યાજની રકમ બીજા માસની ૦૧ થી ૦૫ તારીખમાં વસુલ કરવાની રહેશે અને વ્યાજની રકમ ૯૦ દિવસમાં વસુલ ન આવે તો આવા ખાતા નોનફાર્મ ધિરાણના નોર્મ્સ મુજબ NPA ગણવામાં આવશે તેમજ પાક્તી મુદતે કર્જની મુદલ રકમ તથા છેલ્લા માસના વ્યાજ સહિતની રકમ ચુક્તે ભરપાઈ કરવાની રહેશે.

(૧૩) (અ) સોના ચાંદીના ભાવ ઘટવાના સંજોગોમાં કર્જદારના ખાતામાં ૭૫ % પ્રમાણે મળવાપાત્ર કર્જ કરતાં વધુ બાકી રહેવાના કિસ્સામાં વધારાની બાકી રકમ દીન-૧૫ માં ભરપાઈ કરવા કર્જદારને નોટિસ આપવામાં આવશે.

(બ) પાક્તી મુદતે કર્જ ખાતુ ચુક્તે ન કરનાર ગ્રાહક ને તેમની પાસેની લેણી રકમ વ્યાજ સહિત દિન-૧૫ માં ભરપાઈ કરવા નોટીસ શાખા દ્વારા આપવામાં આવશે.

(ક) મુદાનં- ૧૩(અ),(બ) મુજબ આપવાની નોટિસ માં નિયત સમયમાં કર્જ ભરપાઈ કરવામાં ગ્રાહક ચુક કરશે તો તારણના દાગીના વિગેરે હરાજીથી / ખાનગી વેચાણથી નિકાલ કરી ઉપજેલ રકમ જમા લેવામાં આવશે અને તે બાદ રહેતી બાકી રકમ વ્યાજ સહિત ભરવાની જવાબદારી કર્જદારની રહેશે અને તે બાકી ભરપાઈ કરવામાં નહી આવે તો કાયદેસર કાર્યવાહી કરી ખર્ચ સહિત વસુલ લેવાનો બેંકનો અધિકાર રહેશે તેમ સ્પષ્ટપણે જણાવવામાં આવશે અને તે અધિકાર પ્રમાણે બેંક કાર્યવાહી કરી વસુલ કરશે.

(૧૪) (અ) કર્જ લેનાર વ્યક્તિના અવસાન થવાના સંજોગોમાં તેઓએ કર્જ લેતી વખતે નિમેલ નોમીની પાસેથી કર્જ લેનાર ગ્રાહકના મરણનું સર્ટીફીકિટ ,દાગીનાની પાવતી અને નિયત રકમના સ્ટેમ્પ પેપર ઉપર ખત મેળવી નોમીનીની ખરાઈ કરી કર્જની બાકી રકમ અને વ્યાજ વસુલ લઈ નોમીનીને દાગીના પરત આપવામાં આવશે.

(બ) કર્જ લેનાર તથા તેમના નીમેલ નોમીની બન્નેના અવસાન થવાના સંજોગોમાં બન્નેના મરણના સર્ટીફિકેટ, કર્જ લેનારના વારસદારનું પેઢિનામું મેળવી વારસદારો પૈકી સંમતિથી નક્કી થયેલ વારસને તારણના દાગીના સામેના કર્જની બાકી રકમ વ્યાજસહિત વસુલ લઈ તારણના દાગીના પરત આપવા સંમતિ માટેની નીયત નમુનાની અરજી તેઓની બધાની સહીઓ સાથેની મેળવી અત્રેથી મંજુરીપત્રમાં જણાવ્યા પ્રમાણેની કાર્યવાહી કરીને,બાકી રકમ વસુલ કરીને મંજુરીમાં જણાવેલ વારસને તારણના દાગીના પરત આપવાના રહેશે.

(૧૫) કર્જ લેનારે તારણમાં મુકેલ દાગીના બેંકના તારણમાં / કબજામાં હોય તે સમયમાં સરકારશ્રીના કાયદાનો ભંગ થતો જણાય અથવા તે દાગીના વિગેરે સબંધમાં કોઇ વિવાદાસ્પદ બાબત જણાશે તો તેની જવાબદારી કર્જદારની રહેશે. તે સબંધમાં કોર્ટ / કાનુની પ્રક્રીયા વિગેરે સબંધમાં થનાર ખર્ચ કર્જદારે ભોગવવાનો રહેશે.

(૧૬) દાગીનાં ગ્રાહકની પોતાની માલીકીના છે, કોઈપણ પ્રકારની ગુનાહીત પ્રવૃતી કરી મેળવેલ નથી તેવું કર્જ લેતા શખ્સ પાસેથી બાંહેધરી ખત લેવુ.

(૧૭) નિયત સમય મર્યાદામાં લીધેલ ધિરાણ વ્યાજ સહિત ભરપાઈ કરેલ નહી હોય તો બેંકને દાગીના વેચાણનો અધિકાર રહેશે તેવુ બાંહેધરી પણ લેવુ.

(૧૮) ગ્રાહકની હાજરીમાં દાગીનો સીલ કરવામાં આવેલ છે તેવુ બાંહેધરી પત્ર લેવુ. તારીખ,સમય,સ્થળ સોનુ / ચાંદીનું વજન, ભાવ અને રકમ સહિતનું બાંહેધરી લેવી.

(૧૯) આ શરતોના નિયમોમાં સુધારા વધારા/ફેરફાર કરવાનો બેંકને હકક રહેશે.

નવીન વાહનની ધિરાણનીતિ :-

બેંકના કાર્યવિસ્તારમાં આવેલ ત્રણેય જીલ્લા પંચમહાલ, દાહોદ, મહીસાગરના કાર્યશીલ ખેડૂત સભાસદો, વેપારી સભાસદો માટે તેમના ધંધાકીય વિકાસ માટે નવીન ઘર વપરાશના અને કોમર્શીયલ વાહનો કે જે તેમના ધંધામાં વધારો કરી શકે તેના માટે ધિરાણ આપવા માટેની ધિરાણનીતિ.

❖ **ધિરાણ મેળવવાની પાત્રતા :-**

- અરજદાર તથા બંને જામીનો બેંકના નામધારી સભાસદ હોવા જોઈએ.
- સભાસદનો આપણી બેંક સાથેનો વ્યવહાર સારો હોવો જોઈએ.
- અરજદાર તથા બંને જામીનોના કેવાયસી (KYC) અને ફોટા લેવાના રહેશે.
- સભાસદ ક્યાં પ્રકારનો કેટલા સમયથી ધંધો કરે છે અને તેના ધંધાનું પૂરું સરનામું જણાવવાનું રહેશે. ધિરાણની જરૂરિયાતનું કારણ જણાવવાનું રહેશે.
- સભાસદે આપણી બેંકના ૫ ચેક રજુ કરવાના રહેશે.
- અરજદારના બંને જામીનો સદ્ધર હોવા જોઈએ.
- અરજદારની ઉંમર ૫૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- અરજદારની ભરપાઈ કરવાની ક્ષમતા ચકાસીને ધિરાણ કરવામાં આવશે.
- અરજદારના ૩ વર્ષના ઇન્કમ ટેક્ષના રિટર્ન. (સંયુક્ત હોય તો બંને અરજદારના)
- અરજદાર પગારદાર કર્મચારી હોય તો પગાર સ્લીપ અને વાર્ષિક પગારની આવક અને દુધની આવક જેવી કે અન્ય કોઈપણ વેપાર - ધંધા કે વ્યવસાય કરનારાઓની આવકના આધારભૂત પુરાવા.
- અન્ય આવકના પુરાવા સંયુક્ત હોય તો બંને અરજદારના, વેપારી હોય તો છેલ્લા ૩ વર્ષના કે ધંધો શરૂ કર્યાના વર્ષથી છેલ્લા નાણાકીય વર્ષનો ઓડીટ રિપોર્ટ કે સર્ટીફાઇડ સરવૈયા અને નફા-નુકશાન પત્રકો.

❖ **ધિરાણ મેળવવા માટે વાહનની પાત્રતા :-**

- ટુ-ફોર વ્હીલર, ઓટો રીક્ષા, નાના અને મોટા કોમર્શીયલ જેવા નવીન વાહન ખરીદવા માટે ધિરાણ પાત્રતા રહેશે.

❖ **ધિરાણની રકમ :-**

- વાહનના કવોટેશન મુજબની ઓન રોડ કિંમતના ૮૫% રકમ ધિરાણ પાત્ર રહેશે.

❖ **ધિરાણના વ્યાજનો દર :-**

- વ્યાજ દર હાલમાં નવીન ઘરવપરાશ માટેના નવીન ટુ-ફોર વ્હીલર વાહન પર ૯.૫૦% તથા ફલોટીંગ રેઈટ ૮.૨૫% થી ૯.૨૫% અને નવીન કોમર્શીયલ વાહન જેવા કે ટ્રક, ટેન્કર, ટેમ્પો વિગેરે માટે ૧૨.૫૦% (વખતો વખત બોર્ડ વ્યાજના દરમાં ફેરફાર કરે તે મુજબ ફેરફાર કરેલ દર લાગુ પડશે.)
- પેનલ્ટી વ્યાજ ૨%(મુદતવીતી થાય તો)
- ખાતું મુદતવીતી થયેથી બેંકનો નોટીસ ચાર્જ, વકીલ ફી અને અન્ય કાનૂની ચાર્જ તેઓના ખાતે ઉધારી શકાશે.

❖ **સિક્યુરીટી :-**

- વાહનની લોન મંજુર થયે જીલ્લા આરટીઓ ઓફિસમાં બેંકની તરફેણમાં હાઈપોથીકિશન (HYPOTHICATION) ચઢાવવાનો રહેશે અને ઓરીજનલ આરસી બુક શાખા કક્ષાએ રજુ કરવું પડશે.

❖ **ધિરાણની મુદ્દત :-**

- નવીન ટુ-ફોર વ્હીલર વાહન માટે ૭ વર્ષ સુધી.
- નવીન કોમર્શીયલ વાહન જેવા કે ટ્રૂક, ટેન્કર, ટેમ્પો વિગેરે માટે ૧૦ વર્ષ સુધી આપી શકાશે.

જુના વાહનની ધિરાણનીતિ :-

બેંકના કાર્યવિસ્તારમાં આવેલ ત્રણેય જીલ્લા પંચમહાલ, દાહોદ, મહીસાગર ના કાર્યશીલ ખેડૂત સભાસદો, વેપારી સભાસદો માટે તેમના ધંધાકીય વિકાસ માટે જુના પાંચ વર્ષ સુધીના ઘર વપરાશના અને કોમર્શીયલ વાહનો કે જે તેમના ધંધામાં વધારો કરી શકે તેના માટે ધિરાણ આપવામાં આવે છે.

ધિરાણ મેળવવાની પાત્રતા :-

૧. અરજદાર તથા બંને જામીનો બેંકના નામધારી સભાસદ હોવા જોઈએ.
૨. સભાસદનો આપણી બેંક સાથેનો વ્યવહાર સારો હોવો જોઈએ.
૩. અરજદાર તથા બંને જામીનોના કેવાયસી(KYC) અને ફોટા લેવાના રહેશે.
૪. સભાસદ કયાં પ્રકારનો કેટલા સમયથી ધંધો કરે છે અને તેના ધંધાનું પૂરું સરનામું જણાવવાનું રહેશે. ધિરાણની જરૂરિયાતનું કારણ જણાવવાનું રહેશે.
૫. સભાસદે આપણી બેંકના ૫ ચેક રજુ કરવાના રહેશે.
૬. અરજદારના બંને જામીનો સદ્ધર હોવા જોઈએ.
૭. અરજદારની ઉંમર ૫૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
૮. અરજદારની ભરપાઈ કરવાની ક્ષમતા ચકાસીને ધિરાણ કરવામાં આવશે.
૯. અરજદારના ૩ વર્ષના ઇન્કમ ટેક્ષના રિટર્ન. (સંયુક્ત હોય તો બંને અરજદારના)
૧૦. અરજદાર પગારદાર કર્મચારી હોય તો પગાર સ્લીપ અને વાર્ષિક પગારની આવક અને દુધની આવક જેવી કે અન્ય કોઈપણ વેપાર - ધંધા કે વ્યવસાય કરનારાઓની આવકના આધારભૂત પુરાવા.
૧૧. અન્ય આવકના પુરાવા સંયુક્ત હોય તો બંને અરજદારના, વેપારી હોય તો છેલ્લા ૩ વર્ષના કે ધંધો શરૂ કર્યાના વર્ષથી છેલ્લા નાણાકીય વર્ષનો ઓડીટ રિપોર્ટ કે સર્ટીફાઇડ સરવૈયા અને નફા-નુકશાન પત્રકો.

- **ધિરાણ મેળવવા માટે વાહનની પાત્રતા :-**

  જુનું વાહન કે જેનું મેન્યુફેક્ચરીંગ વર્ષથી પાંચ વર્ષ સુધીના વાહન પર ધિરાણ પાત્રતા રહેશે.

- **ધિરાણની રકમ :-**

  - અરજદારે પોતાના વાહન કે ખરીદવા માંગતા વાહનનો વેલ્યુએસન રિપોર્ટ રજુ કરવો પડશે.
  - વેલ્યુએસન રિપોર્ટના ૭૦% કે તેનાથી ઓછી રકમ ધિરાણ પાત્રતા રહેશે.

- **ધિરાણના વ્યાજનો દર :-**

  - વ્યાજ દર હાલમાં જુના ઘરવપરાશ માટેના વાહન પર ૧૨% અને જુના કોમર્શીયલ વાહન જેવા કે ટ્રક, ટેન્કર, ટેમ્પો વિગેરે માટે ૧૩.૫૦% (વખતો વખત બોર્ડ વ્યાજના દરમાં ફેરફાર કરે તે મુજબ ફેરફાર કરેલ દર લાગુ પડશે.)
  - પેનલ્ટી વ્યાજ ૨%(મુદતવીતી થાય તો)
  - ખાતું મુદતવીતી થયેથી બેંકનો નોટીસ ચાર્જ, વકીલ ફી અને અન્ય કાનૂની ચાર્જ તેઓના ખાતે ઉધારી શકાશે.

- **સિક્યુરીટી :-**

  જે વાહનનું માર્કેટેબલ વેલ્યુએસન રીપોર્ટ માન્ય વેલ્યુઅર દ્વારા કરાવેલ છે તે વાહનનો લોન મંજુર થયે લગત જીલ્લા આરટીઓ ઓફિસમાં બેંકની તરફેણમાં હાઈપોથીકેશન (HYPOTHICATION) ચડાવવાનો રહેશે. અને આરટીઓ ના સહી સિક્કા વાળો સ્ક્રીન રીપોર્ટ (B EXTRACT) લઇ, ઓરીજનલ આરસી બુક શાખા કક્ષાએ રજુ કરવું પડશે.

- **ધિરાણની મુદ્દત :-**

  ૫ વર્ષ સુધી

- **સ્વરોજગાર ક્રેડિટ કાર્ડ (એસસીસી) યોજના :-**

  બેંકના કાર્યવિસ્તારના ત્રણ જીલ્લા પંચમહાલ, મહીસાગર, દાહોદ માં આવતા ધિરાણ ભરપાઈ કરવાની ક્ષમતા ધરાવતા સભાસદો નાના કારીગરો, હેન્ડલૂમ વર્કરો અને અન્ય સ્વ-રોજગાર ધરાવતા વ્યક્તિઓ, રિક્ષા માલિક, અન્ય સૂક્ષ્મ સાહસિકો, SHG જૂથો માટે ધંધાના વપરાશની જરૂરિયાતો અને કાર્યકારી મૂડીને પૂરી પાડવા માટે સ્વરોજગાર ક્રેડિટ કાર્ડ (એસસીસી) યોજના હેઠળ કેશ ક્રેડીટના રૂપે ધિરાણ આપવા ધિરાણનીતિ.

ધિરાણનો હેતુ	નાના કારીગરો, હેન્ડલુમ વર્કરો અને અન્ય સ્વ-રોજગાર ધરાવતા વ્યક્તિઓ, રિક્ષા માલિક, અન્ય સુક્ષ્મ સાહસિકો, SHG જૂથો માટે ધંધાના વપરાશની જરૂરીયાતો અને કાર્યકારી મૂડીની જરૂરીયાતો પૂરી પાડવા.
ધિરાણની યોગ્યતા	(૧) બેંકના કાર્યવિસ્તારના ત્રણ જીલ્લા પંચમહાલ, મહિસાગર અને દાહોદ જીલ્લાના રહીશો માટે તે વિસ્તારમાં ધંધો કરતા સભાસદોની કેશ ક્રેડીટ મંજુર કરી શકાશે. (૨) અરજદારની ઉંમર લઘુત્તમ ૧૮ વર્ષ અને ૫૫ વર્ષથી વધુ ના થવી જોઈએ. (૩) અરજદારની સદ્ધરતાને ધ્યાનમાં રાખીને તેઓના માતા/પિતા,પુત્ર/પુત્રી, ભાઈ/બહેન, પતિ/પત્નીને સહઅરજદાર બનાવીને તેઓની મહત્તમ ઉપરની મર્યાદા સુધી કેશ ક્રેડીટ મંજૂર કરી શકાશે.
ધિરાણની પાત્રતા, રીપેઇંગ કેપેસીટી	(૧) નાના કારીગરો, હેન્ડલૂમ વર્કરો, માછીમાર, સ્વરોજગાર સાથે સંકળાયેલા વ્યક્તિઓ, રિક્ષા માલિક, અન્ય સૂક્ષ્મ સાહસિકો, SHG જૂથો વગેરે. (૨) અરજદાર બેંકમાં તેના બચત ખાતે નિયમિત લેવડ-દેવડ કરતો હોવો જોઈએ.
રજુ કરવાના સાધનિક પુરાવા	(૧) બેંકના નિયત નમુનામાં સંપૂર્ણ વિગતે ભરાયેલ અરજી. (૨) અરજદારના ફોટા, આધારકાર્ડ ફરજીયાત, ચુંટણી કાર્ડ, એડ્રેસપ્રુફ તથા પાનકાર્ડની નકલ. (૩) ૨ (બે) જામીનો લેવાના રહેશે તેઓના ફોટા, આધારકાર્ડ ફરજીયાત, ચુંટણી કાર્ડ, એડ્રેસપ્રુફ તથા પાનકાર્ડની નકલ.
વ્યાજનો દર	બેંકના પ્રવર્તમાન ધોરણો મુજબ વ્યાજનો દર લાગુ પડશે.
ધિરાણનો પ્રકાર	કેશ ક્રેડીટ
ધિરાણની મર્યાદા	વધુમાં વધુ રૂા.૨૫૦૦૦/- ની મર્યાદામાં કેશ ક્રેડીટ આપી શકાશે.
ધિરાણની મુદત	૧ વર્ષ
મુદતવીતી દંડનીય વ્યાજ	૨%
સીક્યુરીટી	અરજદારના વસુલાત પેટે આપણી બેંકના ૫ કોરા ચેક બેંકની ફેવરમાં લેવાના રહેશે.
મોનીટરીંગ અને રીવ્યુ	બેંક તરફથી સ્વરોજગાર ક્રેડીટ કાર્ડ હેઠળ આપેલ ધિરાણના પ્રોગ્રેસ અને મોનીટરીંગ કરી બ્લોક લેવેલે BLBC મીટીંગ, તાલુકા લેવલે DCC/DLRC મીટીંગ અને સ્ટેટ લેવલે SLBC મીટીંગમાં રીવ્યુ કરવામાં આવે છે.

ક્રેડીટ ઓડીટ પોલિસી

બેંકની ક્રેડીટ ઓડિટ પોલીસી મુજબ બેંકના કાર્ય વિસ્તારમાં આપવામાં આવતાં વ્યક્તિ બિન ખેતીવિષયક ધિરાણો પૈકી રૂા.૨૫/- લાખ કે તેથી વધુ રકમના વ્યક્તિ બિનખેતીવિષયક ધિરાણ ફાઈલોની નાણાકીય વર્ષના અંતે શાખા પાસેથી યાદી મંગાવી ધિરાણ ફાઈલોનું કન્કરંટ ઓડિટર દ્વારા અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મારફતે ક્રેડિટ ઓડિટ કરાવવાનું રહેશે.

લીગલ ઓડીટ પોલિસી

બેંકની લીગલ ઓડિટ પોલીસી મુજબ બેંકના કાર્ય વિસ્તારમાં આપવામાં આવતા ધંધાના વિકાસ અર્થે યુનિટવાઈઝ/સેકટરવાઈઝ ધિરાણો પૈકી બેંક દ્વારા આપવામાં આવતા રૂા.૫૦ લાખ કે તેથી વધુ રકમની ધિરાણ ફાઈલોનું પ્રી સેંકશન અને પોસ્ટ સેંકશન ડોક્યુમેન્ટસનું બેંકની લીગલ ઓડિટ પોલીસી મુજબ લીગલ ઓડીટ કરાવવા ધિરાણ ફાઈલમાં રજૂ કરેલ મિલકતનું બેંકના પેનલ એડવોકેટશ્રી પૈકી જે એડવોકેટશ્રીનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ રજુ કરેલ હોય તે સિવાયના અન્ય બેંકના પેનલ એડવોકેટશ્રી પાસે લીગલ ઓડીટ કરાવવાનું રહેશે.

નાબાર્ડની એગ્રીકલ્ચર માર્કેટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (AMI) સબ સ્કીમ ઓફ ઈન્ટીગ્રેટેડ સ્કીમ ઓફ માર્કેટિંગ (ISAM) ની ધિરાણનીતિ.

નાબાર્ડ દ્વારા એગ્રીકલ્ચર માર્કેટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (AMI) સબ સ્કીમ ઓફ ઈન્ટીગ્રેટેડ સ્કીમ ઓફ માર્કેટિંગ (ISAM) નાબાર્ડ તા.૧૫.૦૫.૨૦૨૩ ના પરિપત્ર નં. 87/DOR-12/2023 થી ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી આ યોજના કાર્યરત રાખેલ છે તથા નાબાર્ડના તા.૨૯.૧૨.૨૦૨૩ ના પરિપત્ર નં. 271/DOR-68/2023 થી સ્કીમની ગાઈડ લાઈન્સમાં કરેલ સુધારા વધારા સાથેના ફોર્મ દ્વારા આ સ્કીમ ચાલુ રાખેલ છે જેની ઓપરેશનલ ગાઈડલાઈન્સ મુજબની નીચે પ્રમાણેની ધિરાણનીતિ તૈયાર કરવામાં આવેલ છે.

ખેડૂતોની આવક વધારતી કેન્દ્રીય પેટા યોજના કૃષિ એગ્રીકલ્ચર માર્કેટિંગ (ISAM) માટે એગ્રીકલ્ચર માર્કેટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (AMI) અધીકૃત યોજના છે. પેટા-સ્કીમ AMI ગ્રામીણના વિકાસ અને અપગ્રેડ પર વિશેષ ધ્યાન આપે છે ત્યાં માળખાકીય સુવિધાઓને મજબૂત કરીને કૃષિ અને સંલગ્ન ઉત્પાદનો ના સર્વગ્રાહી વિકાસ હેતુથી ખેડૂતોમાં પશુધન, મત્સ્યઉદ્યોગ, મરઘાં અને આવા અન્ય તમામ ખેતિ ઉત્પાદન માટેના સંગ્રહ માટે ખેડૂતો, ખેતિ ઉત્પાદનો સાથે સંકળાયેલ ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (FPO), અન્ય ખેડૂતોના જૂથો અને ખાનગી ક્ષેત્રના પાત્ર પ્રમોટરો ને પ્રોત્સાહન કરવા માર્કેટેબલ અને પ્રોસેસ્ડ પ્રોડક્ટ્સનું વેચાણ કરીને તેમની આવકમાં વધારો કરી શકાય. જે ધિરાણ આપવા માટેની ધિરાણનીતિ.

ધિરાણનો પ્રકાર	ખેતી વિષયક રૂરલ ગોડાઉન લોન
ધિરાણની પાત્રતા	કૃષિ અને સંલગ્ન ઉત્પાદનો જેવા કે પશુધન, મત્સ્ય ઉદ્યોગ, મરઘાં અને આવા અન્ય તમામ ખેતી ઉત્પાદન માટેના સંગ્રહ માટે ખેડૂતો, ખેતિ ઉત્પાદનો સાથે સંકળાયેલ ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (FPO), અન્ય ખેડૂતોના જૂથો અને ખાનગી ક્ષેત્રના પાત્ર પ્રમોટરો.
ધિરાણની મર્યાદા	પ્રોજેક્ટ ખર્ચના વધુમાં વધુ ૮૦%

ધિરાણનો પ્રકાર	ખેતી વિષયક રૂરલ ગોડાઉન લોન
ધિરાણની મુદત	૧૦ વર્ષ (અર્ધવાર્ષિક હપ્તા)
વ્યાજનો દર	હાલમાં ૧૧% (બેંકના પ્રવર્તમાન ધોરણો મુજબ વ્યાજનો દર લાગુ પડશે.)
મુદતવીતી દંડનીય વ્યાજ	૨% (ખાતુ મુદતવીતી થયેથી નોટીસ ચાર્જ, વકીલ ફી અને અન્ય કાનૂની ચાર્જ તેઓના ખાતે ઉધારી શકાશે.)
માર્જીન	પ્રમોટરનું યોગદાન પ્રોજેક્ટ ખર્ચના ઓછામાં ઓછું ૨૦% થી વધારેમાં વધારે ૫૦% રહેશે.
સીક્યુરીટી	- જે ગોડાઉન બાંધકામ કરવાનું હોય તે ગોડાઉન ઉપર બેંકે મંજુર કરેલ લોન જેટલી રકમનો બેંક તરફેણમાં ઇકવીટેબલ મોર્ટગેજ કરી આપવાનું રહેશે. - સિક્યોરીટી સ્વરૂપે આપણી બેંકના ચેક લેવાના રહેશે. - નાબાર્ડના નોર્મ્સ અનુસાર અરજદારનો CREDIT INFORMATION BUREAU (CIBIL) રીપોર્ટ ફરજીયાત લેવાનો રહેશે. અરજદારના CIBIL સ્કોર મુજબ RISK કેટેગરાઈઝેશન મુજબ RISK કેટેગરાઈઝેશનમાં ડિફોલ્ટર આવે અને હાઈ રિસ્ક હોય તેઓને ધિરાણ મંજુર કરવામાં આવશે નહી.
જામીનદાર	બે સક્ષમ જામીન આપવાના રહેશે. જેઓની મિલકત અને આવકના પુરાવા આપવાના રહેશે.
ધિરાણનો ઉપાડ	નાબાર્ડની એગ્રી માર્કેટિંગ સ્કીમ હેઠળ ગોડાઉન બાંધકામ માટે કુલ પ્રોજેક્ટ ખર્ચ પૈકીની લોન એટલે કે કુલ પ્રોજેક્ટ ખર્ચના ૮૦% અને ૨૦% માર્જીન જાળવવાનું રહેશે. તે મુજબ ગોડાઉન બાંધકામ માટે બાંધકામ શરૂ કાર્યથી પ્લીન્થથી સ્લેબ સુધીના અને ફાઈનલ પ્લાસ્ટર સહિતની કામગીરી જેમ જેમ તબક્કાવાર કરવામાં આવે તેમ તેમ કામકાજનું પ્રમાણપત્રમાં થયેલ કામ સહિતનું પ્રમાણપત્ર મેળવી તેના ૮૦% પ્રમાણે લોનની રકમ છુટી કરવાની રહેશે.
બાંધી મુદ્દત થાપણ	ધિરાણ મંજુર રકમના ૨.૫૦% થી ૫.૦૦% સુધીની, ખાસ કિસ્સામાં બેંકના ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર છૂટછાટ આપી શકશે.
અરજદારે સામેલ કરવાના પત્રકો	- અરજદાર તેમજ જામીનોના કેવાયસી તથા તેમના પાસપોર્ટ સાઈઝના ફોટા - અરજદારો અને જામીનોના રહેઠાણના પુરાવા અને ઈન્કમટેક્ષ રીટર્ન. - અરજદાર તેમજ જામીનોને બેંકના નામધારી સભાસદો બનાવવા. - વ્યક્તિ / પેઢી / કંપનીનાં ઈન્કમટેક્ષ રીટર્ન. - ગોડાઉન બાંધકામ અંગેનો એસ્ટીમેટ રીપોર્ટ - ગોડાઉન બાંધકામ અંગેનો પ્રોજેક્ટ રીપોર્ટ - ધંધો શરુ કર્યાનું પ્રમાણપત્ર, ધંધાનું લાઇસન્સ અને ધંધાના અનુભવની વિગત.

ધિરાણનો પ્રકાર	ખેતી વિષયક રૂરલ ગોડાઉન લોન
	- અન્ય આવકના પુરાવા સંયુક્ત હોય તો બંને અરજદારોના, વેપારી હોય તો છેલ્લા ૩ વર્ષના કે ધંધો શરૂ કર્યાના વર્ષથી છેલ્લા નાણાંકીય વર્ષનો ઓડીટ રીપોર્ટ કે સર્ટીફાઇડ સરવૈયા અને નફા-નુકશાન પત્રકો.
મળવાપાત્ર સબસીડી	મહિલા પ્રમોટર માટે પ્રોજેક્ટ રીપોર્ટના ૩૩% સબસીડી અને પુરૂષ પ્રમોટર માટે પ્રોજેક્ટ રીપોર્ટના ૨૫% સબસીડી મળવાપાત્ર રહેશે.

- **સૂર્ય શકિત કિસાન યોજના અન્વયે સોલાર પેનલ ખરીદવાની ધિરાણનીતી :-**

બેંકની સંયોજીત શાખાઓ મારફતે સરકારશ્રી દ્વારા વીજ ઉત્પાદન વધે અને વીજ બચત થાય તે માટે પંચમહાલ, મહીસાગર અને દાહોદ જિલ્લામાં આવેલ તમામ ખેતીવિષયક મંડળીઓ, અન્ય તમામ સંસ્થાઓ તથા વ્યકિતઓને સીધુ નામધારી સભાસદ બનાવીને સોલાર પેનલ ખરીદવા માટે (ROOFTOSOLARP V.POWER PLANT) ધિરાણ કરવા અંગેની નિતી તથા નિયમો નીચે મુજબ છે.

ક્રમ	ધિરાણનો પ્રકાર	લોન મંજુર કરવાની રકમ	મંડળીના પોતાના ફાળાની રકમ	કુલ પ્રોજેક્ટની રકમ	વ્યાજનો દર	લોનનો ચુકવણીનો સમયગાળો
૧	સોલાર પેનલ ખરીદવા	૧૦ કિલો વોટ હોય તો ૪૨૭૫૦૦/-	૪૭૫૦૦/-	૪૭૫૦૦૦/-	૧૧.૫૦%	૭ વર્ષ

૧. હેતુ :-

- સહકારી માધ્યમની તમામ ખેતી વિષયક મંડળીઓ અને અન્ય તમામ સંસ્થાઓ અને વ્યક્તિઓને સોલાર વિજ ઉત્પાદન કરી વિજ બચત માટે મુદતી ધિરાણ પુરૂપાડવું

૨. લોનનો પ્રકાર :-

- ખેતી વિષયક મંડળીઓ અને અન્ય તમામ સંસ્થાઓ તથા વ્યક્તિઓને SKY લોન-સૂર્ય શક્તિ યોજના
- નોન પ્રાયોરીટી સેક્ટર -સિક્યોર્ડ લોન

૩. પાત્રતા :-

- બેંક કાર્યવિસ્તારના ત્રણેય જીલ્લાની તમામ ખેતી વિષયક મંડળીઓ, અન્ય તમામ સંસ્થાઓ તથા વ્યક્તિઓને સીધુ નામધારી સભાસદ બનાવીને સોલાર પેનલ ખરીદવા માટે
  વ્યક્તિ સીધા નામધારી સભાસદનાં કિસ્સા માટે
- અરજદારના ૩ વર્ષના ઈન્કમ ટેક્ષના રિટર્ન. (સંયુક્ત હોય તો બંને અરજદારના)
- અરજદાર પગારદાર કર્મચારી હોય તો પગાર સ્લીપ અને વાર્ષિક પગારની આવક અને દુધની આવક જેવી કે અન્ય કોઇપણ વેપાર - ધંધા કે વ્યવસાય કરનારાઓની આવકના આધારભૂત પુરાવા.
- અન્ય આવકના પુરાવા સંયુક્ત હોય તો બંને અરજદારના, વેપારી હોય તો છેલ્લા ૩ વર્ષના કે ધંધો શરૂ કર્યાના વર્ષથી છેલ્લા નાણાકીય વર્ષનો ઓડીટ રિપોર્ટ કે સર્ટીફાઇડ સરવૈયા અને નફા-નુકશાન પત્રકો.

૪. લોનની મર્યાદા :-

- સોલાર સિસ્ટમની કુલ કિંમતના ૯૦%

- ❖ યોગ્ય કિસ્સામાં સંસ્થા/વ્યક્તિની કાર્યક્ષમતા અને રીપેઇંગ કેપેસીટી તથા વાયેબીલીટી ધ્યાનમાં રાખી ફેરફાર કરી શકાશે.

૫. ઉપાડ :-

- ❖ મંડળી,સંસ્થા અને વ્યક્તિ તરફથી માંગણી થયે લોન ખાતે ઉધારી લોનની રકમ ડીડી /ચેક / RTGS / NEFT / ટ્રાન્સફર માધ્યમ થકી સૌર ઉર્જા મંડળીને ચુકવવાની રહેશે.
- ❖ ઉપાડ તબક્કાવાર

  પ્રથમ ઉપાડ - ૫૦%(GEDA ની મંજુરી મળેથી)

  બીજો ઉપાડ - ૨૫% (જરૂરીયાત મુજબ - માગણી આવેથી)

  ત્રીજો ઉપાડ - ૨૫% (જરૂરીયાત મુજબ - માંગણી આવેથી)

૬. મુદત :-

- ❖ લોનની મુદત ગ્રેસીંગ પિરીયડ વગર ૮૪ માસ (ગ્રેસીંગ પિરીયડ વધુમાં વધુ ૩ માસ)
- ❖ હપ્તાનો પ્રકાર માસિક -EMI મુજબ.

૭. વ્યાજદર :-

- ❖ વ્યાજ ૧૧.૫૦%
- ❖ પેનલ્ટી વ્યાજ ૨%
- ❖ વ્યાજ દર માસે ઉધારવાનું રહેશે.
- ❖ યોગ્ય કિસ્સામા બેંક ખાતેદારની કાર્યક્ષમતા રીપેઇંગ કેપેસીટી તથા વાયાબીલીટીને ધ્યાનમાં રાખી સંચાલક મંડળ /લોન કમીટી વ્યાજના દરમાં ફેરફાર કરી શકશે.
- ❖ વ્યાજદર સમયાંતરે ફેરફારને આધીન
- ❖ મોરટરીયમ પીરીયડ દરમ્યાન વ્યાજ વસુલાતનું રહેશે

૮. સિક્યુરીટી :-

- ❖ મંડળી માંથી હપ્તા કપાત કરવા અંગેનો ઠરાવ.
- ❖ મંડળીએ તમામ રોકાણ બેંકમાં કરવાનો આગ્રહ રાખવાનો રહેશે અન્ય બેન્કોના ખાતા બંધ કરવાના રહેશે.

૯. પ્રોસેસિંગ ફી :

- ❖ બેંકના નિતી-નિયમ મુજબ

૧૦. વીમો તથા AMC :-

- ❖ સોલર સીસ્ટમનો ધિરાણની રકમ તથા મુદત સુધીનો વીમો તથા AMC લેવાનો રહેશે.

૧૧. જરૂરી સાધનીક કાગળ :-

- ❖ સંસ્થાની ધીરાણ માંગણી અંગેનું અરજી ફોર્મ
- ❖ શાખા એજન્ટ/ઇન્સ્પેકટર અને આસિ ઇન્સ્પેકટરશ્રીનો ભલામણ રીપોર્ટ તથા સ્થળ ચકાસણીનો રીપોર્ટ સાથે

- અરજી ફોર્મમાં મંડળી કે સંસ્થા વતી બેન્ક માંથી લોન મેળવવાની રકમ તથા બેંકની શાખાના નામ સહીત તથા મંડળી/સંસ્થા વતી સહી સિક્કા કરવાનો અધિકાર આપતો ઠરાવ
- સંસ્થાના મિલકત અંગેનો પુરાવો (જે સ્થળે સોલાર પેનલ લગાવવાનું છે તે જગ્યાનો)
- કવોટેઈન - જે તે મંડળી નો નામજોગ
- હપ્તા કપાત કરવા અંગેનો ઠરાવ તથા S.I. ઠરાવ
- છેલ્લો ઓડીટ મેમો- દુરસ્તી રીપોર્ટની નકલ
- નોંધણીનું પ્રમાણપત્ર, લેટેસ્ટ લાઈટબીલની નકલ
- બિલ્ડીંગ લોડ બેરીંગ સર્ટીફીકેટ

૧૨. ધિરાણ ના દસ્તાવેજ :-

- વચનચિઠ્ઠી / પ્રોમિસરી નોટ
- કન્ટીન્યુટી લેટર
- સિક્યુરિટી સર્ટીફીકેટ
- ધીરેલા નાણાનું કબુલાતનામું (કરજખત)
- જામીનખત (જરૂર જણાય ત્યારે)
- તમામ મંડળીઓ,સંસ્થાઓ તથા વ્યક્તિગત દસ્તાવેજી કાગળો-હિસાબો જેવા કે છેવટના તારીજ સરવૈયા, બાકીદાર યાદી, રોકાણ યાદી, કર્મચારી યાદી, કમીટી સભ્યોની યાદી, ઈન્સપેકશન દુરસ્તી, ખેતીવિષયક મંડળીઓ, તમામ સંસ્થાઓનો શરતો માન્ય કરતો ઠરાવ
- છેલ્લો ઉપાડ બાદ દિન -૧૫ મા સૌર ઉર્જા મંડળી તથા સંસ્થાની સોલર પેનલ ઇન્સ્ટોલ થયા અંગેનું પ્રમાણપત્ર
- ધિરાણને સંભવિત હોય તે અન્ય દસ્તાવેજ

૧૩. પોસ્ટ ડીસ્બર્સમેન્ટ રીપોર્ટ :-

- સમય મર્યાદામાં શાખા અધિકારી દ્વારા

૧૪. પોસ્ટ-ઈન્સ્પેકશન રીપોર્ટ :-

- પ્રોજેક્ટ પુર્ણ થયાના ૧૫ દિવસમાં

૧૫. લોન લેનાર સંસ્થાનું / વ્યકિતનું ઈન્સ્પેકશન બેંક કરાવી શકશે.

૧૬. મંજૂર કરવાની સત્તા :-

- સંચાલક મંડળ અને ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર (મંજુર કરી બહાલી મેળવવાને આધિન)
- લોન સબ કમીટી

SKY (સુર્ય શક્તિ કિશાન યોજના) લોન-દુધ ઉત્પાદક સહકારી મંડળી (સુચિત) :-

બેંકનાં કાર્યવિસ્તારમાં આવતા તમામ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને સૂર્ય શક્તિ કિશાન યોજના હેઠળ સોલાર પ્લાન્ટ ઈન્સ્ટોલેશન માટે ધિરાણ કરવા અંગેની ધિરાણનીતિ તથા નિયમો નીચે મુજબ છે.

૧. લોનનો હેતુ

- ❖ દુધ ઉત્પાદક બલ્ક કુલીંગ ધરાવતી મંડળીઓને વિજ બચત માટે મુદતી ધિરાણ પુરૂપાડવું.

૨. લોનનો પ્રકાર

- ❖ SKY લોન-સૂર્ય શક્તિ કિશાન યોજના -દુધ ઉત્પાદક સહકારી મંડળી
- ❖ નોન પ્રાયોરીટી સેક્ટર -સિક્યોર્ડ લોન

૩. પાત્રતા

- ❖ કાર્યક્ષેત્રમાં આવતી બલ્ક કુલીંગ ધરાવતી ઉત્પાદક સહકારી મંડળી

૪. લોનની મર્યાદા

- ❖ સોલાર સિસ્ટમની કુલ કિંમતના ૧૦૦%

૫. મુદત

- ❖ લોનની મુદત ગ્રેસીંગ પિરીયડ વગર ૮૪ માસ (ગ્રેસીંગ પિરીયડ વધુમાં વધુ ૩ માસ)
- ❖ હપ્તાનો પ્રકાર માસિક -EMI મુજબ.

૬. વ્યાજ દર

- ❖ વ્યાજ ૧૦%
- ❖ યોગ્ય કિસ્સામાં બેંક ખાતેદારની કાર્યક્ષમતા રીપેઇંગ કેપેસીટી તથા વાયબેલીટીને ધ્યાનમાં રાખી સંચાલક મંડળ / લોન કમીટી વ્યાજમાં ફેરફાર કરી શકશે.
- ❖ વ્યાજદર સમયાંતરે ફેરફારને આધીન.

૭. વીમો તથા AMC

- ❖ સોલર સીસ્ટમનો ધિરાણની રકમ તથા મુદત સુધીનો વીમો તથા AMC લેવાનો રહેશે.(વીમો)

૮. જરૂરી સાધનીક કાગળ

- ❖ સંસ્થા વતી બેંકમાંથી લોન મેળવવાનો રકમ તથા શાખાનાં નામ જોગ સહિ-સિક્કા કરવાનો અધિકાર આપતો ઠરાવ
- ❖ સંસ્થાના મિલકત અંગેનો પુરાવો (જે સ્થળે સોલાર પેનલ લગાવવાનું છે તે જગ્યાનો)
- ❖ કવોટેઈન- જે તે મંડળીનો નામજોગ
- ❖ હપ્તા કપાત કરવા અંગેનો ઠરાવ તથા S.I. ઠરાવ દુધ મંડળીમાંથી
- ❖ નોંધણીનું પ્રમાણપત્ર, લેટેસ્ટ લાઈટબીલની નકલ

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા-૩૮૯ ૦૦૧.

સરલ કેશ ક્રેડિટ ધિરાણ નીતિ

- અનુસંધાને ધી ગુજરાત સ્ટેટ કો.ઓ.બેંક દ્વારા નોકરીયાત વર્ગ / વ્યાપારી વર્ગ / નાના વ્યવસાયિકો / પેન્શનર્સ / પશુપાલક / ખેડૂતોને તેઓની આકસ્મિક જરૂરીયાતને અનુરૂપ સરળતાથી તથા ઝડપી ધિરાણ મળી શકે તે હેતુથી ''સરલ કેશ ક્રેડીટ યોજના'' અમલમાં મુકવામાં આવેલ છે. જેને અનુસંધાને સરલ કેશ ક્રેડીટ આપવા માટેની ધિરાણનીતિ નીચે મુજબ છે.

ધિરાણનો પ્રકાર	સરલ કેશ ક્રેડિટ
ધિરાણની પાત્રતા	બેંકના કાર્યવિસ્તારમાં આવતા નોકરીયાત વર્ગ / વ્યાપારી વર્ગ / નાના વ્યવસાયિકો / પેન્શનર્સ / પશુપાલક / ખેડૂતોને મળવાપાત્ર રહેશે.
ધિરાણની મર્યાદા	મહત્તમ રૂા. ૧ લાખ (અંકે રૂપિયા એક લાખ)
ધિરાણની મુદ્દત	૩ વર્ષ (દર વર્ષે રીન્યુ કરવાની શરતે)
નોમિનલ સભાસદ	અરજદાર તથા જામીનોને બેંકના નોમિનલ સભાસદ બનાવવાના રહેશે.
વ્યાજનો દર	હાલમાં ૧૩%
મુદતવીતી દંડનીય વ્યાજ	૧% ખાતુ મુદતવીતી થયેથી નોટીસ ચાર્જ, વકીલ ફી અને અન્ય કાનૂની ચાર્જ તેઓના ખાતે ઉધારી શકશે.
સીક્યુરીટી	(૧) સિક્યોરીટી સ્વરૂપે બેંકના પાંચ ચેક લેવાના રહેશે. (૨) નાબાર્ડના નોર્મ્સ અનુસાર અરજદારનો CREDIT INFORMATION BUREAU (CIBIL) રીપોર્ટ ફરજીયાત લેવાનો રહેશે. અરજદારના CIBIL સ્કોર મુજબ RISK કેટેગરાઈઝેશન મુજબ RISK કેટેગરાઈઝેશનમાં ડિફોલ્ટર આવે અને હાઈ રિસ્ક હોય તેઓને ધિરાણ મંજુર કરવામાં આવશે નહી. (૩) અરજદારની નોન એગ્રી થયેલ મિલકતોનાં પુરાવા સ્વરૂપે ૭/૧૨,૮/અ ની નકલો, મિલકતનું પ્રોપર્ટી કાર્ડ, આકારણી પત્રક વિગેરે અરજદારની મિલકત છે તેનાં પુરાવા સ્વરૂપે લેવાનાં અને તેની ઉપર બેંકનું હાઇપોથીકેશન બોજો નોંધાવવા બેંકને અધિકૃત કરતું હાઇપોથીકેશન રૂ.૩૦૦/- નાં સ્ટેમ્પ ઉપર લખાવવાનું રહેશે.
ધિરાણનો ઉપાડ	કેશ ક્રેડીટ સવલતની મંજુરી સમયે શાખા ધ્વારા સૌ પ્રથમ રૂ.૧૦,૦૦૦/- અથવા ગ્રાહકની જરૂરીયાત મુજબની રકમ કેશક્રેડિટ ખાતામાંથી બચત ખાતામાં ગ્રાહકનો વિનંતી પત્ર લઈને જમા આપવાની આવશે ત્યારબાદ કેશક્રેડિટ ધારક કેશક્રેડિટ અને બચત ખાતામાં પોતાની રીતે વ્યવહાર કરી શકશે.
પ્રોસેસિંગ ફી	મંજૂર કરેલ રકમના ૦.૫૦% + GST વસુલવાનો રહેશે.
બાંધી મુદ્દત થાપણ	ધિરાણ મંજૂર રકમના ૨.૫% થી ૫.૦૦% સુધીની

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા-૩૮૯ ૦૦૧.

ધિરાણનો પ્રકાર	સરલ કેશ ક્રેડિટ
અરજદારે સામેલ કરવાના પત્રકો	<u>તમામ અરજદારના કિસ્સામાં</u> (૧) અરજદારની સંપૂર્ણ વિગતો સાથે સહી કરેલું અરજી પત્રક તથા અરજદારના ફોટા. (૨) પાનકાર્ડ અથવા ફોર્મ ૬૦. (૩) આધારકાર્ડ / ચુંટણીકાર્ડની નકલ. (૪) મિલકતના પુરાવા તરીકે હાલનું ઈલેક્ટ્રિસીટી બીલ / પોતાના રહેણાંક મકાનની ઘર વેરા પહોચ, આકારણી પત્રક, પ્રોપર્ટી કાર્ડની નકલ. (૫) છેલ્લા બે વર્ષના ITR ની કોપી અથવા અન્ય આવકના પુરાવા. <u>(અ) પગારદારનાં કિસ્સામાં –</u> (૧) છેલ્લા ત્રણ મહિનાની પગાર સ્લીપ / ફોર્મ નં.૧૬ એ / કંપની ધ્વારા આપવામાં આવેલ સેલેરી સર્ટીફીકેટ. (૨) છેલ્લા ૦૭ મહિનાનું બેંક સ્ટેટમેન્ટ. (૩) અન્ય બેંકમાંથી લીધેલ લોનના સેંકશન લેટર અને લોન એકાઉન્ટ સ્ટેટમેન્ટ (જો હોય તો) <u>(બ) ધંધાદારી અરજદારના કિસ્સામાં</u> (૧) શોપ એન્ડ એસ્ટાબલીસ્ટમેન્ટ સર્ટીફિકેટ / જીએસટી રજીસ્ટ્રેશન / પ્રોફેશનલ ટેક્સ / ઉધમ રજીસ્ટ્રેશન વગેરેની કોપી. (૨) હાલનું ઈલેક્ટ્રીસીટી બીલ / ઓફીસ, દુકાનનું ટેક્સ બીલ / ભાડા કરાર / (જો ધંધાનું સ્થળ ભાડે રાખેલ હોય તો) (૩) છેલ્લા બે વર્ષના નાણાકીય વ્યવહારો દર્શાવતું પત્રક (બેલેન્સ શીટ, પ્રોફિટ લોસ અકાઉન્ટ) <u>(ક) ખેડૂતના કિસ્સામાં</u> (૧) ૭/૧૨ -- ૮/અ -- (૭/૧૨ માં બોજો હોય તો ખાતું રેગ્યુલર હોવાનું પ્રમાણપત્ર) અથવા ગામમાં મકાન/દુકાન ધરાવતો હોવો જોઈએ. <u>(ડ) પશુપાલકના કિસ્સામાં</u> (૧) દૂધ મંડળીનો ઉતારો, દૂધ બિલનું સ્ટેટમેન્ટ. (૨) શક્ય હોય તો ખાતું રેગ્યુલર હોવાનું પ્રમાણપત્ર અથવા ગામમાં મકાન/દુકાન ધરાવતો હોવો જોઈએ. <u>જામીનદારના ડૉક્યુમેન્ટ</u> (૧) જામીનદારની સંપૂર્ણ વિગતો સાથે સહી કરેલું અરજીપત્રક તથા ફોટા. (૨) પાનકાર્ડ અથવા ફોર્મ ૬૦. (૩) આધારકાર્ડ / ચુંટણીકાર્ડની નકલ. (૪) મિલકતના પુરાવા તરીકે હાલનું ઈલેક્ટ્રિસીટી બીલ / પોતાના રહેણાંક મકાનની ઘર વેરા પહોચ, આકારણી પત્રક, પ્રોપર્ટી કાર્ડની નકલ.
રીફાઈનાન્સ	બેંકને સરલ કેશ ક્રેડિટ ધિરાણ માટે ફંડની જરૂરીયાત હોય તો ૧% માર્જીનથી એટલે કે ૧૨% વ્યાજદરથી લોન રીફાઈનાન્સ પુરૂ પાડવામાં આવશે.

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા-૩૮૯ ૦૦૧.

<u>ખેતી વિષયક સેવા સહકારી મંડળી મારફતે સરલ કેશ ક્રેડિટની ધિરાણનીતી</u>

- ''સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર'' પ્રોજેક્ટ અનુસંધાને ધી ગુજરાત સ્ટેટ કો.ઓ.બેંક દ્વારા અમલમાં મુકવામાં આવેલ ''સરલ કેશ ક્રેડીટ'' યોજના ત્રણેય જીલ્લાના કાર્ય વિસ્તારના નોકરીયાત વર્ગ / વ્યાપારી વર્ગ / નાના વ્યવસાયિકો / પેન્શનર્સ / પશુપાલક / ખેડૂતોને તેઓની આકસ્મિક જરૂરીયાત ને અનુરૂપ સરળતાથી તથા ઝડપી ધિરાણ મળી શકે તે હેતુથી બેંક સલગ્ન ખેતી વિષયક સેવા સહકારી મંડળીઓ મારફતે સરલ કેશ ક્રેડીટ ધિરાણ આપવા ''સરલ કેશ ક્રેડીટ'' યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

  સરલ કેશ ક્રેડીટ યોજનાનો લાભ મંડળી મારફતે મંડળીના સભાસદોને આપવામાં આવે તો મંડળીની આવકમાં પણ વધારો થાય અને સભાસદોને સરળતાથી મંડળીમાંથી સરલ કેશ ક્રેડીટ યોજના હેઠળ ધિરાણ મેળવી શકે તે માટે ખેતી વિષયક સેવા સહકારી મંડળી મારફતે સભાસદોને સરલ કેશ ક્રેડીટ ધિરાણ આપવાની ધિરાણનીતિ નીચે મુજબ છે.

ધિરાણનો પ્રકાર	**મંડળી સરલ કેશ ક્રેડિટ**
મંડળી પાસેથી લેવાના પેપર્સ	મંડળીનો ધિરાણ માંગણી બાબતનો ઠરાવ,મંડળીનું વેપાર ખાતું, મંડળીનું નફા-નુકશાન ખાતું અને મંડળીનું પાકું સરવૈયું
મંડળી પાસેથી લેવાના પેપર્સ	બેંકના કાર્યવિસ્તારની ખેતી વિષયક સેવા સહકારી મંડળીના નોકરીયાત વર્ગ / વ્યાપારી વર્ગ / નાના વ્યવસાયિકો / પેન્શનર્સ / પશુપાલક / ખેડૂત સભાસદોને મળવાપાત્ર રહેશે.
ધિરાણની મર્યાદા	મહત્તમ રૂા. ૧ લાખ (અંકે રૂપિયા એક લાખ)
ધિરાણની મુદ્દત	૩ વર્ષ (દર વર્ષે રીન્યુ કરવાની શરતે)
નોમિનલ સભાસદ	અરજદાર તથા જામીનોને બેંકના નોમિનલ સભાસદ બનાવવાના રહેશે.
વ્યાજનો દર	બેંકે મંડળી પાસેથી ૧૧.૫૦% અને મંડળીએ સભાસદ પાસેથી ૧૩% વ્યાજનો દર લેવાનો રહેશે.
મુદતવીતી દંડનીય વ્યાજ	૧% ખાતુ મુદતવીતી થયેથી નોટીસ ચાર્જ, વકીલ ફી અને અન્ય કાનૂની ચાર્જ તેઓના ખાતે ઉધારી શકશે.
સીક્યુરીટી	(૧) સિક્યોરીટી સ્વરૂપે બેંકના પાંચ ચેક લેવાના રહેશે. (૨) નાબાર્ડના નોર્મ્સ અનુસાર અરજદારનો CREDIT INFORMATION BUREAU (CIBIL) રીપોર્ટ ફરજીયાત લેવાનો રહેશે. અરજદારના CIBIL સ્કોર મુજબ RISK કેટેગરાઈઝેશન મુજબ RISK કેટેગરાઈઝેશનમાં ડિફોલ્ટર આવે અને હાઈ રિસ્ક હોય તેઓને ધિરાણ મંજુર કરવામાં આવશે નહી. (૩) અરજદારની નોન એગ્રી થયેલ મિલકતોનાં પુરાવા સ્વરૂપે ૭/૧૨, ૮/અ ની નકલો, મિલકતનું પ્રોપર્ટી કાર્ડ, આકારણી પત્રક વિગેરે અરજદારની મિલકત છે તેનાં પુરાવા સ્વરૂપે લેવાનાં અને તેની ઉપર બેંકનું હાઇપોથીકેશન બોજો નોંધાવવા બેંકને અધિકૃત કરતું હાઇપોથીકેશન રૂ.૩૦૦/- નાં સ્ટેમ્પ ઉપર લખાવવાનું રહેશે.

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા-૩૮૯ ૦૦૧.

ધિરાણનો પ્રકાર	મંડળી સરલ કેશ ક્રેડિટ
ધિરાણનો ઉપાડ	કેશ ક્રેડીટ સવલતની મંજુરી સમયે શાખા ધ્વારા સૌ પ્રથમ રૂ.૧૦,૦૦૦/- અથવા ગ્રાહકની જરૂરીયાત મુજબની રકમ કેશક્રેડિટ ખાતામાંથી બચત ખાતામાં ગ્રાહકનો વિનંતી પત્ર લઈને જમા આપવાની આવશે ત્યારબાદ કેશક્રેડિટ ધારક કેશક્રેડિટ અને બચત ખાતામાં પોતાની રીતે વ્યવહાર કરી શકશે.
બાંધી મુદ્દત થાપણ	ધિરાણ મંજૂર રકમના ૨.૫% થી ૫.૦૦% સુધીની
અરજદારે સામેલ કરવાના પત્રકો	<u>તમામ અરજદારના કિસ્સામાં</u> (૧) અરજદારની સંપૂર્ણ વિગતો સાથે સહી કરેલું અરજી પત્રક તથા અરજદારના ફોટા. (૨) પાનકાર્ડ અથવા ફોર્મ ૬૦. (૩) આધારકાર્ડ / ચુંટણીકાર્ડની નકલ. (૪) મિલકતના પુરાવા તરીકે હાલનું ઈલેક્ટ્રિસીટી બીલ / પોતાના રહેણાંક મકાનની ઘર વેરા પહોચ, આકારણી પત્રક, પ્રોપર્ટી કાર્ડની નકલ. (૫) છેલ્લા બે વર્ષના ITR ની કોપી અથવા અન્ય આવકના પુરાવા. <u>(અ) પગારદારનાં કિસ્સામાં –</u> (૧) છેલ્લા ત્રણ મહિનાની પગાર સ્લીપ / ફોર્મ નં.૧૬ એ / કંપની ધ્વારા આપવામાં આવેલ સેલેરી સર્ટીફીકેટ. (૨) છેલ્લા છ મહિનાનું બેંક સ્ટેટમેન્ટ. (૩) અન્ય બેંકમાંથી લીધેલ લોનના સેંકશન લેટર અને લોન એકાઉન્ટ સ્ટેટમેન્ટ (જો હોય તો) <u>(બ) ધંધાદારી અરજદારના કિસ્સામાં</u> (૧) શોપ એન્ડ એસ્ટાબલીસ્ટમેન્ટ સર્ટીફિકેટ / જીએસટી રજીસ્ટ્રેશન / પ્રોફેશનલ ટેક્સ / ઉદ્યમ રજીસ્ટ્રેશન વગેરેની કોપી. (૨) હાલનું ઈલેક્ટ્રીસીટી બીલ / ઓફીસ, દુકાનનું ટેક્સ બીલ / ભાડા કરાર / (જો ધંધાનું સ્થળ ભાડે રાખેલ હોય તો) (૩) છેલ્લા બે વર્ષના નાણાકીય વ્યવહારો દર્શાવતું પત્રક (બેલેન્સ શીટ, પ્રોફિટ લોસ અકાઉન્ટ) <u>(ક) ખેડૂતના કિસ્સામાં</u> (૧) ૭/૧૨, ૮/અ (૭/૧૨ માં બોજો હોય તો ખાતું રેગ્યુલર હોવાનું પ્રમાણપત્ર) અથવા ગામમાં મકાન/દુકાન ધરાવતો હોવો જોઈએ. <u>(ડ) પશુપાલકના કિસ્સામાં</u> (૧) દૂધ મંડળીનો ઉતારો, દૂધ બિલનું સ્ટેટમેન્ટ. (૨) શક્ય હોય તો ખાતું રેગ્યુલર હોવાનું પ્રમાણપત્ર અથવા ગામમાં મકાન/દુકાન ધરાવતો હોવો જોઈએ. <u>જામીનદારના ડૉક્યુમેન્ટ</u> (૧) જામીનદારની સંપૂર્ણ વિગતો સાથે સહી કરેલું અરજીપત્રક તથા ફોટા. (૨) પાનકાર્ડ અથવા ફોર્મ ૬૦. (૩) આધારકાર્ડ / ચુંટણીકાર્ડની નકલ. (૪) મિલકતના પુરાવા તરીકે હાલનું ઈલેક્ટ્રિસીટી બીલ / પોતાના રહેણાંક મકાનની ઘર વેરા પહોચ, આકારણી પત્રક, પ્રોપર્ટી કાર્ડની નકલ.
રીફાઈનાન્સ	બેંકને સરલ કેશ ક્રેડિટ ધિરાણ માટે ફંડની જરૂરીયાત હોય તો ૧% માર્જીનથી એટલે કે ૧૨% વ્યાજદરથી લોન રીફાઈનાન્સ પુરુ પાડવામાં આવશે.

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા-૩૮૯ ૦૦૧.

મોર્ગેજ ઓવરડ્રાફ્ટ ધિરાણ નીતિ

- બેંકના કાર્યવિસ્તારમાં આવતા પંચમહાલ, મહિસાગરને દાહોદ જીલ્લાના વ્યક્તિ, પેઢી, કંપનીઓને તેઓની સ્થાવર મિલ્કત સામા મિલકત મોર્ગેજ ઓવરડ્રાફ્ટ ધિરાણ તેઓનાં ધંધાના વિકાસ માટે તેઓને વર્કિંગ કેપિટલ (કાર્યકારી મૂડી) પૂરી પાડવા માટે મિલકત મોર્ગેજ ઓવરડ્રાફટ આપવાની ધિરાણનીતિ નીચે મુજબ છે.

ધિરાણનો પ્રકાર	મોર્ગેજ ઓવરડ્રાફ્ટ
ધિરાણની પાત્રતા	(૧) નગરપાલિકા અને નગર પંચાયત કે ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ બિન ખેતી જમીન ઉપરની સ્થાવર મિલ્કત જેને બેંક દ્વારા બજારમાં વેચાણ કરવાની થાય તો સરળતાથી તુરત જ મિલ્કત વેચાણ થાય તેવા માર્કેટેબલ વિસ્તારની બિન ખેતી વિષયક (N.A.) થયેલ મિલ્કત સામા ધિરાણ. (૨) મિલ્કતનું ટાઈટલ કિલયરન્સ સર્ટીફીકેટ મિલ્કતના નામ, સરનામા, સર્વે નંબર સહિત બેંકના માન્ય વકીલ દ્વારા પ્રાન્ત રેવન્યુ કચેરીનો સર્ચ રિપોર્ટ અને તારણમાં લેવાની હોય તે મિલ્કતનો ૨૦ થી ૩૦ વર્ષનો રેવન્યુ રેકર્ડ મેળવી તેના ઉપરથી ટાઈટલ કલીયરન્સ રિપોર્ટ અને આ રિપોર્ટમાં મિલ્કત કોઈપણ પ્રકારના બોજા વગરની કિલયર અને ધિરાણ કરવાને પાત્ર છે તેવા ઉલ્લેખ બેંકના માન્ય વકીલશ્રીનો ટાઇટલ કલીયરન્સ રિપોર્ટ મેળવવાનો રહેશે. (૩) બેંકના તારણ સામા મિલ્કતની માર્કેટેબલ એન્જીનીયર દ્વારા વેલ્યુએશન સર્ટીફીકેટ સાથે અલગ પત્રથી પ્રમાણિત મિલ્કત માર્કેટેબલ છે તે બેંકના માન્ય એન્જીનીયરનો વેલ્યુઅરના વેલ્યુએશન રિપોર્ટમાં એન્જીનીયર દ્વારા મિલ્કતની માર્કેટ વેલ્યુ, ડેસ્પ્રીસીએટલ વેલ્યુ (માર્કેટેબલ) અને ડીસ્ટ્રેટ (માર્કેટેબલ) વેલ્યુ એમ ત્રણ પ્રકારની કિંમત નક્કી કરેલી હોવી જોઇએ અને જે પૈકી માર્કેટ વેલ્યુનો વેલ્યુએશન રિપોર્ટને ધિરાણ માટે આધારભુત ગણવાની રહેશે.
ધિરાણની મર્યાદા	વેલ્યુઅર આપેલ મિલ્કતનાં વેલ્યુએશન રીપોર્ટ મુજબ માર્કેટેબલ કિંમતના ૬૦% થી ૭૦% કે વધુમાં વધુ રૂા.૬૦.૦૦ લાખ બે માંથી જે ઓછી રકમ અને અરજદારની આવકને ધ્યાનમાં રાખીને ભરપાઈ કરવાની ક્ષમતા ત્રણેયમાંથી જે ઓછી રકમ હોય તે મંજુર કરી શકાશે.
ધિરાણની મુદ્દતા	મોર્ટગેજ ઓવરડ્રાફ્ટ ૧ વર્ષ માટે અને ૧ વર્ષ બાદ ખાતામાં નિયમિત વ્યવહાર કર્યો હોય અને વ્યાજની વસુલાત નિયમિત હોય તો તે ખાતું ૧ વર્ષની મુદ્દત પૂર્ણ થયે ધિરાણ ઓવરડ્રાફ્ટ રિન્યુઅલ કરી શકાશે.
ધિરાણની મુદ્દતા	મોર્ટગેજ ઓવરડ્રાફ્ટ ૧ વર્ષ માટે અને ૧ વર્ષ બાદ ખાતામાં નિયમિત વ્યવહાર કર્યો હોય અને વ્યાજની વસુલાત નિયમિત હોય તો તે ખાતું ૧ વર્ષની મુદ્દત પૂર્ણ થયે ધિરાણ ઓવરડ્રાફ્ટ રિન્યુઅલ કરી શકાશે.
વ્યાજનો દર	વ્યાજ દર હાલમાં ફ્લોટિંગ રેઈટ ૧૦% થી ૧૨%.

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા-૩૮૯ ૦૦૧.

ધિરાણનો પ્રકાર	મોર્ગેજ ઓવરડ્રાફ્ટ
સિક્યુરીટી	(૧) જે મિલ્કતનું ટાઇટલ કલીયરન્સ રિપોર્ટ માર્કેટેબલ વેલ્યુએશન અને વેલ્યુઅર દ્વારા વેલ્યુએશન કરાવેલ છે તે મિલ્કત લોન મંજુર થયે સબ રજીસ્ટ્રાર ઓફીસમાં બેંકની તરફેણમાં ઈક્વિટેબલ મોર્ટગેજ કરાવ્યા બાદ આ સબરજીસ્ટ્રાર ઓફીસની ઈન્ડેક્ષની નકલ માટે મોર્ટગેજ દસ્તાવેજ તથા એકરારનામું વિગેરે જોડીને રેવન્યુ વિભાગના ફોર્મ ભરીને લગત સિટીસર્વે કે ઇ-ધરા કેન્દ્રમાં કે પંચાયતમાં બેંકનો બોજો નોંધાવવાનો રહેશે. (૨) મિલ્કત મોર્ટગેજ ધિરાણ અંગે જરૂરી નીચે મુજબના સાધનિક કાગળો મિલ્કત મોર્ટગેજ અરજી ફોર્મ ધિરાણની જરૂરીયાત સહ સંપુર્ણ ભરેલું શાખાની સ્પષ્ટ ભલામણ સહ બે નકલમાં મોકલવું. (૩) નાબાર્ડનાં નોર્મ્સ અનુસાર અરજદારનો CREDIT INFORMATION BUREAU (CIBIL) રિપોર્ટ ફરજીયાત છે. અરજદારનો CIBIL સ્કોર મુજબ RISK કેટેગરાઈઝેશનમાં ડિફોલ્ટર આવે અને હાઈ રિસ્ક હોય તેઓને ધિરાણ મંજુર કરવામાં આવશે નહીં.
ધિરાણનો ઉપાડ	મિલ્કત સામા ઓવરડ્રાફ્ટ મંજુર થયે મિલ્કતનો બેંકની તરફેણમાં ઈકિવટેબલ મોર્ટગેજ કરાવી બેંકની તરફેણનો ધિરાણની રકમ જેટલો સિટી સર્વે, ઇ-ધરા કેન્દ્રમાં બોજો નોંધાવવા તમામ કાર્યવાહી કર્યા બાદ ઉપાડ આપવામાં આવશે.
પ્રોસેસિંગ ફી	બેંકની નીતિ મુજબ
બાંધી મુદ્દત થાપણ	ધિરાણ મંજુરીની રકમના ૨.૫૦% થી ૫.૦૦% સુધીની બાંધી મુદ્દત ધિરાણના સમયગાળા સુધીની લેવાની રહેશે. આ બાંધી મુદત થાપણ બેંકના તારણમાં આપવાની રહેશે અને મેરીટવાળા ધિરાણ ખાતેદારોના કિસ્સામાં બાંધી મુદત થાપણ લેવામાંથી મુક્તિ આપવાની સત્તા બેંકના ચીફ એકઝીકયુટીવ ઓફિસરને આપવામાં આવે છે.
લોન લેવાની પાત્રતા	મિલકત ધરાવનાર વ્યક્તિની ઉંમર ૫૮ વર્ષથી વધારે ન હોવી જોઈએ. જો વ્યક્તિની ઉંમર ૫૮ વર્ષથી વધારે હોય તો કો-બોરોઅર તરીકે વારસાઇ હક ધરાવતી આવકની પાત્રતા આવે તો સામેલ કરી શકશો.
અરજદારે સામેલ કરવાના પત્રકો	(૧) ઓરિજિનલ મિલકતનો દસ્તાવેજ અને ઈન્ડેક્ષની નકલ - પંચાયત વિસ્તાર હોય તો આકારણી પત્રક, મિલકત પત્રક. (૨) મિલકતનું ટાઇટલ કલીયરન્સ સર્ટિફીકેટ (માન્ય વકીલ દ્વારા)/પંચાયત વિસ્તાર હોય તો ટાઇટલ રિપોર્ટ. (૩) મિલકતની વેલ્યુએશન જેમાં માર્કેટ વેલ્યુ, ડેપ્રીશીએટેડ અને ડિસ્ટ્રેટ વેલ્યુ સહિતના બેંકના માન્ય વેલ્યુએશન એન્જિનીયરનો વેલ્યુએશન રિપોર્ટ (૪) અરજદારના છેલ્લાં નાણાકીય વર્ષના ઈન્કમ ટેક્ષના રિટર્ન. (સંયુક્ત હોય તો બંને અરજદારના)

ધિરાણનો પ્રકાર	મોર્ગેજ ઓવરડ્રાફ્ટ
	(૫) અરજદાર પગારદાર કર્મચારી હોય તો પગાર સ્લીપ અને વાર્ષિક પગારની આવક અને દુધની આવક જેવી કે અન્ય કોઈપણ વેપાર-ધંધા કે વ્યવસાય કરનારાઓની આવકના આધારભૂત પુરાવા. (૬) અન્ય આવકના પુરાવા સંયુક્ત હોય તો બંને અરજદારના, વેપારી હોય તો છેલ્લા નાણાકીય વર્ષનો ઓડીટ રિપોર્ટ કે સર્ટીફાઇડ સરવૈયા અને નફા-નુકશાન પત્રકો. (૭) અરજદારના કેવાયસી (KYC) આધાર કાર્ડ, પાનકાર્ડ, ચુંટણી કાર્ડ, લાઇટબીલની ઝેરોક્ષ. (૮) મિલકત ધરાવતા કે દાર અને સધ્ધર બે જામીનો તેઓના નિયમોનુસાર કેવાયસી (KYC) અને ફોટા. (૯) અરજદાર તથા બંને જામીનોને બેંકના નામધારી સભાસદ બનાવવા. (૧૦) ધંધો શરૂ કર્યાનું પ્રમાણપત્ર, ધંધાનું લાઈસન્સ અને ધંધાના અનુભવની વિગત

ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. નાં ડીલરોને વર્કિંગ કેપિટલ માટે કેશ ક્રેડીટની ધિરાણનીતિ.

- ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.(પંચમહાલ ડેરી) નું આશરે વાર્ષિક ટર્નઓવર રૂ.૫૪૬૫/- કરોડ છે જેનો પુરેપુરો નાણાંકીય વ્યવહાર આપણી બેંક મારફતે કરવામાં આવે છે પંચમહાલ ડેરી દ્વારા તમામ કોન્ટ્રાક્ટરોના, વેન્ડરોના, દૂધ મંડળીઓના, દૂધ મંડળીઓના સભાસદોના તથા કર્મચારીઓના ખાતા આપણી બેંકમાં ખોલવામાં આવેલ છે અને તમામ ખાતાઓમાં વ્યવહાર આપણી બેંક મારફતે જ કરવામાં આવે છે. તદુપરાંત ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. દ્વારા આપણી બેંકમાં રૂ.૨૦૦/- કરોડની બાંધી મુદત થાપણ નું રોકાણ કરવામાં આવેલ છે તેમજ રોકાણ કરવામાં આવેલ બાંધી મુદ્દત થાપણ સામા રૂ.૧૯૦/- કરોડની ઓવરડ્રાફ્ટની રકમ મંજુર કરાવેલ છે.

  ઉક્ત વિગતોને ધ્યાને લઈ ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. નાં ઓથોરાઈઝડ ડિલરોને ડેરીની પ્રોડક્ટના ખરીદ-વેચાણ માટેની નાણાકીય જરૂરીયાતને પહોંચી વળવા ૧ વર્ષની મુદ્દત માટે ટુંકાગાળાની વર્કિંગ કેપિટલ માટે રોકડ શાખ (કેશ ક્રેડીટ) આપવાની ધિરાણનીતિ નીચે મુજબ છે.

હેતુ	પંચમહાલ ડેરી અને અમુલ ડેરીની પ્રોડક્ટસનું ખરીદ-વેચાણ કરતાં ઓથોરાઈઝડ ડીલરોને તેઓની નાણાકીય જરૂરીયાતને પહોંચી વળવા માટે કાર્યકારી મૂડી પૂરી પાડવા હેતુ.
પાત્રતા, રીપેઇંગ કેપેસીટી	(૧) પંચમહાલ ડેરીનાં ઓથોરાઈઝડ ડિલરોના ડેરીની પ્રોડક્ટના સરેરાશ માસિક ખરીદ-વેચાણ સામા ધિરાણ પાત્રતા રહેશે. (૨) અરજદાર બેંકમાં તેના ચાલુ ખાતે નિયમિત લેવડ-દેવડ કરતો હોવો જોઈએ.
રજુ કરવાના સાધનિક પુરાવા	(૧) અરજદારના ફોટા, આધારકાર્ડ, એડ્રેસપ્રુફ તથા પાનકાર્ડની નકલ. (૨) ૨(બે) જામીનો લેવાના રહેશે તેઓના ફોટા, આધારકાર્ડ, એડ્રેસપ્રુફ, મિલ્કત તથા આવકના પુરાવા.

	(૩) ધંધાનું નોંધણી પ્રમાણપત્ર, સેલ્સ ટેક્ષ (વેટ) પ્રમાણપત્રની નકલ. (૪) ધંધાના સ્થળનો પુરાવો. (૫) ધંધાનું છેલ્લા નાણાંકીય વર્ષનું તેમજ અરજીના અગાઉના માસનું સરવૈયું, નફા નુકશાન અને વેપાર પત્રક, તારીજ સામેલ કરવાના રહેશે. (૬) વ્યકિતગત, પ્રોપરાઈટરશીપ, પાર્ટનરશીપ ફર્મ, લીમીટેડ લાયાબીલીટી પાર્ટનરશીપ (LLP), પ્રાઈવેટ લીમીટેડ કંપની અને પબ્લીક લીમીટેડ કંપની પોતાની માલિકીની હોવી જોઈએ અથવા ભાડાની જગ્યામાં ધંધો હોય તો રૂા.૩૦૦ ના સ્ટેમ્પ ઉપર ભાડા કરાર, છેલ્લા માસની ભાડા પહોંચ, ભાડાની જગ્યાનો પુરાવો તથા ભાડે આપનારના એડ્રેસપ્રુફ તથા ઓળખપત્ર હોવું જોઈએ. (૭) ભાગીદારી પેઢી હોય તો રજીસ્ટર્ડ ભાગીદારી કરારની નકલ. (૮) છેલ્લા નાણાકીય વર્ષના ઈન્કમટેક્ષ રીર્ટન / સેલટેક્ષ એસેસમેન્ટ ઓર્ડર / GST રીર્ટન રજુ કરવાના રહેશે. (૯) છેલ્લા માસનું સ્ટોક સ્ટેટમેન્ટ તથા દેવા-લેણાની યાદી (છ માસથી વધુ સમયનો અને છેલ્લા છ માસનો માલસ્ટોક અલગ-અલગ દર્શાવો તેમજ ત્રણ વર્ષથી વધુ સમયના વેપારી દેવા લેણા અલગથી દર્શાવવા).
પ્રોસેસિંગ ચાર્જ	બેંકની નીતિ નિયમ મુજબ
માર્જીન	ડિલરના સરેરાશ માસિક વેચાણ સામા ધિરાણપાત્ર રહેશે.
વ્યાજનો દર	૧૧.૦૦ % (બેંકના પ્રવર્તમાન ધોરણો મુજબ વ્યાજનો દર લાગુ પડશે.)
મુદ્દત	૧ વર્ષ
મુદ્દતવીતી દંડનીય વ્યાજ	૨%
સીક્યુરીટી	(૧) પ્રાયમરી સીક્યુરીટી તરીકે જે માલ સામે રોકડશાખ મંજુર કરેલ હોય તે માલ બેંકના તારણમાં રહેશે. (૨) ડીલરનાં વસુલાત પેટે બેંકના ૫ કોરા ચેક બેંકની ફેવરમાં લેવાના રહેશે.
કેશ ક્રેડિટ અંગેની અન્ય શરતો	(૧) અરજદાર, અરજદાર પેઢી / એકમ અને બેંકના નોમીનલ સભાસદ થવાનું રહેશે. (૨) આ સગવડ અન્વયે અરજદારે શાખામાં કરંટ ખાતું ખોલવાનું રહેશે અને ધંધાનો તમામ નાણાંકીય વ્યવહાર આ બેંક મારફતે જ કરવાનો રહેશે. (૩) આ સગવડ કેશક્રેડીટ પ્રકારની સગવડ હોઇ તેમાં ધંધાના તમામ વ્યવહારથી નિયમિત જમા ઉધાર કરી ટર્નઓવર કરવાનું રહેશે. મંજુર થયેલ શાખ મુજબ ઓછામાં ઓછું ત્રણ ગણું ટર્નઓવર થવું જોઈએ. બેંકે મંજુર કરેલ શાખનો અપુરતો ઉપાડ કરવામાં આવશે અથવા બીલકુલ ઉપાડ કરવામાં નહીં આવે તો મંજુર શાખ ઉપર પુરી મુદત માટે થતા વ્યાજની રકમના ઓછામાં ઓછા ૧/૪ % મુજબ મીનીમમ વ્યાજ તરીકે બેંક આકારશે.

	(૪) આ સગવડ માલ/સ્ટોકના વેચાણ સામા તારણ સામે કેશક્રેડીટ / વર્કીંગ કેપીટલ રહેશે. (૫) અરજદારે ધંધાનો તમામ માલસ્ટોક મશીનરીનો તમામ જોખમોને આવરી લેતો પુરી રકમનો વીમો બેંકની ફેવરનો ઉતરાવી, પોલીસી બેંકને એસાઈન કરી આપી સુપત્ર કરવાની રહેશે. વીમો સમયસર રીન્યુ કરવાનો રહેશે. (૬) ધંધાના વકરાની રકમ આ ખાતામાં જ નિયમિતપણે જમા કરવાની રહેશે. (૭) આ બેંક અગર કોઈપણ બેંકમાંના અરજદારના ખાતા ઉપર આ બેંકનો અગ્રેસરનો હક્ક રહેશે. (૮) પેઢી/ યુનિટના ધંધામાં તેમજ ભાગીદારોમાં થયેલ ફેરફારની જાણ તુરંત જ બેંકને કરવાની રહેશે. (૯) આ રોકડ શાખ એક વર્ષ સુધીની મુદત માટે મંજુર કરવામાં આવેલ છે. જે માટે બેંકની ધિરાણનીતીનું પાલન તથા ધંધાનો બેંક સાથેનો વ્યવહાર જોઈ રીન્યુ કરી શકાશે પરંતુ રીન્યુ કરવી કે નહીં તે નિર્ણય બેંકની મનસુફી ઉપર રહેશે. રોકડ શાખ રીન્યુઅલ અરજી મુદત પુરી થવાના એક માસ પહેલાં કરવાની રહેશે. (૧૦) આ રોકડ શાખની લીમીટ તેમજ મુદતમાં વધારો કે ઘટાડો કરવો તે બેંકની મનસુફી ઉપર રહેશે. લોનની મુદતમાં ઘટાડો થવાથી તફાવતની રકમ સત્વરે ભરપાઈ કરવાની રહેશે. (૧૧) મંજુરીપત્રની કોઈપણ શરતનો ભંગ થયેથી બેંક આ સગવડ બંધ કરી વ્યાજ એક સામટુ વસુલ લેવા હક્કદાર રહેશે. (૧૨) બેંકના હાલના અને હવે પછી વખતોવખત અસ્તિત્વમાં આવનાર નિયમોનું અરજદારે પાલન કરવાનું રહેશે. (૧૩) આ શરતો જ્યાં સુધી બેંકનું કર્જ અને તેના ઉપરનું વ્યાજ બાકી હશે ત્યાં સુધી કર્જદારના વંશવાલી, વારસો, કાયદેસરના પ્રતિનિધિઓ, એસાઈનીઓને બંધનકર્તા રહેશે.

<u>નવીન થ્રી વ્હીલર ઈ-રીક્ષા કોમર્શિયલ વાહન ખરીદવા માટેની ધિરાણનીતિ.</u>

- બેંકના કાર્યવિસ્તારમાં આવેલ ત્રણેય જીલ્લા પંચમહાલ, દાહોદ, મહીસાગર ના કાર્યશીલ ખેડૂત / વેપારી / અન્ય સભાસદો તેમની સ્વરોજગારી ઊભી કરવા / ધંધાકીય વિકાસ માટે નવીન થ્રી-વ્હીલર ઈ-રીક્ષા કોમર્શિયલ વાહન ખરીદી સ્વરોજગારી મેળવી શકે / ધંધામાં વધારો કરી વધુ આવક મેળવી શકે તે હેતુથી થ્રી-વ્હીલર ઈ-રીક્ષા કોમર્શિયલ વાહન ખરીદવા માટેની ધિરાણનીતિ નીચે મુજબ છે.

ધિરાણનો હેતુ	બેંકના કાર્યવિસ્તારમાં આવેલ ત્રણેય જીલ્લા પંચમહાલ, દાહોદ, મહીસાગર ના કાર્યશીલ ખેડૂત / વેપારી / અન્ય સભાસદો તેમની સ્વરોજગારી ઊભી કરવા / ધંધાકીય વિકાસ માટે નવીન થ્રી-વ્હીલર ઈ-રીક્ષા કોમર્શિયલ વાહન ખરીદી સ્વરોજગારી મેળવી શકે / ધંધામાં વધારો કરી વધુ આવક મેળવી શકે તે હેતુથી થ્રી-વ્હીલર ઈ-રીક્ષા કોમર્શિયલ વાહન ખરીદવા.
ધિરાણની પાત્રતા, રીપેઈંગ કેપેસીટી	(૧) અરજદાર પંચમહાલ, મહિસાગર અને દાહોદ જીલ્લાના રહીશો માટે તે વિસ્તારમાં ધંધો કરતા અને સ્થાયી મિલ્કત ધરાવનારને ધીરાણ મંજુર કરી શકાશે. (૨) અરજદાર તથા બંને જામીનો બેંકના નામધારી સભાસદ હોવા જોઈએ.

	(૩) સભાસદનો આપણી બેંક સાથેનો વ્યવહાર સારો હોવો જોઈએ. (૪) અરજદાર તથા બંને જામીનોના કેવાયસી(ઊંઢ્ઢઈ) અને ફોટા લેવાના રહેશે. (૫) સભાસદ ક્યાં પ્રકારનો કેટલા સમયથી ધંધો કરે છે અને તેના ધંધાનું પૂરું સરનામું જણાવવાનું રહેશે. (૬) સભાસદે ૫(પાંચ) ચેક રજુ કરવાના રહેશે. (૭) અરજદારના બંને જામીનો સદ્ધર હોવા જોઈએ. (૮) અરજદારની ઉંમર ૫૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ. (૯) અરજદારની ભરપાઈ કરવાની ક્ષમતા ચકાસીને ધિરાણ કરવામાં આવશે. (૧૦) અરજદારની સદ્ધરતાને ધ્યાનમાં રાખીને તેઓના માતા/પિતા, પુત્ર/પુત્રી, ભાઈ/બહેન, પતિ/પત્નીને સહઅરજદાર બનાવીને તેઓની મહત્તમ ઉપરની મર્યાદા સુધી લોન મંજૂર કરી શકાશે.
રજુ કરવાના સાધનિક પુરાવા	(૧) બેંકના નિયત નમુનામાં સંપૂર્ણ વિગતે ભરાયેલ અરજી. (૨) અરજદારના આધાર કાર્ડ, પાનકાર્ડ, ફોટા, આવકનાં અને મિલકતના પુરાવા. (૩) બંને જામીનોના ફોટા મિલ્કત તથા આવકના પુરાવા અને જામીન તરીકેની સંમતિ રજૂ કરવાનાં રહેશે. (૪) અરજદાર અથવા વાહન ચલાવનાર ડ્રાઈવરનું ડ્રાઈવિંગ લાયસન્સ ફરજિયાત રજૂ કરવાનાં રહેશે. (૫) વાહન ખરીદવા માટેનું ક્વોટેશન.
ધિરાણની રકમ	વાહનના કવોટેશન મુજબની ઓન રોડ કિંમતના ૯૫ % રકમ ધિરાણ પાત્ર રહેશે.
ધિરાણનાં વ્યાજ નો દર	૧૦.૫૦% (બેંકના પ્રવર્તમાન ધોરણો મુજબ વ્યાજનો દર લાગુ પડશે.)
ધિરાણની મુદ્દત	૭ વર્ષ સુધી
મુદતવીતી દંડનીય વ્યાજ	૨% (ખાતું મુદતવીતી થયેથી બેંકનો નોટીસ ચાર્જ, વકીલ ફી અને અન્ય કાનૂની ચાર્જ તેઓના ખાતે ઉધારી શકાશે.)
સીક્યુરીટી	(૧) વાહનની લોન મંજુર થયે જીલ્લા આરટીઓ ઓફિસમાં બેંકની તરફેણમાં હાઈપોથીકેશન (HYPOTHICATION) ચડાવવાનો રહેશે. વાહનની ઓરીજનલ આરસી બુક શાખા કક્ષાએ રજુ કરવી પડશે. (૨) અરજદારના ધિરાણની વસુલાત પેટે ૫(પાંચ) કોરા ચેક બેંકની ફેવરમાં લેવાના રહેશે.

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા-૩૮૯ ૦૦૧.

<u>સ્વસહાય જુથ (WSHG) ને કેશ ક્રેડિટ ધિરાણ આપવાની ધિરાણનીતિ</u>

- બેંકના કાર્ય વિસ્તારમાં આવતા ધિરાણ મેળવવા ઇચ્છુક ૧૦ મહિલાઓનું બનેલ જોઇન્ટ લયાબિલિટી અર્નિંગ એન્ડ સેવિંગ ગ્રૂપ ના રૂપમાં બનેલ સ્વ-સહાય (SHG) / સખી મંડળ તાલુકા કક્ષાના જુથોને નેશનલ રૂરલ લાઇવલીહુડ મિશન (NRLM) અને નગરપાલિકા કક્ષાના જૂથોને નેશનલ અર્બન લાઇવલીહુડ મિશન (NULM) યોજનાઓ હેઠળ તાલુકા લાઇવલીહુડ મેનેજર અને નગરપાલિકા મેનેજર દ્વારા સ્વ સહાય (SHG) / સખી મંડળ જૂથોને મંજુર કરેલ ધિરાણ આપણી બેંકમાં થાપણ ખાતાઓ ખોલાવી નિયમિત બચત જમા કરાવી સ્વ સહાય (SHG) જૂથને કેશ ક્રેડીટ ધિરાણ આપવા માટેની ધિરાણનીતિ.

ધિરાણનો પ્રકાર	કેશ ક્રેડિટ
ધિરાણની પાત્રતા	(૧) બેંકના કાર્ય વિસ્તારમાં આવતા ધિરાણ મેળવવા ઇચ્છુક ૧૦ મહિલાઓનું બનેલ જોઇન્ટ લયાબિલિટી અર્નિંગ એન્ડ સેવિંગ ગ્રૂપ ના રૂપમાં બનેલ સ્વ-સહાય (SHG) / સખી મંડળ જૂથોને આપણી બેંકમાં થાપણ ખાતાઓ ખોલાવી ફરજિયાત નિયમિત બચત જમા કરાવતાહોય તેવાસ્વ-સહાય (SHG) / સખી મંડળ જૂથોને કેશ ક્રેડીટ ધિરાણ મળવા પાત્ર રહેશે. (૨) સ્વ-સહાય જુથ (SHG) પંચસૂત્ર નું પાલન ફરજિયાત કરતાં હોવા જોઇએ દા.ત. નિયમિત મિટિંગ, નિયમિત બચત, નિયમિત આંતરિક ધિરાણો, સમયસર વસૂલાત અને છેવટ સુધીનાં નિયમિત એન્ટ્રીઓની જાળવણી રાખવાની રહેશે. (૩) સ્વ-સહાય જૂથ તેઓના રજીસ્ટર થયાના ૬ માસ બાદ ધિરાણ પાત્ર થશે. (બેંકમાં બચત ખાતા ખોલાયાના નહીં) (૪) નાબાર્ડનાં ગ્રેડિંગ નિયમો મુજબનીસ્વ-સહાય જૂથે પાત્રતા મેળવેલી હોવી જોઇએ.
ધિરાણની મર્યાદા	જુથ દ્વારા રજૂ કરેલ લોન અરજીની ચકાસણી કરી તથા સભ્યોની ખરાઈ કરી બેન્ક દ્વારા પ્રથમ વર્ષે રૂ.૧ લાખની લોન મંજૂર કરવાનો નિર્ણય કરવામાં આવશે. ત્યારબાદ બીજા વર્ષ માટે જૂથની અગાઉના વર્ષની લોન વસૂલાતની નિયમિતતાના આધારે લોનની રકમ નક્કી કરવામાં આવશે.
ધિરાણની મુદ્દત	૧ વર્ષ
વ્યાજનો દર	૭%
સ્વસહાય જુથને વ્યાજ રાહત	સદર ધિરાણમાં ૭ % વ્યાજ વળતરનો લાભ મળવાપાત્ર રહેશે. જેથી જૂથને ૦%(શૂન્ય) વ્યાજે ધિરાણ પડશે.
બેંકને વ્યાજ રાહત	❋ રૂા.૩ લાખ સુધીની વાર્ષિક ૭% ના રાહત દરે કેશ ક્રેડિટ ધિરાણઆપેલ હશે તો બેંકને હાલમાં ૪.૫૦% વ્યાજ રાહત મળશે. ❋ રૂા.૩ લાખથી રૂ.૫ લાખ સુધીની લોન માટે બેંકે ૧ વર્ષના MCLR અથવા બોર્ડ દ્વારા મંજૂર કરાયેલ ધિરાણ દર અથવા કોઈપણ અન્ય બાહ્ય બેન્ચમાર્ક આધારિત ધિરાણ દર અથવા વાર્ષિક ૧૦%, જે ઓછું હોય તેના સમકક્ષ વ્યાજ દરે કેશ ક્રેડિટ ધિરાણ આપેલ હશે તો બેંકને હાલમાં ૫% વ્યાજ રાહત મળશે. ❋ વ્યાજ રાહતનો લાભ માત્ર DAY-NRLM યોજના તરફથી જ આપવામાં આવે છે.

ધિરાણનો પ્રકાર	કેશ ક્રેડિટ
મુદ્દતવીતી દંડનીય વ્યાજ	૨% (ખાતુ મુદતવીતી થયેથી નોટીસ ચાર્જ, વકીલ ફી અને અન્ય કાનૂની ચાર્જ તેઓના ખાતે ઉધારી શકાશે.)
સિક્યુરીટી	એડવાન્સ ચેક, જુથના તમામ સભ્યો ધિરાણ વસુલાત બાબતનો ઠરાવ.
અરજદારે સામેલ કરવાના પત્રકો	(૧) જૂથના તમામ સભ્યોનાં કેવાયસી તથા તેમના પાસપોર્ટ સાઈઝના ફોટા, ઘરના સરનામા માટે અરજદારનું આધારકાર્ડ અને લાઇટબિલ ફરજિયાત જોઈશે. (૨) જૂથના તમામ સભ્યો બેંકના નામધારી સભાસદ બનેલા હોવા જોઈએ. (૩) જૂથના તમામ સભ્યોનો આપણી બેંક સાથે વ્યવહાર જોઈને ધિરાણ આપવામાં આવે છે. (૪) જૂથ ક્યા પ્રકારનોધંધો કરે છે,ધિરાણની જરૂરીયાતનું કારણ જણાવવાનું રહેશે. (૫) જૂથના તમામ સભ્યોનો અરજદારની ભરપાઈ કરવાની ક્ષમતા ચકાસીને ધિરાણ કરવામાં આવશે.
ધિરાણ માટેની અન્ય શરતો	(૧) ૧૮ થી ૫૯ વર્ષના તમામ મ્હિલા સભ્યો આ યોજનાનો લાભ લઈ શકશે. (જેવા કે APL / BPL કાર્ડ ધારકો, નોકરીયાત મહિલાઓ, SHG ગ્રુપ વિગેરે.) જેમાં વિધવા અને ત્યકતા બહેનોને અગ્રતા આપવાની રહેશે. (૨) જૂથના તમામ મહિલા સભ્યો એકજ ગામ અથવા પાડોશી ગામના હોવા જોઈએ તેમજ એક કુટુંબનાં એક જ સભ્યને જૂથમાં લઈ શકાશે. (૩) શાખા લેવલે જુથનું બચત ખાતુ અને લોન ખાતુ આમ બે પ્રકારના ખાતા ખોલવાના રહેશે તથા તમામ સભ્યોના બચત ખાતા ઝીરો (૦) બેલેન્સથી ખોલવાના રહેશે તેમજ તેમા કોઇ લધુતમ રકમ જાળવવાની મર્યાદા રાખવામાં આવશે નહી. (૪) ગ્રુપના સભ્યોની જરૂરિયાત મુજબના ઉપાડ કેશ વિડ્રોલથી નહિ કરવા તેમજ કેશ ટ્રાન્ઝેકશન જૂથના સભ્યોના બચત ખાતાઓમાં જ કરવાના રહેશે. (૫) અગાઉ જે જૂથ NPA કે OVERDUE થયેલ હોય તો તેવા જૂથોની માહિતી અત્રે વિભાગના ઈ-મેઈલ દ્વારા મેઈલ આઈડી પર મોકલી આપવાની રહેશે (૬) શાખા વિસ્તારના સ્વ-સહાય જૂથો પૈકીના નિષ્ક્રિય જૂથોને તેમના સભ્યો સાથે સતત સંપર્કમાં રહી જૂથના બચત ખાતામાં બચત એકત્રિત કરાવી સક્રિય કરી ધિરાણ આપવાનું રહેશે. (૭) લોન ભરપાઈ કરવાની પૂરેપુરી જવાબદારી સંયુક્ત રીતે તમામ સભ્યોની રહેશે. (૮) હાલની હયાત યોજનાના કોઈ પણ કેશ ક્રેડિટ ધિરાણ બાકી ન હોય, તો આ યોજનાનો લાભ લઈ શકશે.

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા-૩૮૯ ૦૦૧.

૧ થી ૪ દૂધાળા પશુ ખરીદવા ધિરાણ આપવાની ધિરાણનીતિ

- બેંકનાં પંચમહાલ, મહીસાગર અને દાહોદ જીલ્લાનાં કાર્યવિસ્તારનાં પશુપાલક સભાસદોરોજગારી મેળવી આવક વધારવાનાં હેતુથી ધી પંચમહાલ દૂધ ઉત્પાદક સંઘ લી. દ્વારા તા.૦૩.૧૨.૨૦૨૫ નાં પત્ર નં.પંચ / પીએન્ડઆઈ / ૨૦૨૫ / ૧૪૭ થી પશુપાલક સભાસદોને ૧ થી ૪ દૂધાળા પશુ ખરીદવા બેંક માંથી પશુ ધિરાણ આપવા માટે ''પશુ ધિરાણ યોજના'' અમલમાં મૂકવામાં આવેલ છે. દૂધ સંઘની મંજૂરીની ભલામણને ધ્યાને લઈ ૧ થી ૪ દૂધાળા પશુ ખરીદવા પશુપાલકોને દૂધાળા પશુ યોજના હેઠળ પશુ ખરીદવા માટે ધિરાણ આપવા માટેની ધિરાણનીતિ.

ધિરાણનો પ્રકાર	**૧ થી ૪ પશુ ધિરાણ**
ધિરાણની પાત્રતા	બેંકના કાર્યવિસ્તારમાં આવતા પશુપાલક સભાસદોને મળવાપાત્ર રહેશે.
ધિરાણની મર્યાદા	રૂા.૭૫૦૦૦/- પશુ દીઠ યુનિટ કોસ્ટ (જેમાં રૂ.૬૭૫૦૦/- ની બેંક લોન તથા ૧૦% લેખે માર્જિન પેટે રૂ.૭૫૦૦/- અરજદારે બેંકમાં ભરવાના રહેશે.)
ધિરાણની મુદ્દત	૩ વર્ષ
નોમિનલ સભાસદ	અરજદાર તથા જામીનોને બેંકના નામધારી સભાસદ બનાવવામાં આવશે.
વ્યાજનો દર	૧૧.૭૫%
મુદ્દતવીતી દંડનીય વ્યાજ	૨% (ખાતુ મુદતવીતી થયેથી નોટીસ ચાર્જ, વકીલ ફી અને અન્ય કાનૂની ચાર્જ તેઓના ખાતે ઉધારી શકાશે.)
સિક્યુરીટી	(૧) સિક્યોરીટી સ્વરૂપે બેંકના ૫ (પાંચ) ચેક લેવાના રહેશે. (૨) બેંકે મંજૂર કરેલ લોનથી ખરીદેલ દૂધાળા ઢોરો પર બેંકનો બોજો / ચાર્જ લખાવી લેવાનો રહેશે.
ધિરાણનો ઉપાડ	બેંકે મંજૂર કરેલ લોનથી ખરીદેલ દૂધાળા ઢોરો પર બેંકનો બોજો / ચાર્જ નોંધાવીને કે લખાવીને ઉપાડ આપવાનો રહેશે.
બાંધી મુદ્દત થાપણ	ધિરાણ મંજૂર રકમનાં ૨.૫૦%
અરજદારે સામેલ કરવાના ડોક્યુમેન્ટસ	**અરજદારનાં ડોક્યુમેંટ્સ** (૧) પંચમહાલ ડેરીનો સભાસદના નામનો પશુ ધિરાણ લેવા બાબતનો ભલામણ પત્ર. (૨) અરજદારની સંપૂર્ણ વિગતો સાથે સહી કરેલું નિયત કરેલ અરજી પત્રક (૩) અરજદારનાં ફોટા, આધારકાર્ડ અને ચુંટણીકાર્ડની નકલ. (૪) મિલકતના પુરાવા તરીકે હાલનું ઈલેક્ટ્રિસીટી બીલ / પોતાના રહેણાંક મકાનની ઘર વેરા પહોચ, આકારણી પત્રકની નકલ. (૫) દૂધ બિલનો દાખલો / સ્ટેટમેન્ટ (કોમ્પ્યુટરાઇઝ્ડ) (૬) અરજદાર પાસેથી જમીનની ૭/૧૨ અને ૮-અ નવીન નકલો મેળવવાની રહેશે. **જામીનદારના ડોક્યુમેંટ્સ** (૧) જામીનદારની સંપૂર્ણ વિગતો સાથે સહી કરેલું નિયત કરેલ અરજીપત્રક (૨) અરજદારના બંને જામીનોના તમામ કે.વાય.સી. ડોક્યુમેન્ટસ તથા બંને જામીનદારો સધ્ધર અને લોન લેનારની જવાબદારી લઇ શકે તેમ છે કે નહિ તે માટે તેઓની સામાજીક અને આર્થિક સ્થિતિ તથા તેઓની ધંધા-વેપાર-નોકરીની વિગતો તથા તેને આનુસંગીક આવકની વિગતો તથા તેઓ મિલ્કતદાર છે કે નહિ તેની સંપૂર્ણ વિગતે અભ્યાસ કરી સધ્ધર અને દાર જામીનદારો લેવાના રહેશે.

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા-૩૮૯ ૦૦૧.

''સોઈલ હેલ્થ એન્ડ ફર્ટિલિંગ ચોજના'' હેઠળ ''ધરતી કા ડોક્ટર'' ઓટોમેટેડ સોઈલ ટેસ્ટિંગ મશીન ખરીદવા માટે ધિરાણ આપવાની ધિરાણનીતી.

- મિનિસ્ટ્રી ઓફ કો-ઓપરેશન એન્ડ કો-ઓપરેટિવ ડેવલોપમેન્ટ-I ભારત સરકારશ્રી દ્વારા તા.૧૭.૧૦.૨૦૨૫ નાં પત્ર નં. File No.20-20011/83/2025-MoC (123101) થી ''સોઈલ હેલ્થ એન્ડ ફર્ટિલિંગ ચોજના'' હેઠળ ઓટોમેટેડ મશીન દ્વારા ખેડૂતોની જમીનના જરૂરી પોષક તત્વો (નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટાશ, ઝીંક, બોરોન વગેરે) નું તાત્કાલિક વિશ્લેષણ કરીને ખાતરની સચોટ સલાહ આપે છે.ઓટોમેટેડ મશીનમારફતે કરેલ સોઈલ ટેસ્ટિંગ ના કારણે જમીનની ગુણવત્તા અને ફળદ્રુપતા જેવા પરિબળોની સચોટ માહિતી મળવાથી પાકની ઉપજમાં વધારો થાય અને ખેત પેદાશોના ઉત્પાદનમાં ખર્ચ ઘટાડો થાય તે હેતુથી ''ધરતી કા ડોક્ટર'' ઓટોમેટેડ સોઈલ ટેસ્ટિંગ મશીન થકી સેવા સહકારી મંડળીઓની આવકમાં વધારો થાય તે હેતુથી સેવા સહકારી મંડળીઓને ઓટોમેટેડ સોઈલ ટેસ્ટિંગ મશીન ખરીદવા માટે ''સોઈલ હેલ્થ એન્ડ ફર્ટિલિંગ ચોજના''અમલમાં મુકવામાં આવેલછે. જેને અનુસંધાને ''સોઈલ હેલ્થ એન્ડ ફર્ટિલિંગ ચોજના'' હેઠળ સેવા સહકારી મંડળીઓને ધિરાણ આપવા માટેની ધિરાણનીતિ.

ધિરાણનો પ્રકાર	**ખેતી વિષયક મુદ્દતી ધિરાણ**
ધિરાણની પાત્રતા	બેંકના કાર્યવિસ્તારમાં આવતી સેવા સહકારી મંડળીઓને ધિરાણપાત્ર રહેશે.
ધિરાણની મર્યાદા	ઓટોમેટેડ સોઈલટેસ્ટિંગ મશીનની કિંમતનાં ૯૦% રકમ ધિરાણ પાત્ર રહેશે.
ધિરાણની મુદ્દત	૫ વર્ષ સુધી
વ્યાજનો દર	૧૦.૦૦%
મુદ્દતવીતી દંડનીય વ્યાજ	૨% (ખાતુ મુદતવીતી થયેથી નોટીસ ચાર્જ, વકીલ ફી અને અન્ય કાનૂની ચાર્જ તેઓના ખાતે ઉધારી શકાશે.)
સિક્યુરીટી	(૧) સિક્યોરીટી સ્વરૂપે બેંકના ૫ (પાંચ) ચેક લેવાના રહેશે. (૨) મંજૂર થચેલ ધિરાણની રકમથી ખરીદેલ ઓટોમેટેડ સોઈલ ટેસ્ટિંગ મશીન પર બેંકનો બોજો/ચાર્જ નોંધાવીને કે લખાવી લેવાનું રહેશે.
બાંધી મુદ્દત થાપણ	ધિરાણ મંજૂર રકમનાં ૫.૦૦%
સેવા સહકારી મંડળીમાં સામેલ કરવાના પત્રકો	(૧) ઓટોમેટેડ સોઈલટેસ્ટિંગ મશીન ખરીદવા ડિલરશિપનું ક્વોટેશન. (૨) છેલ્લા વર્ષ આખરના તેમજ છેવટના માસના તારીજ, વેપાર પત્રક, નફા તોટા પત્રક, સરવૈયાના પત્રકો. (૩) સેવા સહકારી મંડળીનો મીટીંગમાં કરેલ ધિરાણની માંગણીનાં ઠરાવની નકલ. (૪) સેવા સહકારી મંડળીની સંપૂર્ણ વિગતો સાથે સહી કરેલું અરજી પત્રક તથા તમામ જરૂરી સાધનિક દસ્તાવેજો.

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા-૩૮૯ ૦૦૧.

ખેતી વિષયક સેવા સહકારી મંડળીઓને કૃષિ ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ(AIF) યોજના હેઠળ વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના (WLGSP) અતર્ગત ગોડાઉન બનાવવાની ધિરાણનીતી.

- સહકારથી સમૃધ્ધિના અભિગમ અંતર્ગત પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળી લી. (પૅક્સ) નો વધુ આર્થિક વિકાસ થાય અને અને તેનો લાભ ગ્રામ્ય કક્ષાએ જાહેર જનતાને મળે તેવા હેતુસર ગ્રામ્ય કક્ષાએ PACS દ્વારા વિવિધ ખેત ઉત્પાદનોના પ્રોસેસીંગ માટે પ્રોસેસીંગ યુનિટ તથા ગોડાઉન બનાવવા ઉપર ભાર મુકવામાં આવેલ છે. જે અનુસાર પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળી લી.(પેક્સ) દ્વારા ગ્રામ્ય કક્ષાએ પ્રોસેસીંગ યુનિટ શરૂ કરવામાં આવે અને તેના દ્વારા ખેડૂતો અને ગામ લોકોને રોજગારી મળી પાકે તેમજ ખેત ઉત્પાદન ભાવો પણ સારા પ્રમાણમાં મળી શકે તેમજ ગ્રામ્ય કક્ષા થકી દેશના વિકાસમાં યોગ્ય ફાળો પ્રદાન થઈ શકે તે હેતુસર રાજ્યના વિવિધ એરિયામાં ઘઉં, ડાંગર, કપાસ, મગફળી, વિવિધ કઠોળ, વિવિધ ફળફળાદી, વિવિધ મરી મસાલા તેમજ અન્ય વિવિધ ખેત ઉત્પાદનના પ્રોસેસીંગની કામગીરી ગ્રામ્ય કક્ષાએ શરૂ કરવા માટે પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળી (PACS) ને વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના અતર્ગત ગોડાઉનનું બાંધકામ પેક્સ પોતાની રીતે બનાવવા માટેની યોજના ભારત સરકાર દ્વારા યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

  વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના અતર્ગત ગોડાઉન યોજનાનો લાભ દરેક મંડળીઓને આપવામાં આવે તો મંડળીની આવકમાં પણ વધારો થાય અને મંડળીની આર્થીક સધ્ધરતા વધે તે માટે ધિરાણ આપવાની ધિરાણનીતિ.

ધિરાણનો પ્રકાર	**વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના** (WLGSP) **અતર્ગત ગોડાઉન બાંધકામ**
ધિરાણની પાત્રતા	બેંકના કાર્યવિસ્તારમાં આવતી ''અ'' અને ''બ'' વર્ગની ઓડીટ ધરાવતી પ્રાથમિક કૃષિવિષયક ધિરાણ સહકારી મંડળીલી.(પેક્સ) આ યોજનાહેઠળ લાભ લઈ શકશે. પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળી લી.(પેક્સ) પાસે ગોડાઉન કમ પ્રોરોસીંગ યુનિટ બનાવવા માટે પોતાની માલિકીની ટાઈટલ ક્લીયરવાળી જમીન હોવી જોઈએ અથવા ઓછામાં ઓછા ૨૦ વર્ષ માટે ભાડાના કરારવાળી જમીન હોવી જોઈએ અને મંડળીની નેટવર્થ પોઝીટીવ હોવી જોઈએ.
ધિરાણની મર્યાદા અને સહાય	(૧) પ્રતિ મેટ્રિક ટન રૂ.૧૦,૦૦૦/- યુનિટ કોસ્ટ અથવા (૨) વાસ્તવિક રીતે થનાર પ્રતિ મેટ્રીક ટનની રકમ ઉક્ત બંને પૈકી જે રકમ ઓછી હોય તે રકમના ૫૦% લેખની રકમ સહાય પેટે વધુમાં વધુ રૂ.૫૦/- લાખની મર્યાદામાં મળવાપાત્ર રહેશે. આ યોજના હેઠળ ૫૦૦ મેટ્રીક ટનથી મોટા કદના ગોડાઉન માટે જ સહાય મળવાપાત્ર રહેશે. (૩) PACS ને રૂા.૫૦૦૦/-મેટ્રીક ટનસબસિડી મળવાપાત્ર છે, સબસીડીની મહત્તમ મર્યાદા રૂ. ૫૦/- લાખ છે.
ધિરાણની મુદ્દત	૨ વર્ષ મોરેટોરિયમ પીરીયડ + ૮ વર્ષ ચુકવણી
વ્યાજનો દર	૪%
મુદ્દતવીતી દંડનીય વ્યાજ	૨% (ખાતુ મુદતવીતી થયેથી નોટીસ ચાર્જ, વકીલ ફી અને અન્ય કાનૂની ચાર્જ તેઓના ખાતે ઉધારી શકાશે.)
સિક્યુરીટી	(૧) સિક્યોરીટી સ્વરૂપે બેંકના ૫ (પાંચ) ચેક લેવાના રહેશે. (૨) ગોડાઉન ઉપર બેંક તરફેણનો બોજો નોંધાવવાનો રહેશે.

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા-૩૮૯ ૦૦૧.

ધિરાણનો પ્રકાર	વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના (WLGSP) અતર્ગત ગોડાઉન બાંધકામ
બાંધી મુદ્દત થાપણ	૫.૦૦% સુધી
મંડળી પાસેથી લેવાના પેપર્સ	(૧) મંડળીનો ધિરાણ માંગણી બાબતનો ઠરાવ,મંડળીનું વેપાર ખાતું, મંડળીનું નફા-નુકશાન ખાતું અને મંડળીનું પાકું સરવૈયું (૨) સદર યોજનાનો લાભ સંબધિત પેક્સ લેવા માંગે છે તે અંગે તેઓની વ્યવસ્થાપક કમિટીના ઠરાવની ખરી નકલ (પેક્સ લેટરપેડ ઉપર) સહાય મેળવવા.
અન્ય શરતો	(૧) આ યોજના હેઠળ સહાય મેળવવા માટે પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળી (PACS) એ સંબંધિત જિલ્લાના જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ સમક્ષ દરખાસ્ત રજૂ કરવાની રહેશે. દરખાસ્ત મળ્યા બાદ તેની જરૂરી ચકાસણી તેમજસ્થળ તપાસ કરાવીને સબધિત જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓએ જરૂરી વિગતો સાધનિક કાગળો સાથે સામેલ રાખીને પોતાના સ્પષ્ટ અભિપ્રાય સહિતની દરખાસ્ત રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજ રાજ્ય, ગાંધીનગરને રજૂ કરવાની રહેશે. રજીસ્ટારશ્રી સદર દરખાસ્ત દ્વારા ની પૂરતી ચકાસણી કર્યા બાદ જ સ્પષ્ટ અભિપ્રાય સહિતની દરખાસ્ત મંજૂરી અર્થે કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગને રજૂ કરવાની રહેશે. (૨) મંજૂર થયેલ સહાયની રકમ સંબંધિત જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ અને પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળી (PACS) ના સંયુક્ત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં અથવા સંબંધિત જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં જમા કરાવવાની રહેશે. આ સહાયનો વપરાશના પ્રમાણમાં જિલ્લા રજીસ્ટ્રારશ્રીની મંજૂરીથી ઉપાડ કરવાનો રહેશે અને તે અંગેની જાણ રજીસ્ટ્રારશ્રી, ગાંધીનગરને કરવાની રહેશે. પરંતુ બાંધકામ પૂર્ણ કર્યા બાદ સબસીડ મેળવવા કરેલ દરખાસ્તના સંદર્ભમાં જે તે મંડળીના જે તે બેંકના ખાતા/ લોન ખાતામાં જ સીધી ચુકવણી કરી શકાશે. (૩) સહાયની રકમ છુટી કરતાં પહેલાં જિલ્લા રજીસ્ટ્રારશ્રીએ સ્થળ તપાસણી / પ્રગતિ અચૂકપણે ચકાસવાની રહેશે. (૪) PACS ની દરખાસ્તને સક્ષમ કક્ષાએથી મંજુરી મળ્યા બાદ જિલ્લા રજીસ્ટ્રારશ્રીની કચેરી મારફતે સંબંધિત PACSને જેટલા પ્રમાણમાં કામગીરી થયેલ હશે તે કામગીરીને ધ્યાને લઈ કોમગીરીના પ્રમાણ તથા તે પરત્વે થયેલ ખર્ચને ધ્યાને લઈ સહાયની ચૂકવણી કરવાની રહેશે. મંજુર થયેલ સહાયની રકમ એકી સાથે અથવા એકથી વધુ હપ્તામાં પેક્સને ચુકવવાની રહેશે. (૫) આ યોજનાનું અમલીકરણ સંબંધિત જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓએ કરવાનું રહેશે તેમજ યોજનાના નિયંત્રણ અધિકારી તરીકે રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે કામગીરી કરવાની રહેશે. (૬) પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળી લી. (પેકસ) પાસે ગોડાઉન કમ પ્રોરોસીંગ યુનિટ બનાવવા માટે પોતાની માલિકીની ટાઇટલ કલીયરવાળી જમીન હોવી જોઇએ અથવા ઓછામાં ઓછા ૨૦ વર્ષ માટે ભાડાના કરારવાળી જમીન હોવી જોઇએ અને મંડળીની નેટવર્થ પોઝીટીવ હોવી જોઈએ.

(૭) પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળી લી. (પેક્સ)ને ગોડાઉન કમ પ્રોસેસીંગ યુનિટ બનાવવા માટે રાજ્ય સરકારશ્રીની સહાય ઉપરાંત થનાર ખર્ચ જે તે પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળી લી. (પેક્સ) દ્વારા ભોગવવાની રહેશે.

(૮) પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળી લી. (પેક્સ)ને ગોડાઉન કમ પ્રોસેસીંગ યુનિટ માટે જરૂરી વીમો લેવાનો રહેશે.

(૯) પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળી લી. (પેક્સ)ને ગોડાઉન કમ પ્રોસેસીંગ યુનિટ બનાવવા માટેના નકશા અને અંદાજો નિયામકશ્રી, ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગુજ.રાજ્ય, ગાંધીનગર દ્વાર માન્ય પેનલ પરના એન્જીનિયર પાસે તૈયાર કરાવવાના રહેશે, અને અંદાજો જાહેર બાંધકામ ખાતાના માન્ય એસ.ઓ.આર. મુજબ જ હોવા જોઈશે રાજ્ય સરકારશ્રીની યોજના અન્વયે સહાય મેળવવા દરખાસ્ત કરેલ હોય ત્યારે તે કિસ્સામાં અંદાજો જાહેર બાંધકામ ખાતના માન્ય એસ.ઓ.આર મુજબના છે તે અંગેનું પ્રમાણપત્ર જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત/આર. & બી. કચેરીના એન્જીનિયરશ્રી પાસેથી મેળવીને દરખાસ્તમાં સામેલ રાખવાનું રહેશે.

(૧૦) પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળી લી. (પેક્સ)ને ગોડાઉન કમ પ્રોસેસીંગ યુનિટ બનાવવા માટેના નકશા અને અંદાજો નિયામકશ્રી, ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગુજ.રાજ્ય, ગાંધીનગર દ્વાર માન્ય પેનલ પરના એન્જીનિયર પાસે તૈયાર કરાવવાના રહેશે, અને અંદાજો જાહેર બાંધકામ ખાતાના માન્ય એસ.ઓ.આર. મુજબ જ હોવા જોઈશે રાજ્ય સરકારશ્રીની યોજના અન્વયે સહાય મેળવવા દરખાસ્ત કરેલ હોય ત્યારે તે કિસ્સામાં અંદાજો જાહેર બાંધકામ ખાતના માન્ય એસ.ઓ.આર મુજબના છે તે અંગેનું પ્રમાણપત્ર જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત/આર. & બી. કચેરીના એન્જીનિયરશ્રી પાસેથી મેળવીને દરખાસ્તમાં સામેલ રાખવાનું રહેશે. અને આ સિવાય ભારત સરકારશ્રી વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના અતર્ગત ગોડાઉન પ્રોજેક્ટ માટે ભારત સરકારશ્રી દ્વારા નિયત થયેલ એજન્સી/સંસ્થા દ્વારા બનાવેલ નકશા અને અંદાજો પણ આ યોજનાના હેતુ માટે માન્ય રહેશે.

(૧૧) આ યોજના હેઠળ સહાય માટે અરજી કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળી લી (પેક્સ) દ્વારા યુનિટનું બાંધકામ પૂર્ણ થયેથી પ્રથમ સબંધિત જીલ્લા રજીસ્ટાર, સહકારી મંડળીઓને રજુ કરવાની રહેશે જેની સાથે બાંધકામ પૂર્ણ કર્યા અંગે માન્ય ઈજનેર અથવા ભારત સરકારશ્રી વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના અતર્ગત ગોડાઉન પ્રોજેક્ટ માટે ભારત સરકારશ્રી દ્વારા નિયત થયેલ એજન્સી/સંસ્થાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૧૨) આ યોજના હેઠળ સહાય મેળવવા માટેની અરજી પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળી લી (પેક્સ) દ્વારા યુનિટનું બાંધકામ પૂર્ણ થયેથી પ્રથમ સબંધિત જીલ્લાના જીલ્લા રજીસ્ટાર સહકારી મંડળીઓને રજુ કરવાની રહેશે જેની સાથે બાંધકામ પૂર્ણ કર્યા અંગે માન્ય ઈજનેર અથવા ભારત સરકારશ્રીના ""world's Largest grain storage Plan" પ્રોજેક્ટ માટે ભારત સરકારશ્રી દ્વારા નિયત થયેલ એજન્સી/સંસ્થાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૧૩) સદર યોજનાનો લાભ પેક્સ કે જેની સામે સહાયના વર્ષ તેમજ તેની અગાઉના ત્રણ વર્ષ દરમ્યાન ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ ૮૧(એ), ૮૬, ૯૩ મુજબની કોઈ કાર્યવાહી ચાલતી ન હોવી જોઈએ કે બલ-સૂચિતમાં પણ નથી તેમજ ઇકીય ગુજરીતી, ઉચાપત ગોટાળા કે ભ્રષ્ટાચારના બનાવો બનેલ નથી તે મતલબના સબંધિત જીલ્લા રજીસ્ટારશ્રીને પ્રમાણપત્ર આપવાના રહેશે,

(૧૪) સદર યોજનાનો લાભ સબંધિત પેક્સને એક જવાન મળવાપાત્ર રહેશે.

(૧૫) સદર યોજનાનો લાભ સંબંધિત પેક્સ લેવા માંગે છે તે અંગે તેઓની વ્યવસ્થાપક કમિટિના ઠરાવની ખરી નકલ (પેક્સના લેટરપેડ ઉપર) આ સહાય મેળવવાની દરખાસ્ત સાથે સામેલ રાખવાની રહેશે.

(૧૬) લાભાર્થી પેક્સને આવા પ્રકારની રાજ્ય સરકારની અન્ય કોઈ યોજના કે એજન્સી હેઠળ સહાય મળતી ન હોવી જોઈએ જે અંગેની ચકાસણી/ખરાઈ સબંધિત જીલ્લા રજીસ્ટારશ્રીએ કરવાની રહેશે.

(૧૭) સદર યોજનાનો લાભ લેવા માંગતી પેક્સનું સહાય માટે ધ્યાને લીધેલ છેલ્લા વર્ષ સુધીનું ઓડીટ થયેલ હોવું જોઈએ જે તે વર્ષનું ઓડીટ થયેલ ન હોય તો તેને સ્પષ્ટ રજુ કરવાના રહશે.

(૧૮) સને ૨૦૨૫/૨૬ ના વર્ષની બજેટ જોગવાઈને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૧૯) જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે જ હેતુ માટે ખર્ચ કરવાનો રહેશે.

(૨૦) પ્રસ્તુત યોજના વર્ષ ૨૦૨૬-૨૭ માં પૂર્ણ થશે તેમજ યોજનાને સલગ્ન જરૂરી સંપૂર્ણ સમીક્ષાઓ બાદ જ યોજના ચાલુ બંધ કવા અંગેના નિર્ણય કરવાના રહેશે.

(૨૧) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. વર્ષના અંતે જો કોઈ રકમ બચત રહે તો તે / પરત કરવાની રહેશે

(૨૨) પ્રસ્તુત કામે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૨૩) આ અંગેની ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતાં કરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૨૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યતાના સીધાર્થોનો અમલ કરવાનો રહેશે.

(૨૫) ઓનલાઈન અરજી કરવાનું અને મંજુરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૨૬) Social Audit A"¡ Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૨૭) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા-૩૮૯ ૦૦૧.

ખેતી વિષયક મધ્યમ મુદત લોન માટેની નાબાર્ડ દ્વારા મંજુર કરેલ યુનિટ કોસ્ટ, માર્જીન અને મુદત

બેંક દ્વારા સને ૨૦૨૬-૨૭ ના વર્ષમાં કરવામાં આવતા જુદા જુદા પ્રકારનાં ખેતિ વિષયક મધ્યમ મુદત તથા બિન ખેતિ વિષયક લોનના ધિરાણનાં દરો નકકી કરવા માટે નાબાર્ડની યુનિટ કોસ્ટ બુકલેટ ૨૦૨૫-૨૬ ના વર્ષમાં જણાવેલ જુદા જુદા પ્રકારની ખેતિ વિષયક મધ્યમ મુદત લોનની યુનિટ કોસ્ટ નકકી કરેલ છે. જેને ધ્યાને લઈ સને ૨૦૨૬-૨૭ ના વર્ષમાં બેંક દ્વારા કરવામાં આવતા ખેતિ વિષયક મધ્યમ મુદત લોન માટેની નાબાર્ડ દ્વારા મંજુર કરેલ યુનિટ કોસ્ટ નાબાર્ડના દર મુજબની દર્શાવેલ છે જે મુજબ મધ્યમ મુદતનાં ધિરાણો કરવામાં આવે છે.

દરેક પ્રકારના ધિરાણ પર લેવાના દરો અને જાળવવાના માર્જીન નીચે પ્રમાણે નક્કી કરવામાં આવે છે.

૧. કેસીસી/ખેતી વિષયક ધિરાણો

અ. નં.	ધિરાણની વિગત	વ્યાજ ગણતરીનું ધોરણ	બેંક મંડળી/ સહ. સંસ્થાઓ પાસેથી લેવાના વ્યાજના દરો (%)	મંડળી/સહ. સંસ્થાએ સભાસદ પાસેથી લેવાના વ્યાજના દરો (%)	બેંક નામધારી સભાસદ માટેના વ્યાજના દરો (%)	દંડનીય વ્યાજના દરો
૧	૨	૩	૪	૫	૬	૭
૧	<u>કેસીસી પાક ધિરાણો કેશ ક્રેડિટ</u> કેન્દ્ર સરકારશ્રીની ઈન્ટરેસ્ટ સબવેન્શન યોજનાને આધિન (૧) રૂા.૩.૦૦ લાખ સુધી (૨) રૂા.૩.૦૦ લાખથી વધુ (૩) બંને પ્રકારની મુદતવીતી બાકી પર	વાર્ષિક	૫.૫૦% ૧૨% ૧૨%+૧%	૭% ૧૪% ૧૪%+૨%	૭% ૧૪% ૧૪%+૨%	કોલમ નં. ૪,૫ અને ૬ માં જણાવ્યા મુજબ
	કેસીસી એનીમલ હસબન્ડરી	વાર્ષિક	૫.૫૦%	૭%	૭%	
૨	અન્ય ખેતી વિષયક ટુંકી મુદત	વાર્ષિક	૧૧.૫૦%	૧૪%	૧૧.૫૦%	૨%
૩	ખે.વિ.રીશીડયુલ/કર્ન્વઝન લોન	વાર્ષિક	૧૦%	૧૨.૫૦%	૧૦%	૨%

૨. તમામ પ્રકારની ખેતી વિષયક મધ્યમ મુદત લોન

૧	ખેતી વિષયક યોજનાકીય માઈનોર ઈરીગેશન ધિરાણ	અર્ધ વાર્ષિક	૧૧.૦૦%	૧૪%	૧૧.૦૦%	૨%
૨	યોજનાકીય ડેરી તમામ ધિરાણ	અર્ધ વાર્ષિક	૧૧.૭૫%	૧૪%	૧૧.૭૫%	૨%
૩	યોજનાકીય ફાર્મ ટ્રેક્ટર, ટ્રોલી	અર્ધ વાર્ષિક	૧૦.૦૦%	૧૨.૫૦%	૧૦.૦૦%	૨%
૪	કલ્ટીવેટર, થ્રેસર તથા બળદ	અર્ધ વાર્ષિક	૧૧.૦૦%	૧૪%	૧૧.૦૦%	૨%
૫	ગોડાઉન બાંધકામ માટે	અર્ધ વાર્ષિક	૧૧.૦૦%	૧૪%	૧૧.૦૦%	૨%
૬	જમીન સુધારણા માટે	અર્ધ વાર્ષિક	૧૧.૦૦%	૧૪%	૧૧.૦૦%	૨%
૭	ફાર્મ હાઉસ/ગ્રીન હાઉસ માટે	અર્ધ વાર્ષિક	૧૧.૦૦%	૧૪%	૧૧.૦૦%	૨%
૮	જેએલજી ગ્રુપોને	અર્ધ વાર્ષિક	૧૧.૦૦%	૧૪%	૧૧.૦૦%	૨%

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા-૩૮૯ ૦૦૧.

૩. તમામ પ્રકારની કેશક્રેડિટ/ઓવર ડ્રાફ્ટ

૧	અર્બન બેંક, ક્રેડીટ સોસાયટી, કર્મચારીની મંડળીઓને કેશક્રેડીટ	માસિક	૧૦.૦૦%	-	-	૨%
૨	પ્રાથમિક ખેતી મંડળીઓને/ખ.વે.સંઘો/ ઔદ્યોગિક મંડળીઓ/દૂધ ઉ.મંડળી અને તમામ પ્રકારની મંડળીઓને/હાઇપો ગુડઝ/ ખાતર એલ.સી./માલના માર્કેટીંગ સામે	માસિક	૧૧.૦૦%	-	-	૨%
૩	નેશનલ સેવિંગ્સ સર્ટીફીકિટ સામા ધિરાણો (૭૫% પ્રમાણે)		૧૧.૫૦%	-	૧૧.૫૦%	
૪	બેંકની બાંધી મુદત થાપણ સામા ઓવરડ્રાફ્ટ (વ્યક્તિને ૮૫%)		-	-	થાપણના દર કરતાં ૧% વધુ	
	બેંકની બાંધી મુદત થાપણ સામા અર્બન બેંક, ક્રેડીટ સોસાયટી, કર્મચારીની મંડળીઓ અને દુ.ઉ.સ.મંડળી/સેવા સહકારી મંડળી/સહકારી સંસ્થાને ૯૦% તેમજ ધી પંચ.દુ.ઉ.સ.લી.માટે ૯૫%		થાપણના દર કરતાં ૦.૫૦% વધુ અને ૦.૭૫% વધુ તેમજ ૦.૫૦% વધુ	-	-	
૫	સ્વરોજગાર ક્રેડીટ કાર્ડ	વાર્ષિક	-	-	બેંકના પ્રવર્તમાન ધોરણો મુજબ વ્યાજનો દર લાગુ પડશે.	૨%

૪. બિન ખેતી વિષયક મધ્યમ મુદત લોન

૧	સ્થાવર મિલકત સામા કેશ ક્રેડીટ તથા ટર્મ લોન	માસિક		-	૧૧.૭૫%	૨%
૨	મકાન લોન/ઓફિસ બાંધકામ/રીનોવેશન	માસિક		-	૯.૫૦%	૨%
૩	ટુ વ્હીલર તથા ફોર વ્હીલર	માસિક		-	૯.૫૦%	૨%
	જુના વાહન લોન	માસિક		-	૧૨.૦૦%	૨%
	કોર્મશીયલ વાહન લોન	માસિક		-	૧૨.૫૦%	૨%
	જુના કોર્મશીયલ વાહન લોન	માસિક		-	૧૩.૫૦%	૨%
	થ્રી-વ્હીલર ઈ-રીક્ષા કોમર્શિયલ વાહન લોન	માસિક		-	૧૦.૫૦%	૨%
૪	બિન ખેતીવિષયક કેશક્રેડીટ	માસિક		-	૧૩.૦૦%	૨%
૫	નામધારી સભાસદોને વપરાશી ધિરાણ	માસિક		-	૧૨.૦૦%	૨%
૬	પુત્ર તથા પુત્રીના ઉચ્ચ શિક્ષણ માટે (પુત્રી) (પુત્ર)	માસિક માસિક		-	૧૦.૫૦% ૧૧.૦૦%	૨%
૭	કુટીર ઉદ્યોગ હેઠળ બિન ખેતી વિષયક મ.મુ.લોન	માસિક		-	૧૨.૫૦%	૨%
૮	પ્રધાનમંત્રી યોજના હેઠળ જુદા જુદા ધિરાણ	માસિક		-	૧૪.૫૦%	૨%
૯	બાજપાઇ યોજના હેઠળના ધિરાણ	માસિક		-	૧૪.૫૦%	૨%
૧૦	એસ.એચ.જી. (SHG) ગૃપોને ધિરાણ	માસિક			૧૦.૦૦%	૨%
૧૧	વ્યક્તિ સોના ચાંદી દાગીના સામા ધિરાણ			-	૧૧.૦૦%	૨%
૧૨	પગારદાર કર્મચારીને ધિરાણ સામા	માસિક		-	૧૨.૫૦%	૨%
૧૩	માઇક્રો ફાઇનાન્સ ધિરાણ	માસિક		-	૧૪.૦૦%	૨%

૧૪	સોલાર પેનલ યોજના માટે	માસિક	૧૧.૫૦%	૧૪.૦૦%	૧૧.૫૦%	૨%
૧૫	સોલાર પેનલ યોજના માટે (દૂધ મંડળી)	માસિક	૧૦.૦૦%	-	-	૨%
૧૬	સરલ કેશ ક્રેડીટ ધિરાણ	વાર્ષિક	-	-	૧૩%	૨%
૧૭	મોર્ગેજ ઓવરડ્રાફ્ટ	વાર્ષિક	-	-	૧૦% થી ૧૨%	૨%
૧૮	ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. નાં ડીલરોને વર્કિંગ કેપિટલ માટે કેશ ક્રેડીટ ધિરાણ	વાર્ષિક	-	-	૧૧%	૨%
૧૯	મંડળી સરલ કેશ ક્રેડિટ ધિરાણ	વાર્ષિક	૧૧.૫૦%	૧૩%	-	૨%

નોંધ : (૧) મધ્યમ મુદત ધિરાણોના હેતુઓ ધ્યાને લઈ માર્જીનની રકમ મંડળીએ/સભાસદે પોતાના ફાળાના રોક્વાની રકમ, લોન પરત આપવાની મુદત ૨ થી ૨૦ વર્ષની રહેશે. તમામ પ્રકારની કેશક્રેડીટ ઓવર ડ્રાફટ કેસીસી ધિરાણ અને અન્ય ટુ.મુ. લોન ભરપાઈ કરવાનો સમયગાળો ૧ વર્ષનો રહેશે. ટુ વ્હીલર અને ફોર વ્હીલર લોન માટે આર.ટી.ઓ. ટેક્ષ તથા ઈન્સ્યોરન્સ સહિતની રકમ ગણાશે અને તે માટે માર્જીન મની ૧૫%, અર્બન બેંકો,પગારદાર મંડળીઓ,રોકડ શાખ પર માર્જીન મની ૧૫%, બેંકની બાંધી મુદત થાપણ સામા અર્બન બેંક, ક્રેડીટ સોસાયટી, કર્મચારીની મંડળીઓ અને દુ.ઉ.સ.મંડળી / સેવા સહકારી મંડળી / સહકારી સંસ્થાને બેંકની બાંધી મુદત થાપણ સામે ૧૦%, પંચ જી.દુ.ઉ.સ માટે ૫% તથા વ્યકિત બાંધી મુદત સામા ઓવર ડ્રાફ્ટ ૧૫ %, એન.એસ.સી અને વિકાસપત્રો સામે ઓવર ડ્રાફ્ટ ૨૫ % પ્રમાણે, દુધાળા ઢોરો માટે માર્જીન મની ૧૦% અને તે સિવાયની તમામ ખેતિ વિષયક અને બિન ખેતિવિષયક મધ્યમ મુદત પર માર્જીન મની ૨૦ % પ્રમાણે રહેશે.

(૨) સહકારી મંડળીઓ / સંસ્થાઓએ નિયત ટકાવારી પ્રમાણે બેંકના વધારાના શેર ખરીદવાના રહેશે.

(૩) બેંકના વ્યકિત નામધારી સભાસદોએ મંજુર લોનની રકમના ધિરાણ માટે બેંક નકકી કરે તે ટકાવારી પ્રમાણે બેંકની બાંધી મુદત થાપણમાં રોકાણ કરવાનું તથા પ્રોસેસીંગ ચાર્જ ચુકવવાનો રહેશે. મેરીટવાળા ધિરાણ ખાતેદારોનાં કિસ્સામાં બાંધી મુદત થાપણ તથા પ્રોસીસીંગ ચાર્જ લેવા માંથી મુકિત આપવાની સત્તા બેંકના ચીફ એકઝીકયુટીવ ઓફીસરને આપવામાં આવેલ છે.

ખેતી વિષયક મધ્યમ મુદત, લાંબી મુદત અને બિન ખેતી વિષયક ધિરાણો

નીચે જણાવેલ વિવિધ હેતુ મુજબના ધિરાણનાં દર (યુનીટ કોસ્ટ બેંકની નીતી) મુજબ માર્જીન, મુદત વિગેરે આપવામાં આવેલ છે.

ખેતી વિષયક મધ્યમ મુદત લોન

અ. નં.	ધિરાણનો હેતુ અને તેની વિગત	નાબાર્ડે મંજુર કરેલ યુનીટ કોસ્ટ (રકમ રૂા.)	માર્જીન	મુદત
૧	નવો કુવો બનાવવા (૨.૫૦ મીટર × ૨૦ મીટર ઉંડાઇ)	૧૭૪૫૦૦	૨૦%	૭ વર્ષ
૨	જુનો કુવો ઉંડો કરવા વધુમાં વધુ ૬૫ ફુટ	૮૦૦૦૦	૨૦%	૭ વર્ષ
૩	નવો બોર કરવા માટે	૫૦૦૦૦	૨૦%	૭ વર્ષ
૪	એન્જીન રૂમ	૬૦૦૦૦	૨૦%	૭ વર્ષ
૫	સીમેન્ટ પાઇપ લાઇન	કવોટેશન મુજબ	૨૦%	૭ વર્ષ
૬	પીવીસી પાઇપ લાઇન	કવોટેશન મુજબ	૨૦%	૭ વર્ષ
૭	ઓઇલ એન્જીન પંપ સેટ (આઇએસઆઇ)			
	(અ) ૩.૦૦ થી ૩.૫૦ હો.પા.	૨૫૦૦૦	૨૦%	૭ વર્ષ
	(બ) ૫.૦૦ હો.પા.	૩૦૦૦૦	૨૦%	૭ વર્ષ

	(ક) ૭.૫૦ હો.પા.	૩૫૦૦૦	૨૦%	૭ વર્ષ
	(ડ) ૧૦.૦૦ હો.પા.	૪૦૦૦૦	૨૦%	૭ વર્ષ
૮	ઈલેક્ટ્રીક મોટર (આઈએસઆઈ)			
	(અ) ૩.૦૦ થી ૩.૫૦ હો.પા.	૨૫૦૦૦	૨૦%	૭ વર્ષ
	(બ) ૫.૦૦ હો.પા.	૩૦૦૦૦	૨૦%	૭ વર્ષ
	(ક) ૭.૦૦ હો.પા.	૪૦૦૦૦	૨૦%	૭ વર્ષ
૯	સબ મર્શી પંપ (આઈએસઆઈ)			
	(અ) ૭.૦૦ હો.પા.	૩૩૦૦૦	૨૦%	૭ વર્ષ
	(બ) ૧૨.૫૦ હો.પા.	૪૫૦૦૦	૨૦%	૭ વર્ષ
	(ક) ૧૫.૦૦ હો.પા.	૪૪૦૦૦	૨૦%	૭ વર્ષ
	(ડ) ૨૫.૦૦ હો.પા.	૫૬૦૦૦	૨૦%	૭ વર્ષ
૧૦	ફાર્મ મીકિનાઈઝેશન (ટ્રેક્ટર)			
	૨૦.૦૦ એચ.પી.	૪૦૦૦૦૦	૨૦%	૭ વર્ષ
	૨૧.૦૦ થી ૩૦.૦૦ એચ.પી.	૬૦૦૦૦૦	૨૦%	૭ વર્ષ
	૩૧.૦૦ થી ૪૦.૦૦ એચ.પી.	૭૦૦૦૦૦	૨૦%	૭ વર્ષ
	૪૧.૦૦ થી ૫૦.૦૦ એચ.પી.	૮૫૦૦૦૦	૨૦%	૭ વર્ષ
	૫૦.૦૦ એચ.પી. ઉપર	૧૦૦૦૦૦૦ થી વધુ	૨૦%	૭ વર્ષ
	થ્રેસર	૧૭૩૬૦૦	૨૦%	૫ વર્ષ
	ટ્રેઈલર	૨૪૨૦૦૦	૨૦%	૭ વર્ષ
	કલ્ટીવેટર	૪૭૯૦૦	૨૦%	૫ વર્ષ
	રોટોવેટર	૧૨૪૯૦૦	૨૦%	૫ વર્ષ
૧૧	ડેરી ડેવલોપમેન્ટ			
	જાફરબાદી ભેંસ (એકના)	૮૦૦૦૦	૧૦%	૫ વર્ષ
	મહેંસાણી ભેંસ (એકના)	૮૦૦૦૦	૧૦%	૫ વર્ષ
	સુરતી ભેંસ (એકના)	૭૦૦૦૦	૧૦%	૫ વર્ષ
	બન્ની ભેંસ (એકના)	૭૦૦૦૦	૧૦%	૫ વર્ષ
	ગીર ગાય (એકના)	૭૫૦૦૦	૧૦%	૫ વર્ષ
	કાકરેજી ગાય (એકના)	૬૫૦૦૦	૧૦%	૫ વર્ષ
	દેશી ગાય (એકના)	૨૦૦૦૦	૧૦%	૫ વર્ષ
	ગીર બળદ જોડ	૩૫૦૦૦	૨૦%	૫ વર્ષ
	કાકરેજ બળદ જોડ	૮૦૦૦૦	૨૦%	૫ વર્ષ
	દેશી બળદ જોડ	૬૦૦૦૦	૨૦%	૫ વર્ષ
	બળદગાડુ	ક્વોટેશન મુજબ	૨૦%	૫ વર્ષ

૧૨	કેટલ શેડ			
	સ્લેબવાળુ (એક ચોરસ ફુટના)	૫૦૦	૨૦%	૫ વર્ષ
	નળીયા/પતરાવાળુ (એક ચોરસ ફુટના)	૪૦૦	૨૦%	૫ વર્ષ
૧૩	સ્ટોરેજ ગોડાઉન			
	૧૦૦ મેટ્રીક ટન (એક મેટ્રીક ટનના)	૭૭૦૦	૨૦%	૫ વર્ષ
	૧૬૦ મેટ્રીક ટન (એક મેટ્રીક ટનના)	૭૨૦૦	૨૦%	૫ વર્ષ
	૨૦૦ મેટ્રીક ટન (એક મેટ્રીક ટનના)	૬૫૦૦	૨૦%	૫ વર્ષ
	૩૦૦ મેટ્રીક ટન (એક મેટ્રીક ટનના)	૬૦૦૦	૨૦%	૫ વર્ષ
૧૪	જે.એલ.જી. તથા એસએચજી ગ્રુપોને	બેંકની નીતી મુજબ	-	૩ વર્ષ સુધી

બિન ખેતી વિષયક ધિરાણો

અ. નં.	ધિરાણનો હેતુ અને તેની વિગત	ધિરાણની પાત્રતા ધોરણ મુજબ	માર્જીન	મુદત
૧	ટુ વ્હીલર અને ફોર વ્હીલર વાહન લોન		૧૫%	૭ વર્ષ સુધી
	જુના ફોર વ્હીલર વાહન લોન	વેલ્યુએશન રીપોર્ટના ૭૦% કે તેથી ઓછી રકમ	૩૦%	૫ વર્ષ સુધી
	કોમર્શીયલ વાહન લોન		૧૫%	૧૦ વર્ષ સુધી
	જુના કોમર્શીયલ વાહન લોન	વેલ્યુએશન રીપોર્ટના ૭૦% કે તેથી ઓછી રકમ	૩૦%	૫ વર્ષ સુધી
	થ્રી વ્હીલર ઇ-રીક્ષા કોમર્શિયલ વાહન લોન	-	૫%	૭ વર્ષ સુધી
૨	સ્થાવર મિલકત સામા કેશ ક્રેડિટ	મિલકતના વેલ્યુએશન કિંમત મુજબ	૩૦%	૧ વર્ષ
	સ્થાવર મિલકત સામા મુદત લોન	મિલકતના વેલ્યુએશન કિંમત મુજબ	૩૦% સુધી	૨૦ વર્ષ
૩	મકાન લોન / ઓફિસ બાંધકામ માટે	એન્જીનીયરના પ્લાન તથા એસ્ટીમેટ મુજબ	૨૦%	૫ થી ૨૦ વર્ષ સુધી
૪	નામધારી સભાસદોને વપરાશી લોન	કવોટેશન મુજબ	૩૦%	૫ વર્ષ સુધી
૫	ઉચ્ચ શિક્ષણ માટે	બેંકની નીતિ મુજબ	-	૫ થી ૧૫ વર્ષ સુધી
૬	કુટિર ઉદ્યોગ, બાજપાઇ યોજના તથા પ્રધાનમંત્રી તથા મુંદ્રા યોજના હેઠળ	બેંકની નીતિ મુજબ	-	૭ વર્ષ
૭	અર્બન બેંકો, ક્રેડીટ સોસાયટીને કેશ ક્રેડીટ તથા ખ.વે. સંઘો, ખે.વિ.મંડળીઓને, દૂધ મંડળીઓને હાઇપો ગુડઝ ખાતર, માલના માર્કેટીંગ તથા વચન ચિઠ્ઠી સામે	માલના નજર તથા સભાસદોની વચનચિઠ્ઠી સામા	૧૫%	૧ વર્ષ ત્યારબાદ રીન્યુઅલ કરાવવી
૮	સરલ કેશ ક્રેડિટ ધિરાણ	બેંકની નીતિ મુજબ	-	૩ વર્ષ (દરેક વર્ષે રીન્યુ કરાવવાની શરતે)
૯	મોર્ગેજ ઓવરડ્રાફ્ટ	બેંકની નીતિ મુજબ	૩૦%	૧ વર્ષ ત્યાર બાદ રીન્યુ કરાવવી.
૧૦	મંડળી સરલ કેશ ક્રેડિટ ધિરાણ	બેંકની નીતિ મુજબ	૩૦%	૩ વર્ષ (દરેક વર્ષે રીન્યુ કરાવવાની શરતે)

આ ઉપરાંત બેંકની ધિરાણની નીતિમાં ખેતી વિષયક હેતુઓ માટે વપરાતા સાધનો કે જેનો નાબાર્ડના પરિપત્રમાં સમાવેશ થયેલ હોય તે માટે નિયમ મુજબ ધિરાણ બેંક તરફથી પુરૂ પાડવામાં આવશે.

શ્રી જેઠાભાઈ ઘેલાભાઈ આહીર
ચેરમેનશ્રી
ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો.ઓ.બેંક લી.
ગોધરા

શ્રી પ્રવિણસિંહ ઉદેસિંહ બારીયા
વાઈસ ચેરમેનશ્રી
ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો.ઓ.બેંક લી.
ગોધરા.

શ્રી રસેષ પી. શાહ
ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર
ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો.ઓ.બેંક લી.
ગોધરા.

નકલ સવિનય જાણ માટે :

૧. માન.શ્રી ચેરમેન, ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો.ઓ. બેંક લી., ગોધરા
૨. માન.શ્રી વાઈસ ચેરમેન, ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો.ઓ. બેંક લી., ગોધરા
૩. શ્રી...માન.ડિરેક્ટરશ્રી, ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો.ઓ. બેંક લી., ગોધરા
૪. શ્રી રજીસ્ટ્રાર સાહેબ, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૫. શ્રી જિલ્લા રજીસ્ટ્રાર સાહેબ, સહકારી મંડળીઓ, ગોધરા/મહીસાગર/દાહોદ.
૬. લીડ બેંક મેનેજરશ્રી, ગોધરા/મહીસાગર/દાહોદ.
૭. શ્રી મેનેજીંગ ડીરેક્ટર સાહેબ, જનરલ મેનેજર, ચીફ ઓફીસર (એગ્રી) ધી જી.એસ.સી.બેંક, અમદાવાદ
૮. શ્રી ચીફ જનરલ મેનેજર / શ્રી આસિ.જનરલ મેનેજર, નાબાર્ડ, અમદાવાદ.
૯. શ્રી ડી.ડી.એમ.નાબાર્ડ, ગોધરા/મહીસાગર/દાહોદ
૧૦. શ્રી જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયત, ગોધરા/મહીસાગર/દાહોદ.
૧૧. શ્રી ચીફ એકઝીકયુટીવ ઓફીસર, જિલ્લા સહકારી બેંક (તમામ)

નકલ રવાના જાણ તથા અમલ માટે :

૧. જનરલ મેનેજરશ્રી, હેડ ઓફીસ, ગોધરા તરફ જાણ તથા અમલ કરાવવા સારૂ.
૨. ડેપ્યુટી જનરલ મેનેજરશ્રી, તરફ જાણ તથા અમલ કરાવવા સારૂ.
૩. સીની.અધિકારીશ્રી/જુની.અધિકારીશ્રી, હેડ ઓફીસ, તમામ વિભાગ તરફ.
૪. એજન્ટશ્રી/ઈન્સ્પેક્ટરશ્રી/આસિ.ઈન્સ્પેક્ટરશ્રી/ફિલ્ડ ક્લાર્કશ્રી, તમામ શાખા તરફ.
૫. ચેરમેનશ્રી/સેક્રેટરીશ્રી, તમામ ખેતી વિષયક સેવા સહકારી મંડળીઓ.

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા-૩૮૯ ૦૦૧.

સ્ટેમ્પ રૂા.300/-

આજરોજ તા...................... ના રોજ આ કુલમુખત્યાર પત્ર લખી આપનાર અમો શ્રી

(૧) ....ઉંમર વર્ષ .... આશરે રહેવાસી............................ધંધો...............

(૨) ....ઉંમર વર્ષ .... આશરે રહેવાસી............................ધંધો...............

(૩) ....ઉંમર વર્ષ .... આશરે રહેવાસી............................ધંધો...............

(૪) ....ઉંમર વર્ષ .... આશરે રહેવાસી............................ધંધો...............

(૫) ....ઉંમર વર્ષ .... આશરે રહેવાસી............................ધંધો...............

અમારા વિશ્વાસુ અને અંગત વ્યક્તિ શ્રી...
ઉ.વર્ષ............આશરે, રહેવાસી...ધંધો........................
ને અમારા કુલમુખત્યાર નીમી અમારા સંયુક્ત નામે ચાલતી નીચે વર્ણવેલ ખેતીની જમીનનો વહીવટ કરવા સત્તા આપીએ છીએ અને કબુલ કરીએ છીએ કે અમારા ઉપરોક્ત કુલમુખત્યારે સદર ખેતીની જમીનને લગતી દરેક પ્રકારની કાર્યવાહી જાણે અમે સર્વેએ જાતે કરેલ છે તેમ ગણશો અને અમો નીચે સહી કરનારાઓને તથા અમારા વંશવાલી વારસોને બંધનકર્તા રહેશે.

સંયુક્ત નામે રહેલ ખેતીની જમીનનું વર્ણન

અ.નં.	ગામ	સર્વે/બ્લોક નં.	સત્તાનો પ્રકાર	ખાતેદારનો નામ	ક્ષેત્રફળ	આકાર
૧						
૨						
૩						
૪						

ઉપર વર્ણવેલ ખેતીની જમીન અંગે અમારા કુલમુખત્યાર નીચે દર્શાવ્યા પ્રમાણેની કાર્યવાહી કરી શકશે જે અમો સર્વેને વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે બંધનકર્તા રહેશે.

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા-૩૮૯ ૦૦૧.

(૧) સદર ખેતીની જમીન અંગે ખેતી કરવા અંગેની બધા જ પ્રકારની કાર્યવાહી જેવીંકે જમીન ખેડવી - પિયત કરવું - વાવણી કરવી, કરાવવી ઉત્પન્નનું વેચાણ કરવું વિગેરે.

(૨) સદર ખેતીની જમીન પર જરૂરી બાંધકામ કરવું - જરૂરી સુધારા વધારા કરવા.

(૩) સદર ખેતીની જમીન અંગે ગ્રામ પંચાયતની ઓફિસમાં, મામલતદાર ઓફિસમાં તથા અન્ય સબંધિત ઓફિસોમાં રજુઆત કરવી, પત્રવ્યવહાર કરવો.

(૪) સદર ખેતીની જમીન પર ભરવાનું થતું મહેસુલ, સરકારી લાગો ભરવો અને તેની પહોંચ મેળવવી.

(૫) સદર ખેતીની જમીન પર ઉપયોગી સાધન સામગ્રી મશીનરી ખરીદવા તેમજ તે માટે સહકારી મંડળી કે સહકારી બેંક વડોદરા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક કે રાષ્ટ્રીયકૃત બેંક કે અન્ય નાણાંકીય સંસ્થાઓ પાસેથી ધિરાણ મેળવવું અને ખેતીની જમીન પર બોજો ઉભો કરવો અને તેની નોંધણી કરવી.

(૬) સદર ખેતીની જમીન પર વિવિધ પ્રકારના પાક ઉગાડવા માટે ધિરાણ દર્શાવેલ સહકારી મંડળી કે નાણાંકીય સંસ્થાઓ પાસેથી ધિરાણ મેળવવા માટે તેને લગતી તમામ પ્રકારની કાર્યવાહી જેવી કે ધિરાણ દસ્તાવેજો કરી આપવા તથા જમીન પર બોજો ઉત્પન્ન કરવા એકરારનામું સહી કરી આપવું.

(૭) ટૂંકમાં સદર ખેતીની જમીન પર ખેતીના વિકાસ માટે જરૂરી જે કાંઈ પણ કાર્યવાહી કરવાની હોય તે કરવા માટે અમારા કુલમુખત્યારને અધિકાર આપવામાં આવે છે.

(૮) સદર ખેતીની જમીનો કાર્યક્ષેત્રની બેન્કોને તારણમાં આપી તેની ઉપર બોજો ઉત્પન્ન કરી એકરારનામું સહી કરી આપી ખેતી વિષયક તેમજ બિનખેતી વિષયક ધિરાણ મેળવી શકશે.

(૯) સદર ખેતીની જમીન હેઠળ અન્ય કરજદારના જામીન થઇ શકશે.આ કુલમુખત્યાર પત્ર રદ્દ ન કરી શકાય તેવા પ્રકારનું છે અને જ્યા સુધી અમારા સર્વે તરફથી તે રદ્દ કરવામાં આવ્યું છે તે પ્રકારની જાણ જે તે સંસ્થા કે વ્યકિતને લેખીતમાં કરવામાં ન આવે ત્યાં સુધી અમલમાં રહેશે અને કુલમુખત્યારે સદર સમય દરમ્યાન કરેલ ઉપર દર્શાવેલ કાર્ય /કાર્યો અંગે અમે નીચે સહી કરી આપનારા સંયુક્ત અને વ્યક્તિગત રીતે જવાબદાર રહીશું.આ કુલમુખત્યારપત્ર અમો નીચે સહી કરનારાઓએ અમારી રાજી ખુશીથી શુદ્ધબુદ્ધિથી કોઈપણ જાતના દાબ-દબાણ કે ધમકીને વશ થયા સિવાય સભાન અવસ્થામાં નીચે દર્શાવેલ સાક્ષીઓની રૂબરૂમાં નીચે દર્શાવેલ સ્થળે અને તારીખે લખી આપેલ છે. જે અમો સર્વેને તથા અમારા વંશ-વાલી વરસોને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

કુલમુખત્યારપત્ર લખી આપનારની સહીઓ

સ્થળ :

તારીખ :

(૧) ....

(૨) ....

(૩) ....

(૪) ....

(૫) ....

સાક્ષીઓ

૧. નામ
સરનામું
સહી

૨. નામ
સરનામું
સહી

કુલમુખત્યારપત્ર સ્વીકારનારની સહી

....

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા–૩૮૯ ૦૦૧.

કેસીસી ધિરાણ મેળવતા ખેડૂતોને જ્યોર્તિગમય અકસ્માત વિમા યોજના (JAVY) હેઠળ બેંક દ્વારા વિમા કવચ

કેસીસી ધિરાણ મેળવતા નિયમિત ખેડૂતોને એક વર્ષ માટે રૂા.૧/– લાખનો અકસ્માત વિમો.

અકસ્માત વિમાની રૂપરેખા નીચે જણાવેલ મુજબ

અ.નં.	કવરેજ/લાભો/નીતી વિશેષતા	વિગતો	વય મર્યાદા
૧	અકસ્માતથી મૃત્યુ	૧૦૦% વિમા રાશી	૧૮ થી ૮૦ વર્ષ
૨	અકસ્માતથી બંને અંગો, બંને આંખો અથવા એક અંગ અને એક આંખનું નુકશાન	૧૦૦% વિમા રાશી	
૩	અકસ્માતથી એક અંગ અથવા એક આંખનું નુકશાન	૫૦% વિમા રાશી	

* આ યોજના હેઠળ ખેડૂતોનું વિમા પ્રિમિયમ બેંક દ્વારા ભરવામાં આવે છે.
* અકસ્માતથી થયેલ મૃત્યુ/કાયમી અપંગતા અંગે સંલગ્ન શાખાને તુરંત સંપર્ક કરી જાણ કરવાની રહેશે.

નોંધ :- વિમા કંપનીની પોલીસી/નીતી નિયમોને તેમજ બેંકે લીધેલ વિમા પોલીસીના સમયગાળાને આધીન વિમા કવરેજ રહેશે.

Book-Post

(પ્રિન્ટેડ મેટર)

શ્રી ______________________________

____

મુકામ ______________ તાલુકો ______________

જિલ્લો ______________________________

ધી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંક લિ., ગોધરા

હેડ ઓફિસ, ગાંધી ચોક, ગોધરા–૩૮૯ ૦૦૧.

ફોન : ૨૫૦૮૫૩, ૨૪૦૯૫૨, ૨૪૯૨૪૭, ૨૪૧૫૫૭

ફેક્સ : ૦૨૬૭૨–૨૪૨૭૫૦

ઈ–મેઈલ : loan@pdcbank.in